દૈનિક
# મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 214 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 September 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
બુધવાર, ૯ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

‘હીરાબાનાં લાલ મારા ભારતના લાલ છે, એણે મને માયા લગાડી રે...’ ગીત મોદીના રૅમ્પ વૉક વખતે વાગ્યું

# અમુક લોકો વિકાસથી ખુશ નથીઃ મોદી



## ઉત્તર પ્રદેશના દાદરીથી નવી મુંબઈના જવાહરલાલ નહેરુ પૉર્ટને જોડતા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ત્રણ સેક્શનનું લોકાર્પણ કરતા વડા પ્રધાને વિપક્ષોને બરાબરના ઝાટક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના વડોદરામાં મંગળવારે ૩૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો, ઉદ્ઘાટન કર્યું અને રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. વડા પ્રધાનનો આ કાર્યક્રમ જેન-ઝી એટલે કે યુવાપેઢીને સંબોધવાની દૃષ્ટિએ મહત્ત્વનો માનવામાં આવે છે. વડા પ્રધાન માટે ખાસ બનાવેલા ‘વાય’ આકારના સ્ટેજમાં તેમણે રૅમ્પ વૉક કરી આસપાસમાં ઊભેલી યુવાપેઢીનું અભિવાદન ઝીલ્યું છે. આ જ સમયે અહીં ગાયકો દ્વારા ‘હીરાબાનાં લાલ મારા ભારતના લાલ છે, એણે મને માયા લગાડી રે...’ગીત ગાવામાં આવ્યું હતું. યુવાનોએ પોસ્ટર અને તાળીઓ દ્વારા વડા પ્રધાનનું સ્વાગત કર્યું હતું.

### શું બોલ્યા વડા પ્રધાન?

- ચિપ્સથી લઈને શિપ્સ સુધી, ભારત હવે એક નવું ઉત્પાદન ભવિષ્ય બનાવી રહ્યું છે
- યુવાનોને ભરમાવવાવાળા ચારેકોર છે, પણ યુવાનો સત્યની સાથે છે
- હવે ‘અટકતી, લટકતી, ભટકતી’ ફાઈલોનો યુગ ગયો, હવે દેશમાં રેકોર્ડબ્રેક ગતિએ કામ થાય છે.

ઉત્તર પ્રદેશના દાદરીથી નવી મુંબઈના જવાહરલાલ નહેરુ પૉર્ટને જોડતા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનાં ત્રણ સેક્શનનું લોકાપર્ણ કરતા મોદીએ કહ્યું હતું કે, હવે નારાજ ફુવાજી (રાહુલ ગાંધી સહિતનો વિપક્ષ) બૂમો પાડશે કે હવે ટ્રકવાળાઓનું શું થશે? અમુક લોકો વિકાસથી ખુશ નથી થતા.

આ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પર ડબલડેકર કન્ટેનરવાળી માલગાડી દોડશે.

વડા પ્રધાને પોતાના સંબોધનમાં તેમની સરકારના કામકાજના લેખાજોખા સાથે વિપક્ષને પણ આડે હાથ લીધો હતો. આ સંબોધનમાં વડા પ્રધાન મોદીએ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પ્રોજેક્ટમાં કોંગ્રેસ શાસનમાં થયેલા વિલંબને મામલે અગાઉની સરકારો સામે આકરા પ્રહારો કર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે આજે જે યુવાનો અહીં ઉપસ્થિત છે, તેમાંથી ઘણાંનો તો કદાચ જન્મ પણ નહીં થયો હોય જ્યારે વર્ષ ૨૦૦૪માં આ ફ્રેઈટ કોરિડોરનો વિચાર રજૂ થયો હતો અને ૨૦૦૬માં કંપની બની હતી, પરંતુ ૨૦૧૪ સુધી માત્ર ફાઇલો એક ટેબલ પરથી બીજા ટેબલ પર ફરતી રહી. જોકે, હવે ‘અટકતી, લટકતી, ભટકતી’ ફાઇલોનો યુગ ગયો, હવે દેશમાં રેકોર્ડબ્રેક ગતિએ કામ થાય છે.

તેમણે વિપક્ષો તરફ ઈશારો કરતા તેમને નારાજ ફુવાજી કહ્યા હતા અને કટાક્ષ કરતા જણાવ્યું હતું કે હવે આ

(જુઓ પાનું ૨) ▸▸

## પૈસાની છાકમછોળઃ ખર્ચ કરવામાં સુરતીઓનો જોટો જડે એમ નથી

નવી દિલ્હીઃ વર્ષોથી ભારતમાં ઘર ખર્ચ મામલે દેશનાં સૌથી મોટા મહાનગરો મુંબઈ, બેંગલુરુ, દિલ્હી, ચેન્નઇ, હૈદરાબાદ અને કોલકાતા આગળ રહેતા હતા પરંતુ હવે સુરત શહેર ઘર ખર્ચ મામલામાં મહાનગરથી પાછળ રહે એમ નથી.

સુરત ભારતના ખર્ચ માર્કેટમાં સાતમા સ્થાન પર છે પરંતુ દેશના છ મોટા મહાનગરો સિવાય આ સૌથી મોટું બજાર છે. આ એક મહત્ત્વપૂર્ણ સંકેત છે કે ભારતમાં લોકોનો ખર્ચ પરંપરાગત મહાનગર કેન્દ્રોથી આગળ વધી રહ્યો છે. મોટાં મહાનગર જેટલી વસ્તી અને યુવાઓની મોટી સંખ્યા ધરાવતા સુરતમાં ૩૪ અબજ ડોલરનું વપરાશ બજાર છે, જે અમદાવાદ અને પુણેને પણ પાછળ છોડી દે છે. ‘ધ મની અર્બન ઇન્ડિયા’ રિપોર્ટ અનુસાર, સુરતમાં પ્રત્યેક પરિવાર સરેરાશ ખર્ચ બેંગ્લૂરુ કરતા વધારે છે.

રિપોર્ટ અનુસાર, સુરતમાં મધ્યમ અને વધુ આવક ધરાવતા પરિવારોની સંખ્યા ભારતમાં સૌથી વધુ છે અને તે ઝડપથી વધી પણ રહી છે. આ કારણે શહેરમાં ટેક્સટાઈલ પર આધારિત ઉદ્યોગસાહસિકતા, હીરાનો વેપાર અને સ્થળાંતર કરીને આવેલા લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો આવ્યો છે.

સુરતમાં પરિવારોની સરેરાશ આવક હૈદરાબાદ, ચેન્નઈ અને કોલકાતા કરતા પણ વધુ છે. બેંગ્લૂરુ અને ચંડીગઢમાં દેશની સૌથી વધુ સરેરાશ ઘરેલું આવક લગભગ ૨૮ લાખ રૂપિયા છે, જ્યારે પુણે, તિરુવનંતપુરમ અને સુરત જેવા શહેરો આ મામલામાં ‘બિગ સિક્સ’ (છ મોટાં શહેરો)માંથી ત્રણથી આગળ છે.

ભારતનો શહેરી મધ્યમ વર્ગ ઝડપથી વિસ્તરી રહ્યો છે. ટોચના ૧૦૦ શહેરોમાં મધ્યમ આવક

(જુઓ પાનું ૨) ▸▸

## પીએમ આવ્યા પહેલાં પીએમઓના નકલી કાર્ડ, રિવોલ્વર સાથે બે પકડાતાં ચકચાર

### સોમવારે બીકેસીના મૉલમાંથી પકડાયેલાઓમાં ખારનો ગુજરાતી પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)માં ફિનટેક ફેસ્ટનું મંગળવારે સાંજે ઉદ્ઘાટન કર્યું તેની પૂર્વસંધ્યાએ સોમવારે જ નજીકના મૉલમાં પીએમઓ (પ્રાઈમ મિનિસ્ટર ઑફિસ)નું નકલી આઈ-કાર્ડ અને રિવોલ્વર સાથે પ્રવેશેલા ગુજરાતી સહિત ત્રણ જણને કારણે ભારે ચકચાર મચી હતી. સુરક્ષાવ્યવસ્થાને લઈ સવાલ થતાં પોલીસે ઝડપી કાર્યવાહી કરી ખારમાં રહેતા ગુજરાતી સહિત બેની ધરપકડ કરી હતી. જોકે આ ઘટનાને વડા પ્રધાનની મુંબઈ મુલાકાત સાથે કશી લેવાદેવા ન હોવાનો દાવો બાદમાં પોલીસે કર્યો હતો.

ક્રાઈમ ઈન્ટેલિજન્સ યુનિટે (સીઆઈયુ) ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ રોહન પ્રેમલ પરીખ (૨૪) અને દિલીપ રાજારામ કુંદે (૪૯) તરીકે થઈ હતી. મંગળવારે કોર્ટે બન્ને આરોપીને ૧૧ સપ્ટેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપીઓના એક મિત્ર ગણેશ બાગુલ (૨૬)ની પોલીસ શોધ ચલાવી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ રોહન,

(જુઓ પાનું ૨) ▸▸

## સઉદીનાં તેલ મથકો પર હુમલા

કાઇરોઃ ઇરાનનું પીઠબળ ધરાવતા યમનમાંના હુતી બળવાખોરોએ મંગળવારે સઉદી અરેબિયાના અનેક શહેરમાંની ઑઇલ ફેસિલિટીઝ અને યુટિલિટીઝ પર કરેલા હુમલાને લીધે ભીષણ આગ લાગી હતી અને ૭૦થી વધુ જણ ઘાયલ થયા હતા.

સઉદી અરેબિયા અખાતના યુદ્ધમાં અમેરિકાનું મહત્ત્વનું સાથી ગણાય છે અને ઇરાન યમનના બળવાખોરોની મદદથી તેની સામે પરોક્ષ રીતે પણ

(જુઓ પાનું ૨) ▸▸

## બીએપીએસ ગ્રૂપની મુલાકાત વખતે આઈફિલ ટાવરની મહિલા કર્મચારીઓને હટાવાતા વિવાદ

▸ મહિલા કર્મચારીઓ વિરોધમાં હડતાળ પરઃ પેરિસના મેયરે પણ ઘટનાને વખોડી, મંદિરે માફી માગી

લંડનઃ બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા (બીએપીએસ)ના અંદાજે ૧૦૦ જણના ગ્રૂપની આઇફિલ ટાવરની શનિવારની મુલાકાત વખતે મહિલા કર્મચારીઓને ત્યાંથી દૂર રખાતા સ્ટાફની મહિલાઓ સોમવારે હડતાળ પર ઊતરી હતી.

પેરિસના મેયરે પણ આ ઘટનાને વખોડી હતી, જ્યારે પેરિસમાંના બીએપીએસ મંદિરે પણ માફી માગી હતી.

આઇફિલ ટાવરના કર્મચારીઓની યુનિયનના ડિયાન ડેવોઇને ફ્રેંચ ટેલિવિઝનને જણાવ્યું હતું કે હિંદુઓનું એક ગ્રૂપ ટાવરની મુલાકાતે આવ્યું ત્યારે ત્યાં ફરજ બજાવતી મહિલાઓને ‘દૂર કરાઇ’ હતી. તેના વિરોધમાં આ હડતાળ પડાઇ હતી.

આઇફિલ ટાવરના કર્મચારીઓએ આ ઘટનાને વખોડી હતી અને આક્ષેપ કર્યો હતો કે હિંદુઓના આ ગ્રૂપે ટાવરની મુલાકાત લીધી ત્યારે ત્યાંની મહિલા કર્મચારીઓને ફરજની જગ્યા પરથી દૂર કરાઇ હતી, તેઓની બદલી કરાઇ હતી અથવા તેઓને અન્ય લોકો જોઇ ન શકે એવી જગ્યાએ રખાઇ હતી. આ પ્રકારનું વર્તન જાતીય ભેદભાવવાળું ગણાય અને અમે તેનો વિરોધ કરીએ છીએ.

આઇફિલ ટાવરનું સંચાલન કરતી કંપની ‘એસઇટીએ’એ જણાવ્યું હતું કે હિંદુ પ્રતિનિધિમંડળે અમને વિનંતિ કરી હતી કે અમારી મુલાકાત વખતે મહિલાઓ સાથે સંપર્કમાં આવવું ન પડે

(જુઓ પાનું ૨) ▸▸

## એચ-વનબી વિઝા ફી ૧,૦૩,૨૬૫ ડૉલર કરવાના પ્રસ્તાવને ટ્રમ્પનો ટેકો

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચોક્કસ પ્રકારના એચ-વનબી વિઝાની અરજી માટે વિઝા ફી ૧,૦૩,૨૬૫ ડૉલર કરવાના પ્રસ્તાવને ટેકો જાહેર કર્યો હતો.

આ પગલું અમેરિકન કંપનીઓને નોકરી આપવા વિદેશીઓ તરફ વળતાં પહેલાં કુશળ સ્થાનિક લોકોને કામ પર રાખવા અને અમેરિકન કામદારોને તાલીમ આપવા પ્રોત્સાહન આપશે, એમ તેમણે કહ્યું હતું.

એચ-વનબી વિઝાના ઉલ્લેખે રાજકીય રીતે સંવેદનશીલ એવા અમેરિકાના ઈમિગ્રેશન પ્રોગ્રામને ટ્રમ્પના લૅબર ડેના સંદેશાના કેન્દ્રસ્થાને મૂકી દીધો હતો.

અન્યથા ટ્રમ્પના લૅબર ડેના સંદેશામાં અમેરિકાના ઉત્પાદન, વેપાર અને સ્થાનિક લોકોની નોકરી બચાવવા જેવા મુદ્દા કેન્દ્રસ્થાને રહ્યા હોત.

અમેરિકાની ટૅક્નોલૉજી કંપનીઓ દ્વારા ઉચ્ચ કુશળતા ધરાવતા વિદેશી વ્યાવસાયિકોને નોકરી પર રાખવા

(જુઓ પાનું ૨) ▸▸

## બિલ્ડર પાસેથી ૧૫ લાખ માગવા બદલ સુરત પોલીસે એક્સટોર્શન કેસમાં ચારને પકડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હિસ્ટ્રીશીટર સાગર સોનાવણે ઉર્ફે મણિયો ડુક્કર, અને ત્રણ અજાણ્યા માણસોએ કથિત રીતે એક પ્રોપર્ટી ડીલરને ધમકી આપી અને હુમલો કર્યો અને લિંબાયતમાં બાંધકામ ચાલુ રાખવા માટે ૧૫ લાખ રૂપિયાની માગણી કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ફરિયાદ મુજબ, આ ઘટના ૧૮ ઓગસ્ટના રોજ દ્વારકેશનગર સોસાયટીમાં બની હતી, જ્યાં ફરિયાદી રાજેશ ચૌરસિયા ફ્લેટ બનાવી રહ્યા હતા. ચૌરસિયાએ પોલીસને જણાવ્યું હતું કે ચાર માણસો પહેલા સવારે ૧૧ વાગ્યાની આસપાસ સ્થળ પર પહોંચ્યા હતા, કામદારો સાથે ગેરવર્તન કર્યું હતું અને જો માલિકને બોલાવવામાં નહીં આવે તો તેમને મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે તેઓ બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ પાછા ફર્યા, ત્યારે ચૌરસિયાએ સોનાવણેને ઓળખી કાઢ્યા હતા. સોનાવણેએ કથિત રીતે ૧૫ લાખ રૂપિયાની માગણી કરી હતી અને કહ્યું હતું કે ચુકવણી પછી જ બાંધકામ ચાલુ રાખી શકાશે. જ્યારે ચૌરસિયાએ ઇનકાર કર્યો, ત્યારે આરોપીએ તેના પર કથિત હુમલો કર્યો અને છરીથી ધમકી આપી.

પોતાની સલામતીના ડરથી, ચૌરસિયાએ ૧૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા. બાકીના પૈસા પછીથી આપવા આરોપીઓએ કહ્યું હતું. અગાઉ ચૌરસિયાએ પોલીસને જાણ કરી ન હતી, પરંતુ આરોપી જય દલાલની હત્યામાં સંડોવાયેલો હોવાની જાણ થતા તેણે પોલીસ ફરિયાદ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

લિંબાયત પોલીસે સોનાવણે અને ત્રણ અજાણ્યા માણસો સામે ખંડણી, હુમલો અને ધમકી આપવાના આરોપસર કેસ નોંધ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે સોનાવણે સામે હત્યા સહિત ૧૪ થી વધુ ગંભીર ગુના નોંધાયેલા છે. તેને અગાઉ સુરતમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો અને પાસા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યો હતો. ■

## રાજયમાં ૧૦ કે તેથી વધુ શ્રમયોગીઓ ધરાવતા એકમો માટે શ્રમ સેતુ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં શ્રમિકોની સુરક્ષા, આરોગ્ય અને કામકાજની સ્થિતિને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશથી શ્રમ આયુક્તની કચેરી દ્વારા શ્રમ સેતુ પોર્ટલ પર શ્રમિકોની નોંધણીને ફરજિયાત બનાવવામાં આવી છે. કેન્દ્ર સરકારના ‘ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કંડિશન કોડ, ૨૦૨૦’ અને ગુજરાત સરકાર દ્વારા લાગુ કરાયેલા નિયમો અંતર્ગત હવે ૧૦ કે તેથી વધુ શ્રમયોગી ધરાવતા તમામ કારખાના, બાંધકામ સ્થળો, ઔદ્યોગિક તેમજ વ્યાપારી સંસ્થાઓ માટે ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત રહેશે.

રાજ્યની તમામ પાત્રતા ધરાવતી સંસ્થાઓ સરળતાથી નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરી શકે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા કાર્યરત કરવામાં આવેલા શ્રમ સેતુ પોર્ટલ મારફતે અરજી કરવાની રહેશે. આ જોગવાઈ મુજબ, નવી સ્થપાતી સંસ્થાઓએ કોડ લાગુ થયાના ૬૦ દિવસની અંદર ‘ફોર્મ-૧’ ઓનલાઈન ભરીને નોંધણી પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. જ્યારે જૂના શ્રમ કાયદા હેઠળ પહેલેથી નોંધાયેલી હાલની ચાલુ સંસ્થાઓએ કોડ અમલમાં આવ્યાના ૧૮૦ દિવસની અંદર ‘ફોર્મ-૧’ ઓનલાઇન ભરીને પોતાનું નોંધણી પ્રમાણપત્ર ફરજિયાતપણે અપડેટ કરાવવાનું રહેશે.

આ ઉપરાંત, તમામ માલિકોએ મેળવેલું નોંધણી પ્રમાણપત્ર સંસ્થાના મુખ્ય સ્થળે પ્રત્યક્ષ અથવા ડિજિટલ સ્વરૂપે સ્પષ્ટ દેખાય તે રીતે પ્રદર્શિત કરવું અનિવાર્ય રહેશે. સંબંધિત કાર્યક્ષેત્રની તમામ સંસ્થાઓ નિર્ધારિત સમયમર્યાદામાં આ પ્રક્રિયા પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા શ્રમ આયુક્તની કચેરીની યાદીમાં જણાવાયું છે. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતીય સંસ્કૃતિ સ્ત્રીઓનાં મોં નહીં જોવાનું શીખવે છે?

**ગયા** વર્ષે ડિસેમ્બરમાં ન્યૂ ઝીલેન્ડમાં ઓકલેન્ડમાં સ્થાનિક લોકોએ શીખો રસ્તા પર ફરીને નગર કીર્તન કરે તેનો ઉગ્ર વિરોધ કર્યો હતો. શીખો રસ્તા પર ફરતા હતા ત્યારે જ સ્થાનિકો તેમની સામે આવી જતાં શીખોને કિર્તનનો સંકેલો કરી લેવા પડ્યો હતો. ઓકલેન્ડમાં જાહેર રસ્તા પર કીર્તનનો વિરોધ કરનારા

ડેસ્ટિની ચર્ચના વડા 'અપોસ્ટલ બિશપ' બ્રાયન તામાકી સહિતના નેતાઓએ ખુલ્લી ધમકી આપેલી કે, ભારતીયો જાહેરમાં ધાર્મિક સરઘસો કાઢીને લોકોને પરેશાન કરે એવું નહીં ચાલે ને ન્યૂ ઝીલેન્ડને ભારત નહીં બનવા દેવાય. ભારતીયોનાં લખ્ખણ નહીં બદલાય તો તેમને દેશ છોડીને જવાની ફરજ પડાશે. સોશ્યલ મીડિયા પર ન્યૂ ઝીલેન્ડનાં લોકોએ આ વાતને ટેકો આપેલો ને સૌનો મત એવો જ હતો કે, તમારી ધાર્મિક માન્યતાઓના કારણે ટ્રાફિક જામ થાય કે બીજાંને તકલીફ પડે એવું બધું ભારતમાં ચાલતું હશે પણ અમારે ત્યાં નહીં ચાલે.

હવે આ જ પ્રકારની ઘટના ફ્રાન્સની રાજધાની પેરિસમાં બની છે. બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ)એ પેરિસમાં ભવ્ય સ્વામિનારાયણ મંદિર બનાવ્યું છે તેથી ભારતમાંથી મોટી સંખ્યામાં બીએપીએસના સાધુઓ અને અનુયાયીઓ પેરિસ ગયા છે. આ અનુયાયી-સાધુઓનું લગભગ ૧૦૦ માણસોનું એક જૂથ પેરિસના જગવિખ્યાત આઇફિલ ટાવરની મુલાકાતે ગયેલું. આઇફિલ ટાવરનો કારભાર સોસિએતી દ'એક્સપ્લોઈટેશન દ લા ટુર આઇફિલ (એસઈટીઈ) નામની કંપની કરે છે. આ કંપની સાથે અગાઉથી કરાયેલા ગોઠવણ પ્રમાણે, બીએપીએસના અનુયાયીઓ-સાધુ એફિલ ટાવર ગયા ત્યારે મહિલા કર્મચારીઓને ફરજ પર હાજર નહોતી રખાઈ કેમ કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુઓ મહિલાઓનાં મોં જોતા નથી. સાધુઓની સગવડ સાચવવા માટે કેટલીક મહિલા કર્મચારીઓની શિફ્ટ બદલી દેવાયેલી તો કેટલીક મહિલાઓને પરાણે રજા પર ઉતારી દેવાયેલી. જેમને ફરજિયાત બોલાવવી પડે એમ હતી એ મહિલાઓને પણ સૂચના અપાયેલી કે, બીએપીએસનું ટોળું આવે ત્યારે કોઈ મહિલાએ તેમની નજરે ચડવાનું નથી.

કારભારી કંપનીએ સત્તાવાર રીતે કોઈ સૂચના નહોતી આપી પણ કુલડીમાં ગોળ ભાંગીને મૌખિક સૂચનાઓ આપેલી. રવિવારે રજા મળતી હોવાથી મોટા ભાગની મહિલાઓએ ખુશ થઈને લઈ લીધી કેમ કે રવિવારે વધારે પ્રવાસી આવે તેથી વધારે કામ હોય. શિફ્ટમાં ચેન્જ સામાન્ય છે તેથી તેની સામે પણ ઊહાપોહ ના થયો પણ સાધુઓ આવ્યા ત્યારે મહિલા કર્મચારીઓને તેમના વર્ક સ્ટેશન પરથી હટાવી દેવામાં આવી અને તેમની જગ્યાએ પુરુષ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા તેમાં બબાલ થઈ ગઈ. મહિલા પ્રવાસીઓને પણ અંદર નહોતી પ્રવેશવા દેવાઈ એવી ફરિયાદ ઊઠી છે.

હટાવી દેવાયેલી મહિલા કર્મચારીઓએ યુનિયનમાં જઈને ફરિયાદ કરી જ્યારે પ્રવેશ નહોતો મળ્યો તેમણે સત્તાવાળાઓને ફરિયાદ કરીને સોશ્યલ મીડિયા પર પણ લખ્યું તેમાં બબાલ મચી છે. યુનિયને મહિલાઓને ફરજ પરથી દૂર રાખવી ખુલ્લો ભેદભાવ અને મહિલાઓનું અપમાન હોવાનું જાહેર કરીને હડતાળ પાડી દેતાં સોમવારે આઇફિલ ટાવર બંધ કરી દેવો પડ્યો. આઇફિલ ટાવર દુનિયામાં હોટેસ્ટ ટુરિસ્ટ ડેસ્ટિનેશન્સમાંથી એક છે તેથી સોમવારે પણ હજારો લોકો ઊમટી પડેલાં પણ બધાંએ ધોયેલા મૂળાની જેમ પાછા જવું પડ્યું.

પ્રવાસીઓએ પણ સોશ્યલ મીડિયા પર આ વિશે લખ્યું તેથી આ વિવાદ વધારે ચગ્યો છે. કેટલાક રાજકારણીઓ પણ વિવાદમાં કૂદ્યા છે અને તેમણે પણ કંપનીને ધોઈ નાખી છે. પેરિસના મેયર ઈમેન્યુઅલ ગ્રેગોઇરે 'એક્સ' પર આ વર્તનને અક્ષમ્ય ગણાવીને પગલાં લેવાની જાહેરાત કરી તેને પણ લોકો ટેકો આપી રહ્યાં છે. સોશિયલ મીડિયા પરનો આક્રોશ જોયા પછી ફફડેલી કારભારી કંપની એસઈટીઈ અને બીએપીએસ બંનેએ માફી માગી છે. કંપનીએ સ્વીકાર્યું કે હિન્દુ ડેલિગેશને ટાવરની મુલાકાત દરમિયાન મહિલાઓ સાથે વાતચીત ઓછી થાય એવી ગોઠવણ કરવા વિનંતી કરી હતી તેથી મહિલાઓને દૂર કરાઈ હતી પણ કંપનીએ આ શરતો સ્વીકારવી જોઈતી ન હતી.

બીએપીએસ મંદિરે પણ પોતાના સાધુઓની મુલાકાત દરમિયાન પડેલી કોઈ પણ તકલીફ કે અગવડ બદલ માફી માગી છે. બીએપીએસનું કહેવું છે કે, બીએપીએસનું જૂથ મોટું હોવાથી આઇફિલ ટાવર ખુલે ત્યારે જ મુલાકાતનો સમય નક્કી કરાયેલો કે જેથી કોઈને અગવડ ના પડે કે તકલીફ ના થાય. અમારી મુલાકાત દરમિયાન કોઈને અંદર જતાં રોકવામાં નહોતાં આવ્યાં. બીએપીએસે તો પોતે પરસ્પર સન્માન અને સેવાનાં સાર્વત્રિક મૂલ્યોમાં વિશ્વાસ ધરાવે છે એવો દાવો પણ કર્યો છે.

બીએપીએસની માફી પછી આ વિવાદ શમી જાય એવી પૂરી શક્યતા છે પણ આ વિવાદે ફરી એક વાર ભારતીયોને શરમજનક સ્થિતિમાં મૂકી દીધા છે. પેરિસમાં રવિવારે સ્વામિનારાયણ મંદિરના ઉદઘાટન માટે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખાસ વીડિયો સંદેશ દ્વારા બીએપીએસને અભિનંદન આપ્યા હતા. આ ઘટનાને ભારત-ફ્રાન્સ સંબંધોમાં એક નવો અધ્યાય ગણાવીને લખેલું કે, બીએપીએસ દ્વારા શરૂ કરાતાં મંદિરોથી વિદેશમાં ભારતની પ્રાચીન વિચારધારા અને માનવીય મૂલ્યોનો પણ પ્રચાર થાય છે.

સ્વામીનારાયણ સંપ્રદાય આમ તો બસ્સો વર્ષ જ જૂનો છે ને તેને પ્રાચીન ભારતીય પરંપરા સાથે કંઈ જ લેવાદેવા નથી પણ સાધુઓનું વર્તન જોયા પછી સવાલ થાય કે, આ કેવા પ્રકારનાં ભારતીય મૂલ્યો અને ભારતીય પરંપરા છે? ભારતીય સંસ્કૃતિ કે સભ્યતા સ્ત્રીઓથી દૂર રહેવાનું કહે છે કે શીખવે છે ? બિલકુલ નહીં. હિંદુ પરંપરામાં તો સ્ત્રીઓ વિદૂષી પણ હતી ને શાસક પણ હતી.

સ્વામીનારાયણ સંપ્રદાયમાં સાધુઓને સ્ત્રીઓથી દૂર રખાય છે. તેનું કારણ એ અપાય છે કે, સંપ્રદાયમાં નૈતિક ચારિત્ર્ય અને પવિત્રતા જાળવવા માટે સ્ત્રીઓ અને પુરુષોએ પરસ્પર મર્યાદા રાખવી જરૂરી હોવાથી સાધુઓને સ્ત્રીઓથી અલગ રખાય છે. સવાલ એ છે કે, આ સંપ્રદાયને પોતાના સાધુઓના ચારિત્ર્ય અને પવિત્રતા પર ભરોસો નથી કે પછી સ્ત્રીઓને ચારિત્ર્ય અને પવિત્રતા બગાડનારી હલકી માનવામાં આવે છે ? આવી માન્યતાઓ હિંદુ સંસ્કૃતિમાં તો નથી જ. આપણે તો માતાને સૌથી ઉચ્ચ દરજ્જો આપીને પૂજનારી પ્રજા છીએ, સ્ત્રીને શક્તિનું સ્વરૂપ માનીને આરાધના કરનારી પ્રજા છીએ.

દરેક સંપ્રદાયની પોતાની માન્યતાઓ હોય ને સંપ્રદાયને અનુસરનારા તેમાં માને તેમાં આપણને વાંધો નથી પણ વિદેશમાં ધાગડિયા ના કરો. તમારાં મંદિરોમાં, ઘરોમાં જે કરવું હોય એ કરો પણ વિદેશમાં તો માપમાં રહો. વિદેશમાં થતા આવા ધાગડિયાના કારણે હિંદુ સંસ્કૃતિ અને પરંપરા બદનામ થાય છે. હિંદુ સંસ્કૃતિમાં સ્ત્રીઓને ઊતરતી કક્ષાની ગણવામાં આવે છે એવી છાપ પડે છે. ખરેખર તો આ હિંદુ ધર્મનું અપમાન કહેવાય પણ કમનસીબે તેની સામે કોઈ બોલી રહ્યું નથી.

આ વિવાદ ભારતમાં હિંદુત્વના નામે કેવો દંભ ચાલે છે તેનો પણ નાદાર નમૂનો છે. સંસારનો ત્યાગ કરીને સાધુ બનનારા સાધુઓ લોકોને આત્મા ને પરમાત્માનાં ચૂરણ ચટાડે છે, લખ ચોરાસીના ફેરામાંથી મુક્ત થઈને મોક્ષ પામવા મથવું જોઈએ એવા ઉપદેશો આપે છે, ભૌતિક સુખસગવડોથી દૂર રહેવાનાં જ્ઞાન પિરસે છે. સ્વામિનારાયણના સાધુઓ પણ આવા ઉપદેશ આપે જ છે પણ એફિલ ટાવરના મોહમાંથી પોતે જ બહાર નથી આવ્યા. આ સાધુઓ આઇફિલ ટાવર જોયા વિના શું રહી ગયેલા? એફિલ ટાવરના જોયો હોય તો મોક્ષ ના થાય કે અક્ષરધામમાં ના જવાય? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, બુધવાર, તા. ૯-૯-૨૦૨૬, શિવરાત્રિ, બુધ પૂજન

ભારતીય દિનાંક ૧૮, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ વદ-૧૩
જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ વદ-૧૩
પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
મીસરી રોજ ૨૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
નક્ષત્ર આશ્લેષા બપોરે ક. ૧૩-૧૩ સુધી, પછી મઘા
ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૩-૧૩ સુધી, પછી સિંહમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૮, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ સવારે ક. ૧૦-૪૯, રાત્રે ક. ૨૨-૫૬
ઓટઃ સાંજે ક. ૧૭-૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૫ (તા. ૧૦)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – ત્રયોદશી. શિવરાત્રિ, બુધ પૂજન, કૈલાસયાત્રા (બે દિવસ) ભદ્રા બપોરે ક. ૧૨-૩૦. થી રાત્રે ક. ૨૩-૨૯, પર્યુષણ પ્રારંભ (પંચમી પક્ષ), અઘોરા ચતુર્દશી.

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

મુહૂર્ત વિશેષઃ આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ, પૂજા, બુધ ગ્રહદેવતાનું પૂજન, નાગદેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, શિવરાત્રિ વ્રત, શિવપૂજા, રાત્રિ જાગરણ, ૐ નાગદેવતાભ્યો નમઃ ના મંત્રજાપ, ઔષધ ઉપચાર માલ વેંચવો, ખેતીવાડી, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચનહ,

શ્રાવણ મહિમાઃ દેવાધિદેવ શિવ, સ્વર્ગ અને મોક્ષના દાતા, સૃષ્ટિના પાલક તથા સંહારક એવા અણુઅણુમાં સર્વવ્યાપી, સર્વસૃષ્ટિમાં, પંચતત્ત્વમાં, વન્યજીવસૃષ્ટિમાં વ્યાપ્ત એવા શિવને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. શિવના શરણે જવાથી જીવનના દુઃખ અને મૃત્યુનો ભય ટળી જાય છે. દરેક વ્યક્તિ પોતાના કર્મ ફરજને નિષ્ઠાપૂર્વક, ધ્યાનપૂર્વક સંપન્ન કરે સત્માર્ગ અપનાવે.કૃતઘ્નતાનો ભાવ, ભક્તિનો ભાવ. ગુરુપૂજનનો ભાવ, ઈશ્વરની સાક્ષીએ કર્મ જાળવી રાખે તો કર્મ શુદ્ધ બને છે. જીવન ધર્મમય બને છે. શ્રાવણ માસ ધર્મ શીખવે છે.

આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ ચાલબાજીવાળા, ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ લોકોમાં માનીતા.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ.

ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# બ્રિક્સ સમિટ દરમ્યાન મોદી અને પુતિન વચ્ચે સુખોઇ-૫૭ માટે ડીલ થઈ શકે છે

નવી દિલ્હીઃ બ્રિક્સ શિખરમંત્રણામાં ભાગ લેવા માટે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ભારત આવી રહ્યા છે. તેઓ શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષી વાટાઘાટો પણ કરશે. રશિયન પ્રમુખના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે મંગળવારે આ માહિતી આપી હતી.

દીમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે રશિયા બ્રિક્સ સમિટમાં સુરક્ષા, આર્થિક, નાણાકીય અને સાંસ્કૃતિક સહયોગને પ્રોત્સાહન આપશે.

તેમણે કહ્યું હતું કે રશિયા બ્રિક્સ હેઠળ વિવિધ પ્રકારના સહયોગમાં જોડાવા માટે નવા દેશોને આમંત્રણ આપવાના વિચારને સમર્થન આપે છે.

પેસ્કોવે જણાવ્યું હતું કે ૧૧, સપ્ટેમ્બરના રોજ શુક્રવારે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ ૨૦૨૬ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાશે.

મોસ્કોથી વર્ચ્યુઅલ બ્રીફિંગ મારફતે પત્રકારો સાથે વાત કરતા પેસ્કોવે કહ્યું, અમે પ્રમુખ અને વડાપ્રધાન વચ્ચેની બીજી દ્વિપક્ષીય બેઠકની રાહ જોઈ રહ્યા છીએ. હંમેશાની જેમ તેઓ પ્રથમ દ્વિપક્ષીય એજન્ડા પર ચર્ચા કરશે.

નોંધનીય છે કે ૧૮મી બ્રિક્સ સમિટ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. ભારતે આ વર્ષે પહેલી જાન્યુઆરીએ બ્રિક્સનું પ્રમુખપદ સંભાળ્યું હતું.

પેસ્કોવે કહ્યું કે ભારતને સુખોઇ-૫૭ ફાઇટર જેટ આપવા તે એજન્ડામાં છે. વેપાર અને અર્થતંત્ર પર ચર્ચા થઈ શકે છે. ભારતે હજુ સુધી પેસ્કોવની ટિપ્પણી પર સત્તાવાર રીતે ટિપ્પણી કરી નથી. રશિયન ક્રૂડ ઓઇલ ખરીદતા દેશો પર ૧૦૦ ટકા ટરિફ લાદવાના અમેરિકાના પ્રસ્તાવિત પગલા અંગે તેમણે કહ્યું હતું કે આ પગલું ગેરકાયદે અને અસ્વીકાર્ય છે. ૧૧ સભ્યોના મુખ્ય જૂથમાં બ્રાઝિલ, ચીન, ઇજિપ્ત, ઇથિયોપિયા, ભારત, ઇન્ડોનેશિયા, ઇરાન, રશિયા, સઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે. ઇન્ડોનેશિયા ૨૦૨૫થી પૂર્ણ સભ્ય બન્યું હતું.

પીએમ મોદી સમિટની યજમાની કરશે. પુતિને તેમની હાજરીની પુષ્ટી કરી છે, જ્યારે ચીનના પ્રમુખશી જિનપિંગ ભાગ લે તેવી અપેક્ષા છે. ■

# આતંકવાદીઓને તાલીમઃ સાત વિદેશી સામે ચાર્જશીટ દાખલ

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઇએ)એ મંગળવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં સાત વિદેશી નાગરિકો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. આમાં એક અમેરિકન નાગરિક મેથ્યુ એરોન વૅન ડાઇક અને છ યુક્રેનિયન નાગરિકોનો સમાવેશ થાય છે. તમામ પર મ્યાનમારમાં સશસ્ત્ર જૂથો સાથે સંબંધો રાખવાનો અને ભારત વિરોધી દળોને લશ્કરી અને ડ્રૉન તાલીમ આપવાનું કાવતરું ઘડવાનો આરોપ છે.

આ કેસમાં શરૂઆતમાં આતંકવાદ વિરોધી કાયદા, ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) કાયદા (યુએપીએ) હેઠળ શરૂ કરવામાં આવી હતી. ■

# તિબેટ-નેપાળના પૂર હવામાનમાંના ફેરફારને કારણે આવ્યાઃ ચીનના નિષ્ણાતો

## બ્રહ્મપુત્રા નદી પરના જળવિદ્યુત પ્રકલ્પની ચકાસણીની ભલામણ

લહાસા (તિબેટ): ચીનના નિષ્ણાતોએ તિબેટ - નેપાળમાં ૨૬ ઑગસ્ટે આવેલા પૂરનું કારણ હવામાનમાંના ફેરફારને ગણાવ્યું હતું અને ચીનના સત્તાવાળાઓને બ્રહ્મપુત્રા નદી સહિતની નદીઓ પરના બંધ અને જળવિદ્યુત પ્રકલ્પોની ફરી ચકાસણી કરાવવાની ભલામણ કરી હતી.

તેઓએ દાવો કર્યો હતો કે વૈશ્વિક સ્તરે તાપમાનમાં થઇ રહેલા વધારા અને હિમપ્રદેશ ઝડપથી પીગળવાને લીધે આવી ઘટના બનતી રહેશે.

તિબેટમાંના હવામાન વિભાગના વડા સુન શીઆગુઆંગે જણાવ્યું હતું કે તિબેટમાં તાપમાન વધી રહ્યું છે અને વરસાદની પૅટર્ન બદલાઇ રહી છે. હવામાનમાંના ફેરફારને લીધે ચીનમાં ઘણી જગ્યાએ ગરમી વધી રહી છે અને હિમપ્રદેશ ઝડપથી પીગળતા હોવાથી પૂરનો પ્રકોપનો સામનો કરવો પડે છે.

નેપાળમાં તાજેતરમાં આવેલા પૂરમાં અત્યાર સુધીમાં ૧,૩૫૦થી વધારે લોકો માર્યા ગયા હતા અને આશરે ૫,૦૦૦ લોકો હજી ગુમ છે.

ચીનમાં તાજેતરમાં આવેલા પૂરમાં ૪૩ જણ માર્યા ગયા હતા અને ૪૯ ભારતીય સહિત ૨૬૧ વિદેશી મળીને કુલ ૫૧૯ લોકો લાપતા છે.

ચીનના વિદેશ મંત્રાલય વિદેશી પત્રકારોને પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે લઇ ગયું હતું. આ વિસ્તારમાં પૂરે વેરેલા વિનાશને કારણે કોઇ ઇમારત બચી નહોતી.

તિબેટમાં બ્રહ્મપુત્રા નદી પર ચીન દ્વારા ૧૬૭.૮ અબજ ડૉલરના ખર્ચે બાંધવામાં આવી રહેલા બંધ અને તેને લગતા જળવિદ્યુત પ્રકલ્પની યોગ્યતા સામે સવાલ ઊભો થયો છે. આ બંધનું કામ ગયા વર્ષે જુલાઇમાં શરૂ કરાયું હતું અને તેનાથી વિજળીનું મોટા પાયે ઉત્પાદન થવાની આશા રખાય છે. બ્રહ્મપુત્રા નદી અરુણાચલ પ્રદેશમાં પ્રવેશે તેની પહેલાં જ્યાં મોટો યૂ-ટર્ન લે છે, ત્યાં ચીન દ્વારા વિશાળ બંધ બાંધવામાં આવી રહ્યો છે. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### હવે નારાજ ફુવાજી

નારાજ ફુવાજી બૂમો પાડશે કે આ ફ્રેઇટ કોરિડોરને કારણે ટ્રક ડ્રાઇવરોને નુકસાન થશે, હવે ટ્રકો ક્યાં જશે, જે લોકોએ ટ્રક ખરીદી છે તેમનું શું થશે. તેમણે કહ્યું હતું કે અમુક લોકો ભારતના વિકાસથી ક્યારેય ખુશ થતા નથી.

વડા પ્રધાને કૉંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીનું નામ લીધા વિના પ્રહાર કરતાં જણાવ્યું હતું કે જુઠ્ઠાણા ભરેલી વાતોથી ભરમાવનારા તો દરેક ચાર રસ્તે મળી જશે, પરંતુ ભારતના યુવાનો સત્યના હુંકાર સાથે ચાલે છે. સત્યના હુંકાર માટે ચાલે છે. યુવાન સાથીઓ જોઈ રહ્યા છે કે સરકાર દરેક સેક્ટર પર કેટલા ફોકસ સાથે કામ કરી રહી છે. આવનારા સમયમાં દરેક આધુનિક સેક્ટર વીજળીથી જ ચાલશે, ઇલેક્ટ્રિક ઇકો-સિસ્ટમ પર નિર્ભર રહેશે.

ડેટા સેન્ટર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી ઊભરતી ટેકનોલોજીને શક્તિ આપવા માટે મજબૂત ઇલેક્ટ્રિક ઇકોસિસ્ટમની વ્યૂહાત્મક જરૂરિયાત પર પ્રકાશ પાડતા, વડા પ્રધાને જણાવ્યું હતું કે યુરેનિયમ, ક્રિટિકલ મિનરલ્સ અને રેર અર્થ એલિમેન્ટ્સ માટેના આંતરરાષ્ટ્રીય કરારો સક્રિયપણે મેળવવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે જો દેશ એઆઈમાં વૈશ્વિક સુપરપાવર બનવા માગતો હોય તો આ આવશ્યક ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ''આ બધી મહેનત માત્ર દેશના યુવાનોના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે કરવામાં આવી રહી છે,'' એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

આ સાથે તેમણે સરકારના કામકાજ અંગે વિસ્તૃત વાત કરતા જણાવ્યું હતું કે કેવી રીતે પેસેન્જર અને ફ્રેઇટ ટ્રાફિકને અલગ કરવાથી દરરોજ ૪૩૦થી વધુ માલગાડીઓ દોડી શકે છે, જેનાથી ૩૦-કલાકની ટ્રકની મુસાફરી ઘટીને માત્ર ૧૦-૧૨ કલાક થઈ ગઈ છે. તેમણે સમજાવ્યું કે ૧૦૦ કિલોમીટરનું અંતર કાપવામાં હવે અગાઉના સમય કરતાં અડધાથી પણ ઓછો સમય લાગે છે, જેનાથી બળતણની બચત થાય છે, નૂર ભાડામાં ઘટાડો થાય છે અને પર્યાવરણનું રક્ષણ થાય છે. ''રોકાણ એક જ ટ્રેક પર કરવામાં આવ્યું હતું, પરંતુ તેનાથી અનેક ગણા ફાયદા થયા,'' એમ મોદીએ નોંધ્યું હતું.

નવા કોરિડોર પર એક નોંધપાત્ર ઓપરેશનલ માઇલસ્ટોન શેર કરતા, વડા પ્રધાને જેએનપીટી પોર્ટથી વડોદરા સુધી ડબલ-સ્ટેક કન્ટેનર ફ્રેઇટ ટ્રેનના સફળ સંચાલનની પ્રશંસા કરી. તેમણે નિર્દેશ કર્યો કે આ એક જ ટ્રેન મુસાફરીએ મુંબઈથી સીધા ૨૫૦થી વધુ ટ્રકો જેટલા માલનું કુશળતાપૂર્વક વહન કર્યું છે. મોટા પ્રમાણમાં સામાન હવે દેશના એક ખૂણેથી બીજા ખૂણે ઝડપથી પહોંચી શકશે, એવું મોદીએ અવલોકન કર્યું હતું.

છેલ્લા દાયકામાં દેશની વધતી જતી ઔદ્યોગિક ક્ષમતાને દર્શાવતા, પ્રધાનમંત્રીએ મજબૂત આંકડા રજૂ કર્યા જે દર્શાવે છે કે ભારત આધુનિક રેલવે કોચ, વેગન અને લોકોમોટિવ એન્જિનના એક મુખ્ય વૈશ્વિક ઉત્પાદક તરીકે પરિવર્તિત થઈ રહ્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો કે ૨૦૧૪ થી, રાષ્ટ્રે ૫૦,૦૦૦ આધુનિક કોચનું સફળતાપૂર્વક ઉત્પાદન કર્યું છે અને રેલવે નેટવર્કમાં લગભગ ૨.૫ લાખ વેગન ઉમેર્યા છે. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ભારત હવે ચિપથી લઈને શિપ સુધી મેન્યુફેક્ચરિંગની નવી ગાથા લખી રહ્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું. વડોદરાની મુલાકાત બાદ મોદી નવસારી ગયા હતા. નવસારી ખાતે દેશના પ્રથમ એઆઈ સુવિધા સાથેના ભાજપ કાર્યાલય નમો કમલમનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અહીં તેમણે પોતાના સંબોધનમાં પાન-મસાલા, માવા, ગુટકા જેવી કુટેવોથી મુક્ત થવાનું આહ્વાન આપ્યું હતું. ■

### સુરતમાં પૈસાની છાકમછોળ

ધરાવતા પરિવારોનો હિસ્સો, જે વાર્ષિક ૬ લાખ થી ૩૬ લાખ રૂપિયા કમાય છે, તે છેલ્લા દાયકામાં ૨૯ ટકાથી લગભગ બમણો થઈને ૫૩ ટકા થયો છે. ૨૦૩૦-૩૧ સુધીમાં તેઓ કુલ ઘરોમાં ૬૦ ટકા હિસ્સો ધરાવતા હોવાની ધારણા છે.

ઉચ્ચ આવક ધરાવતો વર્ગ વધુ ઝડપથી વિસ્તરી રહ્યો છે. છેલ્લા દાયકામાં વાર્ષિક ૩૬ લાખ રૂપિયાથી વધુ કમાણી કરતા પરિવારો ૩ ટકાથી વધીને ૧૨ ટકા થયા છે અને ૨૦૩૦-૩૧ સુધીમાં તેઓ લગભગ પાંચમા ભાગના ઘરોમાં હિસ્સો ધરાવતા હોવાનો અંદાજ છે. સુરતને આવકમાં પરિવર્તનનો ફાયદો થઈ રહ્યો છે જે ભારતના શહેરી વપરાશને ફરીથી આકાર આપી રહ્યું છે.

રિપોર્ટ અનુસાર, તેનો સરેરાશ ઘર વપરાશ પણ બેંગલુરુ કરતા વધારે છે. સુરતનું ૩૪ અબજ ડોલરનું વપરાશ બજાર પુણે (૨૮ અબજ ડોલર) કરતા મોટું છે, જોકે સુરત બિગ સિક્સની બહાર છે, જેમાં મુંબઈ, બેંગલુરુ, દિલ્હી, ચેન્નઈ, હૈદરાબાદ અને કોલકાતાનો સમાવેશ થાય છે. ટોચના ૧૫ શહેરો દરેકમાં ઓછામાં ઓછા ૧૦ બિલિયનનું ખર્ચનું બજાર છે, અભ્યાસ કરાયેલા ૧૦૦ શહેરોમાં કુલ વપરાશનો લગભગ બે તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. સુરતનું આગળ વધવુ ભારતની શહેરી અર્થવ્યવસ્થામાં થઈ રહેલા ફેરફારનો હિસ્સો છે. ટોચના ૧૦૦ શહેરોમાં દેશની વસ્તીના પાંચમા ભાગ કરતાં પણ ઓછા લોકો રહે છે. ■

### બીએપીએસ ગ્રૂપની મુલાકાત

એ રીતે વ્યવસ્થા કરજો અને અમે તેમ કર્યું હતું. આમ છતાં, ભવિષ્યમાં આવી વિનંતિ નહિ સ્વીકારાય.

સીજીટી ટ્રેડ યુનિયને જણાવ્યું હતું કે ટાવરનો સ્ટાફ મહિલા કર્મચારીઓને ફરજ પરથી દૂર કરવાની ઘટનાને વખોડે છે. અમુક મહિલા કર્મચારીને તેઓની પૉસ્ટ્સ છોડવા કહેવાયું હતું, જ્યારે કેટલીક જગ્યાએ મહિલાઓને સ્થાને પુરુષ કર્મચારીઓની ગોઠવી દેવાયા હતા. (એજન્સી)■

### સઉદીનાં તેલ મથકો

યુદ્ધ લડી રહ્યું છે. આ હુમલાને લીધે અખાતમાં ફરી મોટા પાયે યુદ્ધ ફાટી નીકળવાનો ભય ઊભો થયો છે.

યમનમાં ૨૦૧૪માં શરૂ થયેલા આંતરવિગ્રહમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧,૫૦,૦૦૦ લોકો માર્યા ગયા છે.

હુતી બળવાખોરોએ મંગળવારે સઉદી અરેબિયાના શહેરો - અભા, નજરાન અને ખમીસ મુશૈતમાંના મુલકી અને આર્થિક માળખા પર મોટા પાયે હુમલા કર્યા હતા. આ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૭૩ જણ ઘાયલ થયા હતા.

સઉદીની અનેક ઑઇલ ફેલિસિટીઝ અને યુટિલિટીઝ પર હુમલા કરવામાં આવતા ત્યાંનું કામકાજ કામચલાઉ બંધ કરવાની ફરજ પડી હતી.

દક્ષિણ સઉદી અરેબિયાના જાઝાન ઑઇલ રિફાઇનરી રોજનું ૪,૦૦,૦૦૦ બેરલ તેલને શુદ્ધ કરે છે અને ત્યાંનું કામકાજ ખોરવાઇ જતાં તેલની કામચલાઉ અછત ઊભી થવાની શક્યતા છે.

હુતીએ અગાઉ સઉદી અરેબિયાના અભા વિમાનમથક પર પણ હુમલો કર્યો હતો.

સઉદીએ આ હુમલાનો જડબાતોડ જવાબ આપવાની ધમકી આપી હતી.વાયવ્ય સઉદી અરેબિયામાં રાતા સમુદ્રના કાંઠે આવેલા મુખ્ય ઔદ્યોગિક શહેર જાઝાન પર પણ હુમલા કરાયા હતા.

ખામીસ મુશૈતમાંના કિંગ ખાલિદ ઍર બૅઝ ઉપરાંત નજરાન અને અભામાંની અરામ્કો ફેસિલિટીઝને લક્ષ્ય બનાવીને પણ હુમલા થયા હતા. (એજન્સી)■

### એચ-વનબી વિઝા

એચ-વનબી પ્રોગ્રામનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવે છે. ઐતિહાસિક રીતે જ ભારતીયો એચ-વનબી વિઝાના લાભાર્થીઓમાં સૌથી મોટો હિસ્સો ધરાવે છે. અમેરિકાના વિદેશ ખાતાએ ગયા મહિને વાર્ષિક ટોચમર્યાદાને ધ્યાનમાં રાખીને ચોક્કસ પ્રકારના એચ-વનબી વિઝાની અરજી માટે ૧,૦૩,૨૬૫ ડૉલર ફી વસૂલવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવિત કાયદા અંતર્ગત અરજી કરતી વખતે જ ફી ભરવાની રહેશે. (એજન્સી)■

### પીએમ આવ્યા પહેલાં

દિલીપ અને ગણેશ સોમવારની સાંજે ૪.૫૦ વાગ્યાની આસપાસ બીકેસીમાં આવેલા જિયો વર્લ્ડ પ્લાઝામાં ગયા હતા. સિક્યોરિટી ચેકિંગ વખતે દિલીપ પાસે રિવોલ્વર હોવાનું ધ્યાનમાં આવતાં સિક્યોરિટી ગાર્ડ સની સિંહે ત્રણેયને મૉલમાં જતા રોક્યા હતા.

ઘાતક શસ્ત્ર સાથે મૉલમાં પ્રવેશવા પર પ્રતિબંધ હોવાનું સિક્યોરિટી ગાર્ડે કહ્યું હતું. ગાર્ડ પર પ્રભાવ પાડવા રોહને તેની પાસેનું વડા પ્રધાન કચેરીનું ઓળખપત્ર દેખાડ્યું હતું. પીએમઓના અધિકારી હોવાનું માનીને સિક્યોરિટી ગાર્ડે આઈ કાર્ડ જોઈને ત્રણેયને મૉલમાં પ્રવેશવા દીધા હતા. જોકે આ વાતની જાણ તેણે ઉપરીઓને કરી હતી. શંકાને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી.

રિવોલ્વર અને પીએમઓનું ઓળખપત્ર દેખાડી ત્રણ શકમંદ મૉલમાં પ્રવેશ્યાની માહિતી મળતાં બીકેસી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્રણેય શકમંદ મૉલમાંથી પાછા જતા રહ્યા હોવાથી પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજમાં ત્રણેય જણ જે કારમાં આવ્યા હતા તે નજરે પડી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે કારના રજિસ્ટ્રેશન નંબરની તપાસમાં પોલીસની ટીમ ખાર પશ્ચિમમાં ૧૨મા રોડ પરની બિલ્ડિંગમાં રહેતા રોહન પરીખ સુધી પહોંચી હતી. તેની પાસેથી પીએમઓનું આઈ કાર્ડ મળી આવ્યું હતું. કાર્ડ અંગે સવાલ પૂછવામાં આવતાં પોલીસને સમાધાનકારક જવાબ મળ્યા નહોતા.

વડા પ્રધાન કચેરીના આઈ-કાર્ડમાં એ કાર્ડ આપનારા અધિકારીના હસ્તાક્ષર હતા, પરંતુ તેના પદનો ઉલ્લેખ નહોતો. વળી, કાર્ડ આપવામાં આવ્યું તે તારીખ હતી, પણ તેની વેલિડિટીની નોંધ નહોતી. પરિણામે કાર્ડ ડુપ્લિકેટ હોવાની ખાતરી થતાં રોહનને તાબામાં લેવાયો હતો. પીએમઓ સંબંધી પ્રકરણ હોવાથી તેને ગંભીરતાથી લઈ તપાસ ક્રાઈમ બ્રાન્ચની સીઆઈયુને સોંપાઈ હતી.

મૉલમાં રિવોલ્વર સાથે આવેલા શખસ વિશે રોહનને પૂછવામાં આવતાં તે નાશિક ગ્રામીણના બાલકવડે વિસ્તારમાં લહાવિત ભાગુર માર્ગ ખાતે રહેતો દિલીપ કુંદે હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસની ટીમ તાત્કાલિક નાશિક ગઈ હતી અને દિલીપને પકડી પાડ્યો હતો. તેની પાસેથી રિવોલ્વર અને છ કારતૂસ હસ્તગત કરાઈ હતી.

વડા પ્રધાન મોદી મંગળવારે બીકેસીમાં ફિનટેક ફેસ્ટનું ઉદ્ઘાટન કરવા આવ્યા હતા. તેની પૂર્વસંધ્યાએ રિવોલ્વર અને પીએમઓ ઓળખપત્રનું મામલો સામે આવતાં સિક્યોરિટીને મુદ્દે ચકચાર ફેલાઈ હતી.

આ મામલે ક્રાઈમ બ્રાન્ચના ડેપ્યુટી પોલીસ કમિશનર રાજ તિલક રોશને જણાવ્યું હતું કે આ ઘટના અને વડા પ્રધાનની મુંબઈ મુલાકાતને કોઈ સંબંધ નથી. આરોપી પાસેથી મળી આવેલી રિવોલ્વરનું લાઈસન્સ છે, પરંતુ તે નાશિક ગ્રામીણનું છે. મુંબઈના મૉલમાં પ્રતિબંધ છતાં રિવોલ્વર સાથે પ્રવેશવા બદલ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

દરમિયાન આરોપી પાસે પીએમઓનું ઓળખપત્ર ક્યાંથી આવ્યું અને તે બનાવવા પાછળનો હેતુ શો હતો તેની તપાસ પોલીસ કરી રહી છે. આરોપી રોહનના વકીલ સતીશ માનેશિંદેનું કહેવું છે કે રોહન સ્ટુડન્ટ છે અને હાલમાં જ તે લંડનથી આવ્યો છે. તે માત્ર મૉલમાં ગયો હતો, વડા પ્રધાનના કાર્યક્રમ સાથે તેની કોઈ કડી નથી. ■

# અમરેલીમાં સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ, ૧૫ બેંક ખાતામાં ૬૩૫ કરોડના ટ્રાન્ઝેક્શનઃ છ આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ જિલ્લા પોલીસે ગુજરાતના સૌથી મોટા કરોડો રૂપિયાના ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. અલગ અલગ સ્કીમો દ્વારા ગુજરાતના લાખો રોકાણકારો સાથે ૬૩૫ કરોડ રૂપિયાની ઠગાઈ આચરનારા ૬ શખ્સોની અમરેલી સાયબર પોલીસે સુરત, ગાંધીનગર, મહેસાણા સહિતના ઝડપી પાડ્યા હતા. આ કરોડોના કૌભાંડને આચરવા માટે આરોપીઓએ એસ.ડી. હબ, શિવ ધરતી કોમ્યુનિકેશન અને ઉપાય ડીજી જેવી કુલ ૭ બોગસ કંપનીઓ ઊભી કરી હતી. આ કંપનીઓના અલગ અલગ ૧૫ બેંક ખાતાઓમાં ૬૩૫ કરોડ રૂપિયાથી વધુ રકમના ટ્રાન્ઝેક્શન અને જમા રકમ મળી આવી હતી.

'એસડી પે' અર્થાત 'અપના પે' નામની મોબાઇલ એપ્લિકેશન મારફતે દૈનિક ઊંચા વળતર અને રેફરલ બોનસની લાલચ આપી ગુજરાતના લાખો રોકાણકારો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી હતી. આ કૌભાંડની ગંભીરતાને ધ્યાને રાખી અમરેલી પોલીસ અધિક્ષક દ્વારા એએસપી જયવીર ગઢવીના નેતૃત્વ હેઠળ ખાસ સીટની રચના કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને જણાયું હતું કે, ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, સુરત સહિતના મહાનગરોમાં સૌથી વધુ નાના રોકાણકારો આ ઠગાઈનો ભોગ બન્યા છે.

ડીઝીટલ સાયબર ફ્રોડ કરીને ગુન્હાઓ આચરતા આશિષ છગન ગેડીયા સુરત કતારગામ, ભાવેશ ધીરુ ચૌહાણ હાલ સુરત મૂળ સાવરકુંડલા, નીશી સત્યનારાયણ પ્રસાદ મૂળ બિહાર રાજ્ય, સોહિલ જીતેન્દ્ર મકવાણા મહેસાણા, નીરવ અરવિંદ પટેલ મહેસાણા અને સૂર્યસિંહ જગતસિંહ રાઠોડ ગાંધીનગર વાળાએ 'એસડી પે' અથવા 'અપના પે' દ્વારા નાણાં રોકાણના નામે છેતરપિંડી કરી હતી. આરોપીઓ ૧,૦૦૦થી લઈને ૫ લાખ કે તેથી વધુના રોકાણ પર અલગ અલગ રકમ પર દૈનિક ૦.૧૫ ટકાથી ૦.૩૦ ટકા સુધીનું વળતર આપવાની લાલચ આપતા હતા.


તસવીર - દિલીપ જીરૂકા

આ મામલે સીટી દ્વારા પકડાયેલા તમામ ૬ આરોપીઓના ૩૦થી ૩૫ જેટલા બેંક ખાતાઓની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસની પ્રાથમિક ધારણા મુજબ તપાસ આગળ વધતા આંકડો હજુ પણ મોટો થઈ શકે છે તેમજ વધુ આરોપીઓ અને બેંક ખાતાઓના ખુલાસા થવાની શક્યતા છે. વળી આ એપ્લિકેશન ઓનલાઈન હોવાથી ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં લોકો આ કૌભાંડમાં ફસાયા હોવાની ભીતિ છે. સાડા ત્રણ લાખ લોકોના ડેટાનું જીઓગ્રાફિકલ વિશ્લેષણ કરીને તેમના સરનામા શોધવાની કામગીરી ચાલુ છે. ■

# ગાંધીધામમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી આજે ₹ ૨૮૬ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારમાં બુધવારે ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી રૂપિયા ૨૮૬ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરશે. ઇફકો ઓડિટોરિયમ ખાતે બપોરે ૩૩૦ વાગ્યે યોજાનારા આ સમારોહમાં સાંજે ૫૦૦ વાગ્યાની આસપાસ મુખ્યપ્રધાન ઓનલાઈન માધ્યમથી જોડાશે.

ખાતમુહૂર્ત થનારા મુખ્ય પ્રકલ્પોમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગના સર્વિસ રોડથી આદિપુર સુધી રૂ. ૧૩૫ કરોડના ખર્ચે નિર્માણ પામનારા ૧૦ કિલોમીટર લાંબા રિંગ રોડ, મેઘપર બોરીચી તથા મેઘપર કુંભારડી વિસ્તાર માટે રૂ.૧૦૦ કરોડથી વધુના ખર્ચે સાકાર થનારી પીવાના પાણીની યોજના, રૂ.૨૨ કરોડના ખર્ચે મહાપાલિકાની નવી મુખ્ય કચેરી તેમજ રૂ.૨૦ કરોડના ખર્ચે શહેરના વિવિધ માર્ગોના નિર્માણકાર્યનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે, આ પૂર્વે પણ મુખ્યમંત્રી દ્વારા ગાંધીધામમાં રૂપિયા ૧૬૯ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ઇફકો ઓડિટોરિયમ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં રાજ્યપ્રધાન ત્રિકમભાઈ છાંગા, કચ્છ-મોરબી વિસ્તારના સાંસદ વિનોદભાઈ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, કચ્છ જિલ્લાના અન્ય ધારાસભ્યો, ગાંધીધામના મેયર દિવ્યાબેન નાથાણી, ડેપ્યુટી મેયર નવીનભાઈ જરૂ, મ્યુનિસિપલ કમિશનર બી.ડી.દવેરા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેજસ શેઠ સહિતના વહીવટી અધિકારીઓ તેમજ પદાધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહેશે. ■

# ભાવનગરના ઘોઘા ખાતે ૬૧૩ વયોવૃદ્ધજનોને સહાયક ઉપકરણોનું વિતરણ કરવામાં આવશે

## એલિમ્કો (એલિમ્કો - ભારત સરકાર)નું સાહસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભારત સરકાર દ્વારા સિનિયર સિટીઝન્સ માટે ભારત સરકારની ''રાષ્ટ્રીય વયોશ્રી યોજના'' અંતર્ગત વરિષ્ઠ નાગરિકો માટે નિ શુલ્ક સહાયક ઉપકરણ વિતરણ શિબિરનું આયોજન કરવામાં આવશે. આ શિબિર અંતર્ગત અગાઉ ૬૧૩ વરિષ્ઠ નાગરિકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

તા. ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રૂ. ૫૫,૧૨,૭૫૪/- ના કુલ ખર્ચે આ પૂર્વ-ચિહ્નિત ૬૧૩ વરિષ્ઠ નાગરિકોને નિશુલ્ક સહાયક ઉપકરણ વિતરણ કાર્યક્રમ કેન્દ્રીય પ્રધાન નિમુબેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવશે.

એલિમ્કો (એલિમ્કો - ભારત સરકારનું સાહસ) દ્વારા ભાવનગર જિલ્લાના તમામ બ્લોકમાં તા. ૩૦.૦૬.૨૦૨૫ થી ૧૬.૦૭.૨૦૨૫ સુધી જિલ્લા વહીવટીતંત્ર, ભાવનગરના સહયોગથી અને સાંસદશ્રીના માર્ગદર્શન હેઠળ બ્લોકવાઇઝ મૂલ્યાંકન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

મૂલ્યાંકન શિબિર બાદ ભાવનગર જિલ્લામાં કુલ ૮,૦૯૧ વરિષ્ઠ નાગરિકોને કુલ ૪૫,૯૬૮ ઉપકરણોના નિઃશૂલ્ક વિતરણ માટે ચિહ્નિત કરવામાં આવ્યા છે, જેમાં ઉપકરણોની કુલ કિંમત રૂ. ૭.૬૫ કરોડ છે.

તા. ૦૮.૦૯.૨૦૨૬ ના રોજ આયોજિત વિતરણ શિબિરમાં પૂર્વ-ચિહ્નિત ૬૧૩ વરિષ્ઠ નાગરિકોને એલિમ્કો દ્વારા નિર્મિત વિવિધ શ્રેણીના સહાયક ઉપકરણો મફતમાં વિતરિત કરવામાં આવશે. જેમાં વ્હીલચેર, લાકડી (વોકિંગ સ્ટીક), કાનનું મશીન (શ્રવણ યંત્ર), કૃત્રિમ દાંત, વિવિધ પ્રકારના બેલ્ટ, વોકર, કમોડ સ્ટૂલ વગેરે સહાયક ઉપકરણો સામેલ છે. ■

# ભચાઉ પોલીસ-પીજીવીસીએલનું અભિયાનઃ હત્યા, પોક્સો અને રાયોટિંગના આરોપીઓના કનેક્શન કાપી નાંખ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભચાઉ શહેર અને તાલુકામાં ખૂન, અપહરણ, પોક્સો અને રાયોટિંગ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા ૨૦ જેટલા માથાભારે આરોપીઓ સામે પોલીસે વીજ વિભાગને સાથે રાખીને વિવિધ ગુનામાં સંડોવાયેલા આરોપીઓએ પોતાના રહેણાક મકાનો પર મેળવેલાં વીજ કંપનીના ગેરકાયદે વીજ જોડાણો (લંગર) કાપી નાખવામાં આવ્યા હતા.

વીજ કંપનીના અધિકારીઓ અને કર્મચારીઓ જે માથાભારે તત્વો સામે કાર્યવાહી કરતાં અચકાતા હતા, તેમની સામે પૂર્વ કચ્છ પોલીસના કડક બંદોબસ્ત વચ્ચે આ મહાઅભિયાન ચલાવવામાં આવ્યું હતું.

જેમના વીજ જોડાણો કાપવામાં આવ્યા છે તેમાં ખૂન કેસના આરોપી મેહુલ લાખા કોલી (કોલિયાસરી), ભાવેશ ચતુર દેવીપૂજક અને અજય દેવીપૂજક (મદિનાનગર) તેમજ હત્યાની કોશિશના આરોપી નાસિર દાઉદ રાજા (માનસરોવર), અરવિંદ મગન બારોટ, સુરેશ બારોટ અને દેવુબેન બારોટ (ભટ્ટપાળિયા) નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત પોક્સો અને અપહરણના ગુનામાં સંડોવાયેલા અજય ઊર્ફે અજીયો બાબુભાઈ મહેશ્વરી તથા હરી નારાયણ કોલી અને રાયોટિંગના ૧૧ આરોપીઓ અયુબ સિધિક કુંભાર, રમજુ કરીમ ધોના, અનવર હુસેન, નાઝીર રમજાન, અકરમ ધોના, વસીમ ધોના, ભચલશા સૈયદ (તમામ હિંમતપુરા), ગફુર કુંભાર, મુસ્તાક કુંભાર અને રફીક અબ્દુલ (માનસરોવર) ના મકાનોના કનેક્શન કાપી નાખવામાં આવ્યા છે. પોલીસની આ આકરા પગલાં ભરેલી કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં હાલ સોંપો પડી ગયો છે. ■

# જામનગરના જોડિયા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માગ સાથે ખેડૂતો મેદાને

## મોટી સંખ્યામાં ખેડૂતો જોડિયા મામલતદાર કચેરી ખાતે એકઠા થયા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ જિલ્લાના જોડિયા તાલુકામાં અપૂરતા વરસાદથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ઊભા પાકને નુકસાન અને ખેતી માટે પાણીની સમસ્યાને પગલે જોડિયા તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે આજે મોટી સંખ્યામાં ખેડૂતો મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા

. ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર આપી સરકાર સમક્ષ તાત્કાલિક અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ કરી હતી. આ સાથે જ માંગ સ્વીકારવામાં નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

ખેડૂતોની સમસ્યાઓ અને અછતની સ્થિતિ અંગે સરકારનું ધ્યાન દોરવા સવારે ૧૦ વાગ્યે મોટી સંખ્યામાં ખેડૂતો જોડિયા મામલતદાર કચેરી ખાતે એકઠા થયા હતા. વાવડી, બેરાજા, બારાડી, નેસડા, હડિયાણા, વાઘા, લીંબુડા, કુંનડ, ભાદરા, કેશિયા અને આણંદા સહિત આસપાસના અનેક ગામોના ખેડૂતો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરી જોડિયા તાલુકાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત એટલે કે અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે અને તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને રાહત આપવામાં આવે તેવી માંગ કરી હતી. ■

# કંડલા બાદ મુંદરામાં કરોડોનું ખજૂર કૌભાંડઃ પાકિસ્તાની માલ પર દુબઈના બોગસ કાગળોથી ડ્યૂટી ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કંડલા ખાતે તાજેતરમાં સામે આવેલા કરોડો રૂપિયાના ખજૂર કાંડની તપાસ હજુ પૂર્ણ નથી થઈ, તેવામાં મુન્દ્રા પોર્ટ પરથી આંતરરાષ્ટ્રીય સ્તરનું ડ્યુટી ચોરીનું વધુ એક મોટું કૌભાંડ સપાટી પર આવ્યું છે. ડાયરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા શંકાના આધારે અટકાવવામાં આવેલા ૧૧૧ કન્ટેનરો પૈકી ૮ કન્ટેનરોમાં ડ્યુટી ચોરીની સંડોવણી જણાતાં તેને સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, પુલવામા આતંકી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાનથી આયાત થતી વસ્તુઓ પર ૨૦૦ ટકા જેટલી તોતિંગ આયાત ડ્યુટી લાદી સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. તેમ છતાં કેટલાક દેશવિરોધી તત્વો પાકિસ્તાનથી આવતો ખજૂરનો જથ્થો પહેલાં દુબઈ કે અન્ય ત્રીજા દેશમાં મોકલી, ત્યાંથી બોગસ કન્ટ્રી ઓફ ઓરિજિન પ્રમાણપત્ર ઊભા કરી ભારતમાં ઘુસાડવાનું ષડયંત્ર રચતા હોવાનું બહાર આવ્યું હતું.

અગાઉ કંડલા બંદર પર આવા જ ખજૂરકાંડમાં પવન ગોયલ નામના શખ્સની અટકાયત કરવામાં આવી હતી, જેના જામીન પણ નામદાર અદાલતે ફગાવી દીધા હતા. હાલ ડીઆરઆઈ અને સુરક્ષા એજન્સીઓએ મુન્દ્રાના ૮ કન્ટેનરો અટકાવી તપાસ લંબાવી છે.

કંડલા અને મુન્દ્રા બંને પ્રકરણમાં કયા કસ્ટમ હાઉસ એજન્ટની સંડોવણી છેઅને નાપાક પાડોશી દેશથી પ્રતિબંધિત માલ મંગાવી ભારતની સુરક્ષા તથા તિજોરીને નુકસાન પહોંચાડનારા મુખ્ય સૂત્રધારો કોણ છે તે દિશામાં સઘન તપાસ હાલ ચાલુ હોવાનું જાણવા મળે છે. ■

# અમરેલીના રાજુલામાં રત્નકલાકારો ભાવવધારાની માગ સાથે મેદાનેઃ પ્રાંત અધિકારીને આવેદન


તસવીર - દિલીપ જીરૂકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ જિલ્લાના રાજુલા શહેર અને આસપાસના વિસ્તારમાં હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા રત્નકલાકારો દ્વારા હીરા ઘસવાના ભાવમાં વધારો કરવાની માંગને લઈને આક્રમક રજૂઆત કરવામાં આવી હતી. લાંબા સમયથી જૂના ભાવે હીરા ઘસવાનું કામ કરાવવામાં આવતું હોવાનો આક્ષેપ કરી રત્નકલાકારોએ હવે ભાવ વધારાની માંગ સાથે સરકારનું ધ્યાન દોર્યું હતું.

રાજુલા વિસ્તારમાં મોટી સંખ્યામાં રત્નકલાકારો હીરા ઘસવાના વ્યવસાય સાથે જોડાયેલા છે. હીરા ઉદ્યોગમાં કામ કરતા રત્નકલાકારોનું કહેવું હતું કે, મોંઘવારીમાં સતત વધારો થયો છે, પરંતુ હીરા ઘસવાના કામના ભાવમાં તે પ્રમાણમાં વધારો કરવામાં આવ્યો નથી. જેના કારણે રત્નકલાકારો માટે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે.

આ મુદ્દે મોટી સંખ્યામાં રત્નકલાકારો એકત્ર થયા હતા અને રાજુલા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્ર મારફતે રત્નકલાકારોએ હીરા ઘસવાના ભાવમાં યોગ્ય વધારો કરવામાં આવે તેવી માંગ સરકાર સમક્ષ રજૂ કરી હતી.

રત્નકલાકારોના જણાવ્યા મુજબ, તેઓ લાંબા સમયથી જૂના ભાવે હીરા ઘસવાનું કામ કરી રહ્યા છે. કામની મહેનત અને સમયની સરખામણીએ મળતું વળતર ઓછું હોવાના કારણે રત્નકલાકારોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. મોંઘવારીના સમયમાં ઘરખર્ચ, બાળકોના શિક્ષણ સહિતના ખર્ચમાં વધારો થયો છે ત્યારે આવકમાં યોગ્ય વધારો નહીં થતાં રત્નકલાકારોની આર્થિક મુશ્કેલી વધી રહી હોવાનો મુદ્દો રજૂઆતમાં ઉઠાવવામાં આવ્યો હતો.

રત્નકલાકારોએ માંગ કરી હતી કે, હીરા ઘસવાના હાલના ભાવની સમીક્ષા કરી કામના પ્રકાર અને મહેનત પ્રમાણે યોગ્ય ભાવ વધારો કરવામાં આવે. રત્નકલાકારોને પોષણક્ષમ વળતર મળે અને હીરા ઉદ્યોગ સાથે જોડાયેલા કામદારોના હિતમાં યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

આ રજૂઆતમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો પણ રત્નકલાકારોની સાથે જોડાયા હતા. કોંગ્રેસ દ્વારા પણ રત્નકલાકારોની માંગને યોગ્ય ગણાવી સરકાર અને હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા જવાબદાર તંત્ર દ્વારા આ પ્રશ્નનો વહેલી તકે ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

રત્નકલાકારોએ ચિમકી ઉચ્ચારી હતી કે, જો હીરા ઘસવાના ભાવમાં વધારો કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આ મુદ્દે વધુ ઉગ્ર રજૂઆત કરવાની ફરજ પડી શકે છે. હાલ આવેદનપત્ર દ્વારા સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છેઅને રત્નકલાકારોની માંગ અંગે હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. ■

# ભાવનગરમાં બોરતળાવ સહિત ૧૭ તળાવોમાં મૂર્તિ વિસર્જન પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ આગામી ગણેશ ચતુર્થીના મહોત્સવ દરમિયાન જાહેર સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય અકસ્માત ન સર્જાય તે હેતુથી ભાવનગર મ્યુનિસિપલ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડીને શહેરના મુખ્ય બોરતળાવ તેમજ ખોડીયાર તળાવ સહિત તમામ ૧૭ વોટર બોડીઝમાં આગામી તા. ૧૪ થી ૨૫ સપ્ટેમ્બર સુધી તમામ પ્રકારની મૂર્તિઓના વિસર્જન પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવી દીધો છે. તહેવારો દરમિયાન પાણીમાં ડૂબી જવા જેવી દુર્ઘટનાઓ રોકવા અને પર્યાવરણની સુરક્ષા કાજે આ પગલું ભરવામાં આવ્યું હતું. ગણેશોત્સવ પર્વ નિમિત્તે શહેરીજનો દ્વારા મોટા પાયે પ્રતિમાઓનું જળાશયોમાં વિસર્જન કરવામાં આવતું હોય છે. આ પ્રક્રિયા દરમિયાન ભૂતકાળમાં સર્જાયેલી અકસ્માતની પરિસ્થિતિ અને નાગરિકોની જાનમાલની સુરક્ષા અને પાણી પ્રદૂષિત થતું બચાવવા મ્યુનિસિપલ કમિશનર ડૉ. નરેન્દ્ર કુમાર મીના દ્વારા કડક હુકમ જારી કરવામાં આવ્યો હતો. પાલિકા તંત્ર દ્વારા પ્રતિબંધિત જાહેર કરાયેલી વોટર બોડીઝમાં શહેરના હૃદયસમા ગૌરીશંકર તળાવ (બોરતળાવ), ખોડીયાર તળાવ-રાજપરા, નવા બંદર રોડ પર આવેલ હજુરિયા અને પૂર્ણા તળાવ, ઘોઘા રોડ પર આવેલ અકવાડા મેઈન તળાવ, જત તળાવ નં. ૧ અને ૨, તેમજ માલેશ્રી રિવર ચેકડેમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અમદાવાદ રોડ સ્થિત નારી તળાવ, નારી-કરદેજ રોડ તળાવ, તરસમીયા તળાવ, જાંબિયું તળાવ, હિલપાર્ક અધેવાડા રોડ પરનું ટબુડી તળાવ, ઝાંઝરિયા તથા ફૂલઝરિયા તળાવ, રૂવાપરી તળાવ તેમજ ગંગાજળિયા તળાવ ખાતે પ્રતિમાનું વિસર્જન કરી શકાશે નહીં.

મહાનગરપાલિકા દ્વારા પ્રતિબંધિત કરાયેલા તમામ ૧૭ તળાવો ખાતે સ્થાનિક પોલીસ અને મનપાની વિજિલન્સ ટીમ દ્વારા રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ રાખવામાં આવશે. જાહેરનામાનો અનાદર કરી તળાવોમાં મૂર્તિ પધરાવવાનો પ્રયાસ કરનાર ઈસમો વિરુદ્ધ કાયદેસરના પગલાં ભરાશે. ■

# ભાવનગર દારૂકાંડમાં દિલ્હીથી બોગસ બિલ બનાવનાર મનજીતસિંઘ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ચકચારી લઠ્ઠાકાંડમાં ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા વધુ ૧ આરોપીની દિલ્હીથી ધરપકડ કરવામાં આવી હતી. મુખ્ય સૂત્રધારોએ ઝેરી દારૂ બનાવવા માટે મંગાવેલા મિથેનોલને કાગળ પર થિનર તરીકે દર્શાવી બોગસ બિલ બનાવી આપવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પોલીસે ઝડપાયેલા આરોપીને કોર્ટમાં રજૂ કરીને ૩ દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા, જ્યારે અગાઉ ઝડપાયેલા ૧૦ આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં તેમને જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

રાજ્યભરમાં હાહાકાર મચાવનારા આ નકલી રોયલ સ્ટેગ વિદેશી દારૂકાંડમાં ૧૩ નિર્દોષ લોકોના મોત નીપજ્યા હતા. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે કેમિકલયુક્ત ઝેરી દારૂ બનાવવા માટે જરૂરી મિથેનોલ દિલ્હીથી મેળવાયું હતું. મિથેનોલના જથ્થાને કાયદેસર બતાવવા માટે થિનરના ખોટા બિલ બનાવનાર પશ્ચિમ દિલ્હીના મુંડકા ખાતે રહેતા મનજીતસિંઘ ક્રિશનચંદ્ર સૈનીની ધરપકડ કરવામાં આવી હતી. તેને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડ માંગવામાં આવતા અદાલતે ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા, આ સાથે જ કુલ ધરપકડનો આંકડો ૪૦ થયો છે. ■

# રાજકોટ-લોધીકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં ભાજપ સામે ભાજપની ટક્કર

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ રાજકોટ-લોધીકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. સંઘની કુલ ૧૫ બેઠકો પૈકી ૧૦ બેઠકો બિનહરીફ થઈ ગઈ છે, જ્યારે બાકીની ૫ બેઠકો પર સમજૂતી ન થતા ભાજપના જ ઉમેદવારો આમને-સામને આવ્યા છે.

નાની એવી સહકારી સંસ્થાની ચૂંટણી હવે બે મોટા નેતાઓના જૂથવાદને કારણે ચર્ચામાં આવી છે. વર્ચસ્વની આ લડાઈમાં પ્રદેશથી લઈને દિલ્હી સુધી લોબિંગ થયાની ચર્ચા વચ્ચે રાજકોટના સહકારી રાજકારણમાં ગરમાવો આવ્યો છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે આ વર્ચસ્વની લડાઈમાં કોની થશે જીત અને કોની થશે હાર? તેની પર સૌની નજર મંડાયેલી છે.

આ દરમિયાન રાજકોટ-લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘની વર્ષ ૨૦૨૬ની ચૂંટણીમાં ભાજપ નેતા વિજય સખીયાએ ઉમેદવારી નોંધાવી છે. ચૂંટણી દરમિયાન કોઈ વિઘ્ન ન સર્જાય અને પ્રક્રિયા પારદર્શક તથા શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે વિજય સખીયા દ્વારા પોતાના ખર્ચે પોલીસ પ્રોટેક્શનની માંગ સાથે રાજકોટ પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત બાદ તેમને પોલીસ પ્રોટેક્શન આપવામાં આવ્યું છે. આજે વિજય સખીયા પોલીસ સુરક્ષા સાથે મતદાન મથક પર પહોંચ્યા હતા. સહકારી સંઘની આ ચૂંટણીમાં ભાજપના જ ઉમેદવારો વચ્ચેની ટક્કર હવે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે. પાંચ બેઠકોના પરિણામથી સહકારી ક્ષેત્રમાં કયા જૂથનું વર્ચસ્વ સ્થાપિત થશે, તેના પર સૌની નજર રહેશે. ■

# રાજકોટ બહુમાળી ભવનના પટાંગણમાં જ અનધિકૃત રીતે ફેરિયાઓએ અડ્ડો જમાવ્યો, તંત્ર સામે સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરમાં રવિવારે રાત્રે 'વિરાસતથી વિકાસ' લોકમેળો પૂર્ણ થયો હતો. મેળો પૂર્ણ થતાં જ રાઈડ્સ ખોલવા અને સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી હતી. બીજી તરફ, વહેલી સવારથી રેસકોર્સ રિંગ રોડ પર ફૂટપાથ પર દબાણ કરીને કેટલાક ફેરિયાઓ વેચાણ કરતા હતા. મનપાની દબાણ હટાવ શાખાએ કાર્યવાહી કરી ફેરિયાઓને રિંગ રોડ પરથી હટાવ્યા બાદ આ લોકો સીધા જિલ્લા સેવા સદન-૨ના પટાંગણમાં પહોંચી ગયા હતા. સસ્તા ભાવે માલ ખરીદવા માટે લોકોની ભારે ભીડ વચ્ચે કેટલીક જગ્યાએ અંધાધૂંધી જેવા દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

મુખ્ય લોકમેળાના કેટલાક સ્ટોલ સંચાલકોએ બોલેરો સહિતનાં વાહનો, રેંકડી અને પાથરણાં ગોઠવીને વેચાણ શરૂ કરી દીધું હતું. જોતજોતામાં ખરીદી કરવા માટે લોકોની ભીડ એકઠી થઈ હતી. સરકારી કચેરીના પરિસરમાં જ આ રીતે વેચાણ થતું હોવા છતાં સિક્યુરિટી ગાર્ડ્સ અને સંબંધિત તંત્ર દ્વારા સમયસર કાર્યવાહી કેમ ન કરવામાં આવી? શું સરકારી કચેરીના પટાંગણમાં કોઈપણ વ્યક્તિ આવીને વેપાર કરી શકે છે? તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે. ■

# ગણેશોત્સવ પૂર્વે ભાવનગરમાં ગણેશમય માહોલઃ મનમોહક મૂર્તિઓએ આકર્ષણ જમાવ્યું


તસવીર - વિપુલ હિરાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગણેશોત્સવને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાવનગર શહેર ધીમે ધીમે ગણેશમય બની રહ્યું છે. શહેરના બજારો અને વિવિધ સ્ટોલ-સેન્ટરોમાં વિઘ્નહર્તા શ્રી ગણેશજીની એકથી એક નયનરમ્ય અને કલાત્મક પ્રતિમાઓનું આગમન થતાં ગણેશભક્તોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અહીં ગણેશજીની પ્રતિમાઓ રૂ. ૨૦૦થી લઈને રૂ. ૪૦,૦૦૦ સુધીના ભાવમાં ઉપલબ્ધ છે. જવાહર મેદાન, નારી ચોકડી, ભાવનગરપરા, રામમંત્ર મંદિર રોડ તેમજ ગુલીસ્તા નજીક ગણેશજીની પ્રતિમાઓના સ્ટોલ ધમધમવા લાગ્યા છે. ભક્તો પરિવાર સાથે મનગમતી શ્રીજીની પ્રતિમા પસંદ કરવા માટે સ્ટોલ પર પહોંચી રહ્યા છે. ગણેશોત્સવ નજીક આવતાં આગામી દિવસોમાં મૂર્તિઓની ખરીદીમાં વધુ તેજી આવવાની શક્યતા છે. ખાસ કરીને વાઘાવાડી રોડ ખાતે આવેલી સીતારામ મૂર્તિ આર્ટ ખાતે બોમ્બેના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલી સંપૂર્ણ હાથ બનાવટની ગણેશજીની વિવિધ સ્વરૂપની પ્રતિમાઓ ભક્તોનું ધ્યાન ખેંચી રહી છે. કલાત્મક કારીગરી, આકર્ષક મુખાકૃતિ અને અલગ-અલગ સ્વરૂપમાં તૈયાર કરવામાં આવેલી મૂર્તિઓને નિહાળવા માટે લોકોની અવરજવર જોવા મળી રહી છે. ■

# જાણીતા પત્રકાર પ્રફુલ્લ પંડ્યાનું નિધન

મુંબઈઃ મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય પરિષદનો એવોર્ડ મેળવનારા મુંબઈ સમાચારના ભૂતપૂર્વ પત્રકાર અને જાણીતા સાહિત્યકાર પ્રફુલ્લ પંડ્યા (ઉ.વ. ૭૦)નું મંગળવારે સવારે ૮.૦૦ વાગ્યે બીમારીને પગલે નિધન થઈ ગયું હતું.

મુંબઈ સમાચાર સહિત મુંબઈના મોટાભાગના અગ્રણી અખબાર અને સામયિકોમાં કામ કરી ચૂકેલા પ્રફુલ્લ પંડ્યા ઘણા સારા કવિ/ગીતકાર હતા. ૨૦૨૬ના વર્ષમાં તેમના કેટલાક પુસ્તકો પ્રકાશિત થયા હતા અને આ જ વર્ષે તેમને સાહિત્ય પરિષદનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. તેમના પરિવારમાં ચાર બહેનો જયશ્રીબહેન, સરોજબહેન, નીતાબહેન અને નિકેતાબહેન અને પુત્રી નીતિનો સમાવેશ થાય છે. કવિ પ્રફુલ્લ પંડ્યાને મોરારીબાપુ, કેન્દ્રીય પ્રધાન પુરુષોત્તમ રૂપાલા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા, તેમને પ્રતિષ્ઠિત કવિ દલપત એવોર્ડ દ્વારા પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. વસઈ નજીક વજ્રેશ્વરીમાં નિવાસ કરી રહેલા પ્રફુલ્લ પંડ્યાની તબિયત છેલ્લા કેટલાક વખતથી નાદુરસ્ત હોવાનું તેમના પરિવાર પાસેથી જાણવા મળ્યું હતું.

# ગુજરાતી અગ્રણી હેમરાજ શાહનું નિધન

મુંબઈઃ બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ તેમ જ મહારાષ્ટ્ર ગુજરાતી સમાજના સ્થાપક અને પ્રખર સાહિત્યપ્રેમી, લેખક, વરિષ્ઠ પત્રકાર તેમ જ માર્ગદર્શક, સમાજસેવક તેમ જ વિશ્વ ગુજરાતી સમાજના વરિષ્ઠ વાઇસ પ્રૅસિડન્ટ હેમરાજ શાહ (૮૬)નું મંગળવારે મુંબઈ મુકામે બપોરે ૨.૩૬ વાગ્યે નિધન થતાં મહારાષ્ટ્રના ગુજરાતી-કચ્છી સમાજને મોટી ખોટ પડી છે. છેલ્લા કેટલાક સમયથી બીમારી સાથે જંગ લડી રહેલા હેમરાજ શાહના પરિવારમાં પુત્ર અરવિંદ અને ઉદયનો સમાવેશ થાય છે. તેમના પત્ની જેમના નામે તેઓ રેખા પ્રકાશન ચલાવતા હતા તેમનું આ પહેલાં જ નિધન થઈ ગયું હતું.

‘મુંબઈ સમાચાર’ સાથે હેમરાજ શાહનો ગૌરવપૂર્ણ સંબંધ રહ્યો. આ લોકપ્રિય અખબારમાં તેમણે છ વર્ષ સુધી બૃહદ્ કચ્છ નામની કોલમ અને નવ વર્ષ સુધી વિમર્શ નામની કોલમ લખી હતી.



૨૦૨૪માં ‘મુંબઈ સમાચાર’એ હેમરાજ શાહને શ્રી રૂસ્તમજી મંચેરજી કામા સમાજ ગૌરવ અવૉર્ડથી સન્માનિત કર્યા હતા. એ સમયે ‘મુંબઈ સમાચાર’નો સ્થાપના દિન પહેલી જુલાઈ ગુજરાતી પત્રકારત્વ દિન તરીકે ઉજવાય એવી ઈચ્છા તેમણે વ્યક્ત કરી હતી. હેમરાજ શાહની પ્રમુખ ઓળખ કચ્છી વેપારીની ખરી, પણ તેમણે નિઃસ્વાર્થ ભાવથી અનેક સામાજિક કાર્યો કર્યા. બિઝનેસની સાથે સાથે સાંસ્કૃતિક નાતો જાળવી રાખી સમાજને ઉપયોગી થાય એવી વિવિધ પ્રવૃત્તિઓ પણ કરી. લેખન, અભિનય, પત્રકારત્વ જેવા ક્ષેત્રમાં ઘણું યોગદાન આપ્યું. ઘણી સિદ્ધિ મેળવી, પુષ્કળ રેકોર્ડ નોંધાવ્યા અને અનેક અવૉર્ડ સુધ્ધાં મેળવ્યા. ‘કચ્છ શક્તિ’ દૈનિક પ્રકાશનનું તંત્રીપદ ૪૫ વર્ષ સુધી તેમણે સંભાળ્યું હતું. હેમરાજ શાહએ નોટબુક - પાઠ્યપુસ્તક પ્રકાશનના વ્યવસાય ઉપરાંત બીજી પણ કેટલીક પ્રવૃત્તિઓ કરી. મુંબઈમાં ‘ગુજરાત ભવન’ની સ્થાપના તેમ જ મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમી શરૂ કરવામાં નિમિત્ત બની સિંહફાળો આપ્યો હતો. ફિલ્મ અને નાટકની દુનિયામાં પણ લટાર મારી આવ્યા હતા. ૧૯૬૦માં આવેલી ‘અપના ઘર’ ફિલ્મમાં અભિનેત્રી બેબી નંદા સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. શૈલેષ દવેના આગ્રહથી ૧૯૭૫ - ૭૬માં ‘હે ઈશ્વર ભજીયા તળે’ નામના નાટકમાં રોલ પણ કર્યો હતો.

# વેસ્ટર્ન ફ્રેટ કોરિડોરથી લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે, ચીન સાથે સ્પર્ધા કરવામાં મદદ મળશેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે 'વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર' ભારતનો લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડીને લગભગ ૭ ટકા સુધી લાવશે, જેનાથી દેશ ચીન સાથે સ્પર્ધા કરવા અને વૈશ્વિક સપ્લાય ચેઇનને વધુ મજબૂત કરવા સક્ષમ બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વડોદરાની મુલાકાત દરમિયાન 'વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર'ના ત્રણ મહત્વપૂર્ણ વિભાગોનું ઉદ્દઘાટન કર્યું. આ કોરિડોર નવી મુંબઈના જવાહરલાલ નેહરુ પોર્ટને ઉત્તર પ્રદેશના દાદરી સાથે જોડે છે.

‘‘ભારતનો લોજિસ્ટિક્સ ખર્ચ લગભગ ૧૪ ટકા હતો,વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઘટાડીને ૧૦ ટકા સુધી લાવ્યા, જ્યારે ચીનમાં તે ૭ ટકા હતો. પરંતુ આ ‘ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર’ (માલવાહક કોરિડોર) દ્વારા અમે તેને ઘટાડીને ૭ ટકા પર લાવીશું. આપણે ચીન સાથે સ્પર્ધા કરી શકીશું અને વૈશ્વિક સપ્લાય ચેઇનનો હિસ્સો બની શકીશું,‘‘ તેમ ફડણવીસે નવી મુંબઈના ઉરણ ખાતે પત્રકારોને જણાવ્યું હતું. ફડણવીસે જણાવ્યું હતું કે ૧,૬૦૦ કિલોમીટરનો આ કોરિડોર, અનેક રાજ્યોમાંથી પસાર થઈને ઉત્તર પ્રદેશને જવાહરલાલ નેહરુ પોર્ટ સાથે જોડે છે, તે દેશના લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે. તેમણે કહ્યું કે માલસામાનનું પરિવહન રેલવે દ્વારા ‘ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેનો’માં કરવામાં આવશે, જેમાં એક કન્ટેનરની ઉપર બીજું કન્ટેનર મૂકવામાં આવે છે; તેમણે ઉમેર્યું કે આવી એક ટ્રેન ૨૫૦ ટ્રક દ્વારા વહન કરવામાં આવતા માલસામાનની સમકક્ષ માલનું વહન કરી શકે છે.

મુખ્યપ્રધાને નોંધ્યું કે ઇલેક્ટ્રિક ટ્રેનો પેટ્રોલ અને ડીઝલની બચત કરવામાં તથા પ્રદૂષણ ઘટાડવામાં મદદરૂપ થશે. તેમણે ઉમેર્યું કે, સડક માર્ગે માલસામાનની હેરફેર કરવામાં લગભગ ત્રણ દિવસનો સમય લાગે છે, જ્યારે ફ્રેઇટ કોરિડોર આ જ હેરફેર લગભગ ૧૨ કલાકમાં પૂર્ણ કરશે. આ કોરિડોર મહારાષ્ટ્ર માટે વિશેષ મહત્વનો છે કારણ કે તેનું અંતિમ ગંતવ્ય જેએનપીટી છે. ફડણવીસે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટથી ઉદ્યોગ અને વેપારને લાભ થશે, નિકાસ-આયાત આધારિત ઉદ્યોગો વધુ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનશે અને મહારાષ્ટ્રમાં મોટા પાયે રોજગારીનું સર્જન થશે.

તેમણે આ પ્રોજેક્ટમાં સહાય બદલ વડાપ્રધાન મોદી, રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ, ભારત સરકાર તેમજ જાપાન ઇન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી અને જાપાન સરકારનો આભાર માન્યો હતો. (પીટીઆઈ)

# મહારાષ્ટ્ર સરકારે બે દિવસમાં અનામતનો ઉકેલ લાવવો જોઈએઃ એનસીપી (એસપી)

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)એ મંગળવારે કહ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે આગામી તહેવારોની મોસમ પહેલા સામાજિક એકતા અને શાંતિ જળવાઈ રહે એ માટે બે દિવસમાં મરાઠા-ઓબીસી અનામતનો મુદ્દો ઉકેલવો જોઈએ. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાજ્ય એનસીપી (એસપી)ના પ્રમુખ શશિકાંત શિંદેએ શાસક ગઠબંધનની આંતરિક ખેંચતાણ ભૂખ હડતાળ પર ઊતરેલા મરાઠા કાર્યકર મનોજ જરાંગેને આપવામાં આવેલા ખાતરીઓને અવરોધી રહી હોવાનો આરોપ તેમણે કર્યો હતો. મુખ્ય પ્રધાનદેવેન્દ્ર ફડણવીસ આયોજિત મરાઠા અને ઓબીસી સમુદાયના પ્રતિનિધિઓની ઉચ્ચસ્તરીય બેઠકનું પરિણામ શું આવે છે તે જોવું પડશે એનો ઉલ્લેખ કરી શિંદેએ જણાવ્યું હતું કે ‘તહેવારોની મોસમ પહેલા સામાજિક તણાવ વધે એ બરાબર નથી. સરકારે બે દિવસમાં ઉકેલ શોધવો જોઈએ. રાજકીય પક્ષોએ ચૂંટણી દરમિયાન આપેલા વચનોનો અમલ હવે સરકારે કરવો પડશે. દરેક સમુદાયને લાગે છે કે તેની સાથે અન્યાય થઈ રહ્યો છે. આ હવે સરકાર માટે એક કસોટી છે.’મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન પરીક્ષાના પેપર લીક અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા વિરોધ અંગે શિંદેએ કહ્યું કે પરીક્ષાઓમાં કથિત ગેરરીતિનો વિરોધ કરી રહેલા યુવાનોને ટેકો આપવો એ તમામ રાજકીય પક્ષોની ફરજ છે. (પીટીઆઈ)

# મરાઠા અનામતઃ અન્ય સમુદાયોમાંથી કોઈ હિસ્સો ઘટશે નહીંઃ ફડણવીસ

મુંબઈઃ મરાઠા અનામત માટે લડત ચલાવી રહેલા આંદોલનકર્તા મનોજ જરાંગેના ઉપવાસને ૧૧ દિવસ થઈ ગયા છે ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે સરકાર બંધારણ હેઠળ જે કંઈ માન્ય છે તે આપવામાં આવશે. એક સમુદાયના હિસ્સામાંથી બીજા સમુદાયને કંઈ નહીં મળે. તેઓ મરાઠા અનામતના મુદ્દા પરના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. સરકાર દ્વારા જરાંગેના આંદોલન અંગે ચર્ચા કરવા માટે મોડી રાત્રે બેઠક યોજાઈ હોવાના અહેવાલ મળ્યા હતા.

૨૯ ઓગસ્ટે જાલના જિલ્લાના અંતરાવલી સરાટી ગામમાં ભૂખ હડતાળ શરૂ કરનાર જરાંગે મરાઠા સમુદાય માટે ઓબીસી શ્રેણી હેઠળ અનામતની માગ કરી રહ્યા છે, જેમાં હૈદરાબાદ અને સતારા ગેઝેટ રેકોર્ડનો અમલ અને મરાઠા સમુદાયના લાયક સભ્યોને કુણબી જાતિ પ્રમાણપત્રો આપવાનો સમાવેશ થાય છે. અન્ય પછાત વર્ગના કાર્યકરોએ પણ ઓબીસી સમુદાયના બંધારણીય અધિકારો અને અનામત હિસ્સાના રક્ષણ માટે ગામમાં આંદોલન કર્યું હતું.

ફડણવીસે જણાવ્યું હતું કે શાસક ગઠબંધને અત્યાર સુધી (મરાઠા) સમુદાયને લગતા તમામ મોટા નિર્ણયો લીધા છે અને બંધારણના માળખામાં અને કોર્ટના આદેશોને આધીન રહીને આગળના કોઈપણ નિર્ણયો લેવા પડશે. નવી મુંબઈના ઉરણ ખાતે તેમણે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે ‘બંધારણ હેઠળ જે કંઈ માન્ય છે તે ચોક્કસપણે આપવામાં આવશે.

# મલાડમાં ઓછા પાણીને મુદ્દે નગરસેવકોના ધરણાં

## સંબંધિત અધિકારીઓને સસ્પેન્ડ કરવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવ નજીક છે ત્યારે મલાડમાં ઓછા દબાણ સાથે અપૂરતું પાણી મળી રહ્યું હોવાથી નાગરિકો પરેશાન થઈ ગયા છે, ત્યારે સતત ફરિયાદ કર્યા બાદ પણ દુલર્ક્ષ કરનારા પ્રશાસનના અધિકારીઓના વલણ સામે મલાડના નગરસેવકોએ મંગળવારે પાલિકાની મલાડની ઓફિસ બહાર ધરણા કર્યા હતા. એટલું જ નહીં પણ પાલિકાની સામાન્ય સભામાં પાણીને મુદ્દે સંબંધિત અધિકારીઓને નિલંબિત કરવાની માગણી પણ કરી હતી.

પશ્ચિમ ઉપનગરના ગોરેગામથી બોરીવલી વિસ્તારમાં હંમેશાથી ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થઈ રહ્યો હોવાની ફરિયાદ રહી છે ત્યારે મલાડમાં છેલ્લા અનેક દિવસોથી ઓછા દબાણ સાથે પાણી મળી રહ્યું હોવાની ફરિયાદ નાગરિકો કરી રહ્યા છે. આ બાબતે પાલિકાના પી-પૂર્વ અને પી-ઉત્તર વોર્ડની પ્રભાગ સમિતિમાં આ મુદ્દો ચર્ચા માટે અગાઉ આવી ચૂક્યો હતો પણ નગરસેવકોની ફરિયાદ પ્રત્યે ધ્યાન આપવામાં આવતું ન હોવાના મુદ્દા સાથે સ્થાનિક નગરસેવક અજિત રાવરાણે મંગળવારે પી-ઉત્તર વોર્ડની ઓફિસ બહાર પાણીના હાંડા સાથે ધરણાં પર બેસી ગયા હતા અને બાદમાં અન્ય નગરસેવકો પણ તેમની સાથે જોડાયા હતા. છતાં પી-પૂર્વ અને પી-ઉત્તર વોર્ડના આસિસ્ટન્ટ કમિશનરોએ આ બાબતે કોઈ જવાબ આપ્યો નહોતો.

સ્થાનિક નગરસેવક અજિત રાવરાણે મંગળવારે પાલિકાની સામાન્ય સભામાં પાણીના મુદ્દે પોઈન્ટ ઓફ ઓર્ડર લઈને પ્રશાસનનું ધ્યાન દોર્યું હતું. અન્ય નગરસેવકોએ પણ મુંબઈના જુદા જુદા વિસ્તારમાં થઈ રહેલા અપૂરતા પાણીપુરવઠાને લઈને પ્રશાસનને ફરિયાદ કરી હતી. આ દરમ્યાન મંગળવારે મલાડની પાલિકાની ઓફિસમાં નગરસેવકોના ધરણાં બાદ પણ પાલિકા અધિકારીઓને તેની દખલ નહીં લેતા બહુમતીએ નગરસેવકોએ સંબંધિત અધિકારીઓને સસ્પેન્ડ કરવાની માગણી કરી હતી.

સ્થાનિક નગરસેવક અજિત રાવરાણેએ ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે હાલ સમગ્ર મલાડમાં ઓછા પાણીની ફરિયાદ થઈ રહી છે. મલાડ પૂર્વમાં પાણીની ચોરી થાય છે. અહીં મોટા પ્રમાણમાં કારખાનાઓ આવેલા છે, જેમાં ૫૦થી ૧૦૦ કામગારો કામ કરતા હોય છે. અહીં કારખાનાઓમાં બેથી ત્રણ મોટર બેસાડવામાં આવેલી છે, ગેરકાયદે રીતે બેસાડેલી મોટરો સમગ્ર પાણી ખેંચી લેતી હોય છે અને તેને કારણે આજુબાજુના વિસ્તારોને ઓછું પાણી મળી રહ્યું હોવા બાબતે અનેક વખત પ્રભાગ સમિતિમાં ધ્યાન દોરવામાં આવ્યું હતું. સંબંધિત અધિકારીને જગ્યા પર લઈ જઈને પરિસ્થિતિથી વાકેફ પણ કર્યા હોવા છતાં કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. તેથી નાછૂટકે મંગળવારે પાણીને મુદ્દે મલાડમાં ધરણા કરવા પડયાં હતા પણ અધિકારીઓ નગરસેવકોને પણ ગણકારતા નથી.

# શિવસેના કાર્યકરો સામે પોલીસની નિષ્ક્રિયતા બદલ હાઈ કોર્ટે પાલઘરના એસપીને સમન્સ પાઠવ્યું

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે પાલઘરના પોલીસ અધિક્ષકને કોર્ટ સમક્ષ હાજર રહેવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ જિલ્લામાં તબીબી સ્ટાફ પર હુમલો કરનારા અને હોસ્પિટલમાં તોડફોડ કરનારા શિવસેનાના કાર્યકરો સામેના કેસમાં કાર્યવાહી ન કરવાના આક્ષેપોના સંદર્ભમાં આપવામાં આવ્યો છે.

ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરી અને કમલ ખાટાની ડિવિઝન બેન્ચે આ સમન્સ જારી કર્યા હતા. તેમને જાણ કરવામાં આવી હતી કે રિલીફ હોસ્પિટલમાં થયેલી તોડફોડ અને હુમલાની તપાસમાં સ્થાનિક પોલીસે ‘‘કોઈ ગંભીર પગલાં લીધાં નથી.’’

થાણેની એક સિવિક હોસ્પિટલમાં જુલાઈ મહિનામાં થયેલા હુમલા (જેમાં શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રે આરોપી છે) અંગેની અરજી પર બેન્ચ ‘સુઓ મોટો’ સુનાવણી કરી રહી હતી, ત્યારે વરિષ્ઠ વકીલ અશોક મુંડરગીએ તેમને પાલઘરની હોસ્પિટલમાં બનેલી આવી જ એક ઘટના વિશે જાણ કરી હતી.

પાલઘરમાં, ઈજાગ્રસ્ત પાંચ ‘ગોવિંદા’ઓને સારવાર માટે રિલીફ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમાંથી ત્રણને આઇસીયુમાં રાખવામાં આવ્યા હતા. ડોક્ટરોએ આઇસીયુમાં દાખલ દર્દીઓને સીટી સ્કેન કરાવવાની સલાહ આપી હતી, પરંતુ શિવસેનાના કેટલાક કાર્યકરો હોસ્પિટલમાં ઘૂસી આવ્યા, હોસ્પિટલમાં તોડફોડ કરી, ડોક્ટરોને ધમકાવ્યા, કેટલાક કર્મચારીઓ પર હુમલો કર્યો અને દર્દીઓને બળજબરીથી તેમની સાથે લઈ ગયા, તેમ મુંડરગીએ કોર્ટને જણાવ્યું હતું.

તેમણે દાવો કર્યો હતો કે ‘અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ’ હેઠળ ડોક્ટરો વિરુદ્ધ એફઆઈઆર નોંધવા માટે પોલીસ પર દબાણ હતું.

# મહાયુતિમાં અસંતોષની ચર્ચા શિંદેના ધારાસભ્યને કૉંગ્રેસની ઓફર

નાગપુરઃ એક તરફ રાજ્યના રાજકારણમાં ‘ઓપરેશન લોટસ અને ઓપરેશન ટાઈગર’ની ચર્ચાઓએ જોર પકડ્યું છે, ત્યાં હવે ભંડારાથી પણ પક્ષપલટાના રાજકારણને વેગ મળ્યો છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાના ભંડારા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય નરેન્દ્ર ભોંડેકરને કૉંગ્રેસમાં જોડાવાની ઓફર આપવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. ભંડારા જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ મુકુંદ સાખરકરે ભોંડેકરને કૉંગ્રેસમાં આવવાની ઓફર આપી હોવાનું કહેવાય છે, જેના કારણે ભંડારા જિલ્લાના રાજકીય વાતાવરણમાં ચર્ચાઓ જોર પકડ્યું છે.

દરમિયાન, ધારાસભ્ય નરેન્દ્ર ભોંડેકરે સ્પષ્ટ કર્યું હતું કે તેમને સાખરકર તરફથી સીધી કોઈ ઓફર મળી નથી. સવારથી કેટલાક લોકોના ફોન આવ્યા હતા અને તેના પરથી જાણવા મળ્યું કે કૉંગ્રેસ જિલ્લા પ્રમુખ મુકુંદ સાખરકરે તેમને કૉંગ્રેસમાં આવવાની ઓફર આપી છે, તેમ ભોંડેકરે જણાવ્યું હતું. સાખરકર સારા વ્યક્તિ છે, તેમણે પ્રેમથી કે મજાકમાં એવું કહ્યું હશે. જોકે, આ સમય કોઈ ઓફરનો નથી અને આ વિષય એટલો મહત્વનો પણ નથી. ભંડારા જિલ્લાના વિકાસ પર આપણું ધ્યાન છે અને અગાઉ મંજૂર થયેલા કામો પૂર્ણ કરવાની સાથે જ નવા કામોને મંજૂરી અપાવવાનો પ્રયાસ છે, તેમ નરેન્દ્ર ભોંડેકરે જણાવ્યું હતું. છેલ્લા કેટલાક દિવસોથી નરેન્દ્ર ભોંડેકર મહાયુતિથી નારાજ હોવાની ચર્ચાઓ ચાલી રહી હતી. ભંડારા જિલ્લામાં શિવસેના અને ભાજપના સ્થાનિક હોદ્દેદારો વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપ શરૂ હોવાના કારણે મહાયુતિમાં બધું બરાબર નથી તેવું ચિત્ર ઊભું થયું હતું. આ અંગે પૂછવામાં આવતાં ભોંડેકરે કહ્યું કે, જે પણ આક્ષેપ-પ્રતિઆક્ષેપ હતા, તેના પર અમારા જિલ્લા પ્રમુખે વીડિયોના માધ્યમથી વલણ સ્પષ્ટ કર્યું છે. શિવસેના અને ભાજપના જિલ્લા પ્રમુખોએ નક્કી કર્યું છે કે હવે આ વિષય પર કોઈએ કંઈ બોલવું નહીં. સોશ્યલ મીડિયા પર પણ કોઈ આ વિષય પર બોલશે નહીં. જેણે આ વિષય શરૂ કર્યો હતો, તેને જવાબ આપવાનું કામ અમારા તરફથી થયું હતું, પરંતુ હવે આ બાબત પૂર્ણ થઈ ગઈ છે અને સૌએ વિકાસ કામો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

# મહારાષ્ટ્ર સરકારે ઝૂંપડપટ્ટીમાં રહેનારાઓ માટે ‘અભય’ યોજનાના વિસ્તરણની જાહેરાત કરી

મુંબઈ : મહારાષ્ટ્રના પ્રધાન આશિષ શેલારે મંગળવારે ‘અભય’ યોજનાના વિસ્તરણની જાહેરાત કરી હતી, જેના હેઠળ લગભગ ૨૫,૦૦૦ ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને આવરી લેવામાં આવશે.

આ યોજનાનો લાભ હાલમાં એવા અટકી પડેલા પુનર્વિકાસ પ્રોજેક્ટ્સના પાત્ર રહેવાસીઓને મળે છે, જેના માટે ૨૦૧૧ પહેલાં ‘એનેક્સર-૨’ તૈયાર કરવામાં આવ્યું હતું.

ઝૂંપડપટ્ટીના એવા રહેવાસીઓ જેમનાં બાંધકામોને તે સમયે અપાત્ર જાહેર કરવામાં આવ્યાં હતાં પરંતુ જેઓ પછીના નિયમો હેઠળ પાત્ર બની શક્યા હતા, તેમજ ‘એનેક્સર-૨’ તૈયાર થયા બાદ બાંધકામોની ફેરબદલીઓને કારણે જે રહી ગયા હતા, તેઓને આમાં આવરી લેવામાં આવ્યા નહોતા.

મુંબઈ ઉપનગર જિલ્લાના પાલક પ્રધાન (ગાર્ડિયન મિનિસ્ટર) શેલારે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, આ યોજનાનો વ્યાપ હવે એવા ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ સુધી વધારવામાં આવશે જેમનાં બાંધકામો ૨૦૦૦ પહેલાં અથવા ૨૦૦૦ અને ૨૦૧૧ની વચ્ચે અસ્તિત્વમાં હતાં, પરંતુ ‘એનેક્સચર-૨’ તૈયાર થયા બાદ થયેલી ફેરબદલીઓને કારણે તેઓ આ યોજનામાંથી બાકાત રહી ગયા હતા.

તેમણે અધિકારીઓને વર્ષ ૨૦૦૦-૨૦૧૧ના સમયગાળાના પાત્ર અને બિન-પાત્ર ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને ‘અભય’ યોજના હેઠળ આવરી લેવા માટે જરૂરી પગલાં લેવાનો પણ નિર્દેશ આપ્યો હતો. ‘‘આ નિર્ણયથી ‘અભય’ યોજનાનો લાભ લગભગ ૨૫,૦૦૦ ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને મળશે,’’ તેમણે કહ્યું. પીટીઆઈ

## જૈન મરણ

માંગરોળ નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. હંસાબેન ચંદ્રકાન્ત ગોસલીયાના સુપુત્ર તથા હર્ષદ જયસુખલાલ ચોવટીયાના જમાઇ. દિપેશ ચંદ્રકાન્ત ગોસલીયા (ઉં. વ. ૫૭) તા. ૭-૯-૨૬ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે શીતલબેનના પતિ. નૈનેશના મોટાભાઇ. હેમાલીબેનના જેઠ. રોશનના પિતાશ્રી. લૌકિક વ્યવહાર તેમ જ પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી.

**દશા શ્રીમાળી ઝાલાવાડી મૂર્તિપૂજક જૈન**

ચુડા નિવાસી હાલ માટુંગા વિમળા નરોતમદાસ કપાસી (ઉં. વ. ૯૯) સોમવાર તા. ૭-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નરોતમદાસ અમુલખ કપાસીના ધર્મપત્ની. કમલા ડો. દેવકરણ શાહની પુત્રી. નીના પ્રદીપ, નિતા જતીન, શીતળ ચંદ્રેશ, હિમાદ્રી ભાવેશ નરેચાનિઆના માતુશ્રી. લબ્ધિ ચિંતન, જહાનવી જશ, કેતકી આદિત, સિદ્ધિ અને પાર્થના દાદીમા. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

**શ્વેતાંબર સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ વસઇ ગં. સ્વ. ભાનુમતીબેન વ્રજલાલ મહેતા (ઉં. વ. ૯૦) તા. ૭-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વ્રજલાલ બેચરદાસ મહેતાના પત્ની. તે લક્ષ્મીચંદ કૃપાશંકર મહેતાના દીકરી. ઉપેન્દ્રભાઇ, હર્ષિદાબેન, ઉષાબેન, સુલોચનાબેન, જાગૃતિ, જવનીકાના માતા. તે ભાવનાબેન, નીતિનભાઇ, વિરેન્દ્રભાઇ, મનીષભાઇ, અતુલભાઇ, પ્રવિણભાઇના સાસુ. તથા સ્વ. હસમુખભાઇ મહેતાના બેન. સુરભી અને યશના દાદી. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

છસરાના જયેશ ચુનીલાલ ગંગર (ઉં.વ.૫૧)૫/૯/૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી નેણામા ખીમજી માલશીના પૌત્ર. સ્વ.વિમળાબેન ચુનીલાલ ગંગરના પુત્ર, સ્વ. ભરતના ભાઈ. કપાયાના લક્ષ્મીબેન ભવાનજી સંગોઈના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી.નિ. આશાબેન છેડા, એ/૨૦૬, ભગવતી આશિષ બિલ્ડિંગ, નટવર નગર રોડ નંબર ૪, જોગેશ્વરી (ઇસ્ટ). મુંબઈ-૬૦.

કપાયાના વલ્લભજી ભવાનજી સંગોઈ (ઉં.વ.૭૪) ૫-૯-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ભવાનજીના પુત્ર. મંજુલાના પતિ. સુહેલના પિતા. રાજેશ, કાંતા, હેમલતા, ઉમા, ગીતા, મીનાના ભાઈ. ભુજપુર નિર્મલાબેન ભાણજી લાલજી ભેદાના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩:૩૦.

કોટડા રોહાના શ્રી વલ્લભ પાસુ છેડા (ઉં.વ.૭૪)૭-૯-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી દેવાંબાઈ નરશીના પૌત્ર. માતુશ્રી સાકરબેન પાસુના સુપુત્ર. હેમરાજ, નાનજી, હરખચંદ, કિર્તી, દિપકના ભાઈ. મકડાના મેઘબાઈ ગેલા નરશીના દોહિત્ર. પ્રા. કાલિદાસ મેરિજ હોલ, પી.કે.રોડ, મુલુંડ (વે). ૨ થી ૩.૩૦.

નાના ભાડિયાના લીલાવંતી સૂર્યકાંત ગડા (ઉ.વ.૬૯) ૭-૯-૨૦૨૬ ના અવસાન પામ્યા છે. મમીબાઈ, મુરીબાઈ ભાણજીના પુત્રવધૂ. સૂર્યકાંતના પત્ની. અમિત, જીગરના માતા. દેશલપુર (કંઠી) ભાણબાઈ દેવજી શીવજી દેઢિયાના પુત્રી. ટોકરશી, નાનજી, ચાંપશી, જયંતિલાલ, દિનેશ, કપાયા હેમલતા લક્ષ્મીચંદ, ધનવંતી શાંતિલાલ, વસંતબાળાના બેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

સુવઇના ભાણજી ફરીયા (ઉ.વ.૭૯) ૬-૯-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી મોંઘીબેન શીવજી લખમશી ફરીયાના સુપુત્ર. કંકુબેનના પતિ. કિશોર, વિરેન્દ્ર, નીતાના પિતાશ્રી. સ્વ. દિવાળીબેન/ગં.સ્વ. મણીબેન પોપટલાલના ભાઇ. રવના માતુશ્રી વીરાબેન પાંચુભાઇના જમાઇ. પ્રાર્થના સભા : બુધવાર, તા. ૯-૯-૨૬, ૧૦.૩૦ થી ૧૨. જાપ : ૧૨.૦૦ થી ૧૨.૩૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, તળાવપાળી, થાણા (વે.) ૪૦૦૬૦૧.

ડોણના માતુશ્રી જવેરબેન પ્રેમજી ગોગરી (ઉં.વ.૯૬) ૭-૯-૨૬ના અવસાન પામેલ છે. ભાણબાઇ ખીમજીના પુત્રવધૂ. સ્વ. પ્રેમજીના ધર્મપત્ની. વિનય, પ્રફુલ, જીતેન્દ્ર, રસીકાના માતુશ્રી. ડોણના દેવકાંબેન ટોકરશી પૂંજા છેડાના પુત્રી. તલકશી, વિદ્યાચંદ, શાંતીલાલ, સરસ્વતી, જમનાબેન, દિવાળીબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિનય પ્રેમજી ગોગરી, ૬૦૧/૬૦૨, અન્નપૂર્ણા ભૂવન, છઠ્ઠો માળો, મહિલા આશ્રમ રોડ, કીંગ સર્કલ, માટુંગા (ઈ), મુંબઈ - ૧૯.

## પારસી મરણ

ફરામરોઝ બેહરામ દારૂખાનાવાલા તે મરહુમો બાઇમાય તથા બહેરામના દીકરા. તે મરહુમ રતામાયના ભાઇ. તે બહેરામ શાપુરજી લાકડાવાલા, નોશીર સોરાબ ભરૂચા તથા નાદીર સોરાબ ભરૂચાના કઝીન. (ઉં. વ. ૭૮) રે. ઠે. ફ્લેટ નંબર-૨, ત્રીજે માળે, દેનુ બિલ્ડિંગ, ડો. બાબાસાહેબ આંબેડકર રોડ, મેન રોડ,મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૯-૨૬ના દિવસે સાંજે ૩.૪૦ એ ડુંગરવાડી ભાભા નંબર ૧ની બંગલીમાં કરવામાં આવશેજી.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ નલીયાવાળા સ્વ. સુરેશકુમાર કલ્યાણજી મડીયારના ધર્મપત્ની રશ્મીબેન (ઉં. વ. ૬૮) તે પ્રજ્ઞેશ અને ચીરાગના માતા. અલ્પા અને અરુણાના સાસુ. તે રીષભ, માયરા અને માનવીકના દાદી. ભાનુમતી દામોદર પૂંજાણી ગામ ગઢશીશાવાલાની પુત્રી. કુસુમબેન ચંદ્રીકાબેન અને અશોકના ભાભી. તા ૭-૯-૨૬ સોમવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**વિશા શ્રીમાળી સોની**

પાટણ નિવાસી હાલ મુંબઇ મીનાક્ષીબેન પ્રવિણચંદ્ર જડિયા તે સ્વ. પ્રવિણચંદ્ર ઇશ્વરલાલ જડિયાના ધર્મપત્ની તા. ૬-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સંજય, ઉર્મી, અપર્ણાના માતુશ્રી. તથા સેજલ, ગિરીશ, હીરવના સાસુ. દેવાંશી, તૃષિતાના દાદી. તે પ્રતિક, જુગલ, ધનીશના નાની. પ્રાર્થનાસભા તા. ૧૦-૯-૨૬ ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે. જલારામ હોલ એન.એસ. રોડ નં.૬, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ), લૌકિક ક્રિયા તથા વ્યવહાર બંધ છે.

**નવગામ હાલાઈ ભાટિયા**

હાલ મુંબઈ, અ.સૌ. રમાબેન કૃષ્ણકુમાર વેદ (ઉં.વ.૭૫) તે સ્વ. રમીબેન વિઠ્ઠલદાસ વેદનાં પુત્રવધૂ. સ્વ. પ્રમિલાબેન, સ્વ. ધીરુભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. દિલીપભાઈ અને સ્વ. શારદાબેનનાં ભાભી. ગો.વા. જડીબેન હીરાલાલ ઉદેશીનાં દીકરી, સોનલ કૌશિક ગાંધી, શિવાંગી વિજિત વેદ, કોમલ જય પટેલ, કિંજલ મેહુલ નેગાંધીનાં માતુશ્રી. પાર્થ, જહાન્વી, કૃપા, હર્ષિત, રાજવીર, નીતિનાં દાદી-નાની. અ.સૌ. હંસાબેન સુરેશભાઈ દુતિયા અને ભુપતભાઈનાં બહેન. શનિવાર ૫.૯.૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા રવિવાર ૬.૯.૨૬ના રોજ ૪:૩૦ થી ૬:૩૦. સ્વામિનારાયણ હોલ, યોગીનગર, અજમેરા સ્કૂલની સામે, બોરીવલી પશ્ચિમ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છ ગિરીનારાયણ બ્રાહ્મણ**

અશ્રુમતી અરવિંદભાઈ ભટ્ટ (ઉં.વ.૮૦) તે સ્વ. અરવિંદભાઈ ભટ્ટના ધર્મપત્ની. સ્વ. આશિષ, સ્વ. હિતેશ, પ્રિયેશના માતુશ્રી. રૂપાના સાસુ. દેવ, હૃદયા તથા યુગના દાદી. ૬/૯/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી**

ઘુઘરાળા નિવાસી હાલ ઘાટકોપર, ભુપેન્દ્રભાઈ અમૃતલાલ મયાચંદ બદાણી (ઉં.વ.૮૦) તે સ્વ. સુધાબેનના પતિ. દિવ્યેશ, જીગીષા વિશાલ દેસાઈના પિતા. સ્વ. જયસુખભાઇ, સ્વ. સવિતાબેન, નવનીત તથા વિમળાબેનના ભાઈ. સ્વ. જયાબેન ચંપકલાલ દુર્લભજી સંઘવીના જમાઈ. વિશાલના સસરા. ૬/૯/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

જયંતિલાલ લલ્લુભાઈ કડકિયા (હાલોલવાળા) (ઉં.વ.૯૯) તે સ્વ. કુસુમબહેન (ગાંડા દેસાઈ)ના પતિ. દીપક તથા રીટાના પિતા. વર્ષા તથા અભય કુમારના સસરા. ઉજાસ, રિદ્ધિ, તન્વી પલકના મોટાપપ્પા. માનસી, કેયુર, અતીથ અને કૃણાલના મોટાસસરા. ૫.૯.૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

# કાંદા અને લસણના ભાવમાં ભડકોઃ નવી મુંબઈ એપીએમસીમાં પુરવઠાની અછતથી ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

નવી મુંબઈઃ નવી મુંબઈમાં કાંદા-લસણના ભાવમાં ધરખમ વધારો થયો છે, જ્યારે વાશી એપીએમસી માર્કેટમાં વરસાદને કારણે પાકને નુકસાન થયું છે. જોકે, ગુણવત્તાવાળા કાંદા અને લસણના પુરવઠા પર અસર થઈ છે, જેથી અછત સર્જાઈ છે. છૂટક બજારમાં કાંદાના ભાવ ૭૦ રૂપિયા અને લસણ ૩૫૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યું છે, જેથી સામાન્ય જનતાની કસ્તુરી ગણાતા કાંદા પણ રસોડામાંથી ગાયબ થઈ રહ્યા છે. વાશી સ્થિત એપીએમસીની બટાટા-ડુંગળી માર્કેટમાં ડુંગળીની મોટી આવક થઈ રહી છે, પરંતુ આ આવકમાં ખરાબ ગુણવત્તાવાળી ડુંગળીનું પ્રમાણ વધુ છે. તેનાં કારણે સારા ગુણવત્તાવાળી કાંદાના જથ્થાબંધ ભાવ સતત વધી રહ્યા છે. હાલમાં જથ્થાબંધ બજારમાં નંબર-૧ ગુણવત્તાની ડુંગળીનો ભાવ ૫૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે, જ્યારે હલકી ગુણવત્તાવાળા કાંદા ૧૦થી ૨૦ રૂપિયા પ્રતિ કિલોના ઊંચા ભાવે વેચાઈ રહ્યાં છે. બીજી તરફ, છૂટક બજારમાં આ જ ડુંગળી ૬૫થી ૭૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. આ ભાવ વધારાને કારણે દરેક ગૃહિણીઓના રસોડાનું બજેટ ખોરવાઈ ગયું અને વધતા ભાવ લોકોને પરેશાન કરી રહ્યા છે. એપીએમસીની બટાટા-ડુંગળી માર્કેટમાં જથ્થાબંધ વેપાર કરતા વેપારીના જણાવ્યા અનુસાર, બુધવારે મહારાષ્ટ્રના નાશિક અને લાસલગાંવથી માર્કેટમાં ડુંગળીની ૨૧,૩૧૧ બોરી આવી હતી. આમાંથી મોટા ભાગની બોરીમાં ભીની અને ખરાબ થયેલી ડુંગળીનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. જેના કારણે માર્કેટમાં કાંદાની અછત સર્જાઈ છે. ગુણવત્તાવાળા કાંદાની અછતને કારણે સારી ગુણવત્તાની કાંદાના ભાવ સતત વધી રહ્યા છે. બુધવારે માર્કેટમાં મહારાષ્ટ્રની નંબર-૨ ગુણવત્તાની ડુંગળી ૪૫થી ૪૮ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ હતી, જ્યારે ભીની અને ડાઘવાળી ડુંગળી ૧૦થી ૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ હતી. વાશી સ્થિત એપીએમસીની બટાટા-ડુંગળી માર્કેટમાં છેલ્લા કેટલાક મહિનાથી લસણની આવકમાં પણ વધારો થયો છે. બુધવારે માર્કેટમાં લસણની ૨,૬૮૧ બોરી આવી હતી, જેમાં વિદેશથી આયાત કરાયેલા ૫૦ ટન લસણનો પણ સમાવેશ થાય છે. ડુંગળીની જેમ લસણની ગુણવત્તા પણ ખરાબ જોવા મળી રહી છે. તેના કારણે સારી ગુણવત્તાવાળા લસણનો જથ્થાબંધ ભાવ ૨૫૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઈન્ટરવલ

# શું ભારત વિશ્વની સસ્તી દવા પૂરી પાડતી ફાર્મસીમાંથી ગ્લોબલ ઈનોવેશન હબ બની શકે?

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
નિલેશ વાઘેલા

ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગે દાયકાઓ દરમિયાન વૈશ્વિક સ્તરે મજબૂત પ્રતિષ્ઠા ઊભી કરી છે. સ્પર્ધાત્મક કિંમતે ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓનું ઉત્પાદન કરવાની ક્ષમતાએ ભારતને ગ્લોબલ હેલ્થકેર સપ્લાઇ ચેઇનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન અપાવ્યું છે. જોકે, બદલાતાં સમય સાથે એક વાત સમજી લેવી આવશ્યક છે કે, ભારતીય ફાર્મા ઉદ્યોગનો આગામી વિકાસ માત્ર ખર્ચની સ્પર્ધાત્મકતા પર આધારિત નહીં રહી શકે!

ભારત ૨૦૩૦ સુધીમાં આશરે રૂ. ૧૩૦ અબજ અમેરિકન ડૉલરના ફાર્માસ્યુટિકલ માર્કેટનું લક્ષ્ય ધરાવે છે ત્યારે, ઉદ્યોગ સામે એક મૂળભૂત પ્રશ્ન ઊભો થાય છેઃ શું ભારત વિશ્વની ઓછા ખર્ચે દવાઓ પૂરી પાડતી ફાર્મસીમાંથી ગ્લોબલ ફાર્માસ્યુટિકલ ઇનોવેશનનું કેન્દ્ર બની શકે?

આ પ્રશ્નનો જવાબ એ વાત પર નિર્ભર રહેશે કે કંપનીઓ, નીતિનિર્માતાઓ અને સંશોધન સંસ્થાઓ પરંપરાગત જેનરિક દવાઓથી આગળ વધીને નવી ક્ષમતાઓમાં કેટલું રોકાણ કરે છે. સંશોધન અને વિકાસ (આરએન્ડડી), અદ્યતન ઉત્પાદન પદ્ધતિઓ, ડિજિટલ ટેક્નોલોજી, બાયોલોજિક્સ, બાયોસિમિલર્સ, સેલ અને જીન થેરાપી, ટ્રેસેબિલિટી તથા વૈશ્વિક ધોરણોની ગુણવત્તા હવે આગામી દાયકાના વિજેતાઓ નક્કી કરશે.

ભારત પાસે આ પરિવર્તન માટે જરૂરી અનેક મજબૂત આધારસ્તંભો પહેલેથી જ મોજૂદ છે. વિશાળ વૈજ્ઞાનિક અને ટેકનિકલ માનવસંસાધન, વિકસિત ઉત્પાદન ક્ષમતા અને વૈશ્વિક ફાર્માસ્યુટિકલ બજારોની ઊંડી સમજ તેની મોટી તાકાત છે. હવે પડકાર, આ શક્તિઓને ઉચ્ચ મૂલ્ય ધરાવતી બૌદ્ધિક સંપત્તિ, ઉત્પાદનો અને સેવાઓમાં પરિવર્તિત કરવાનો છે!

તેલંગાણા આ મહત્ત્વાકાંક્ષાનું એક રસપ્રદ ઉદાહરણ છે. રાજ્ય એક મહત્ત્વપૂર્ણ ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગ અને વેક્સિન હબ તરીકે ઊભરી આવ્યું છે, પરંતુ હવે તેનું લક્ષ્ય લાઇફ સાયન્સિસ ઇનોવેશનનું કેન્દ્ર બનવાનું છે. બાયોલોજિક્સ, બાયોસિમિલર્સ, સેલ અને જીન થેરાપી તથા અન્ય ટેક્નોલોજી આધારિત ક્ષેત્રો પર તેનું ધ્યાન ઉદ્યોગે કઈ દિશામાં આગળ વધવું જોઈએ તે દર્શાવે છે.

આ જ બાબત એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રેડિયન્ટ્સ (એપીઆઇ) માટે પણ લાગુ પડે છે. ભારત પાસે એપીઆઇ અને બલ્ક ડ્રગ્સના ક્ષેત્રમાં નોંધપાત્ર અનુભવ છે, પરંતુ કી સ્ટાર્ટિંગ મટિરિયલ્સ અને ઇન્ટરમિડીયેટ્સ માટે આયાત પરની નિર્ભરતા હજુ પણ વ્યૂહાત્મક નબળાઈ છે. તેથી સ્થાનિક સપ્લાય ચેઇનને મજબૂત બનાવવી માત્ર ઔદ્યોગિક નીતિનો મુદ્દો નથી; તે દેશની સપ્લાય-ચેઇન સ્થિરતા અને સ્પર્ધાત્મકતા સાથે પણ જોડાયેલો છે.

પ્રોડક્શન-લિંક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઇ) યોજના અને બલ્ક ડ્રગ પાર્ક જેવી સરકારી પહેલો મજબૂત પાયો પૂરો પાડી શકે છે. પરંતુ માત્ર સરકારી પ્રોત્સાહનો વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ફાર્માસ્યુટિકલ કંપનીઓ ઊભી કરી શકતા નથી. આરએન્ડડી, પ્રક્રિયા નવીનીકરણ, ઓટોમેશન અને અદ્યતન ઉત્પાદન પદ્ધતિઓમાં સતત ખાનગી રોકાણ પણ એટલું જ અનિવાર્ય છે.



### ઓષધ ઉદ્યોગને કેવા ઉપચારની આવશ્યકતા છે?

ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગે હવે ઓછા ખર્ચે જેનરિક દવાઓ બનાવવાની પરંપરાગત તાકાતથી આગળ વધીને ઇનોવેશન, ગુણવત્તા અને અદ્યતન ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. ૨૦૩૦ સુધીમાં ૧૩૦ અબજ ડૉલરના બજારના લક્ષ્ય સાથે આગળ વધવા આરએન્ડડી, બાયોલોજિક્સ, બાયોસિમિલાર્સ, એપીઆઇ, ડિજિટલ ટેક્નોલોજી અને સીઆરડીએમઓ સેવાઓમાં વધુ રોકાણ જરૂરી બનશે.

આયાતી ફાર્માસ્યુટિકલ, કાચા માલ પરની નિર્ભરતા ઘટાડવી પણ સપ્લાય ચેઇનની સ્થિરતા માટે મહત્ત્વપૂર્ણ છે. સરકારી પ્રોત્સાહનો આ પરિવર્તનને મદદ કરી શકે છે, પરંતુ ખાનગી રોકાણ અને ઉદ્યોગ સંશોધનની ભાગીદારી પણ જરૂરી છે. હવે કમ્પ્લાયન્સ મૂળભૂત ધોરણ છે, જ્યારે ટેક્નોલોજી, ટ્રેસેબિલિટી, ટકાઉ ઉત્પાદન અને વૈશ્વિક ગુણવત્તા ભારતીય ફાર્મા માટે મુખ્ય સ્પર્ધાત્મક લાભ બનશે.

કોન્ટ્રાક્ટ રિસર્ચ, ડેવલપમેન્ટ અને મેન્યુફેક્ચરિંગ (સીઆરડીએમઓ) ક્ષેત્રમાં ભારત માટે ખાસ મોટી તક છે. આગામી વર્ષોમાં આ ક્ષેત્ર નોંધપાત્ર રીતે વિસ્તરવાની સંભાવના ધરાવે છે અને ૨૦૩૦ સુધીમાં તો તેમાં અબજો ડૉલરની તક ઊભી થઈ શકે છે. પરંતુ આ તક મેળવવા માટે માત્ર ઓછો ઓપરેટિંગ ખર્ચ પૂરતો નહીં રહે. આંતરરાષ્ટ્રીય ગ્રાહકો હવે અત્યાધુનિક ક્ષમતાઓ, ગુણવત્તા સાતત્ય, નિયમનકારી વિશ્વસનીયતા અને જટિલ વિકાસ કાર્યક્રમોમાં સહયોગ કરવાની ક્ષમતા પણ ઇચ્છે છે. અહીં ગુણવત્તા વ્યૂહાત્મક સ્પર્ધાત્મકતા બની જાય છે.

વર્ષો સુધી કમ્પ્લાયન્સને ઘણી વખત માત્ર નિયમનકારી જવાબદારી તરીકે જોવામાં આવતું હતું. હવે આ અભિગમ પૂરતો નથી. પરસ્પર સંકળાયેલા વૈશ્વિક ફાર્માસ્યુટિકલ બજારમાં કમ્પ્લાયન્સ શરૂઆતનું ધોરણ છે. સ્પર્ધાત્મક લાભ એવી કંપનીઓને મળશે જે પોતાની પ્રક્રિયાઓમાં ગુણવત્તાને મૂળભૂત રીતે સામેલ કરે, ટ્રેસેબિલિટી સુધારવા ટેક્નોલોજીનો ઉપયોગ કરે, ટકાઉ ઉત્પાદન અને પેકેજિંગ અપનાવે અને આંતરરાષ્ટ્રીય ધોરણોને સતત પૂર્ણ કરે અથવા તેનાથી પણ આગળ વધે.

ભારતે ઇનોવેશનને જેનરિક દવાઓના વિકલ્પ તરીકે જોવાની ભૂલ પણ ન કરવી જોઈએ. દેશનો સ્થાપિત જેનરિક ઉદ્યોગ તેની સૌથી મોટી સંપત્તિઓમાંનો એક છે. હેતુ એવો હોવો જોઈએ કે જેનરિક્સ, એપીઆઇ, બાયોલોજિક્સ, બાયોસિમિલર્સ અને નવી થેરાપીઓ એકબીજાને મજબૂત બનાવે તેવી સમગ્ર ઇકોસિસ્ટમ વિકસાવવામાં આવે.

આ પરિવર્તન માટે ધીરજ અને મૂડી બંને આવશ્યક છે. નવી દવાઓની શોધ અને અદ્યતન થેરાપીઓનો વિકાસ ટૂંકા ગાળામાં શક્ય નથી. યુનિવર્સિટીઓ, સ્ટાર્ટ-અપ્સ, સ્થાપિત ફાર્માસ્યુટિકલ કંપનીઓ અને સરકારી સંસ્થાઓ વચ્ચે વધુ મજબૂત ભાગીદારી જરૂરી બનશે. સાથે જ, એવી સંશોધન પ્રવૃત્તિઓને પણ નાણાકીય સહાય આપવી પડશે જેમાં જોખમ વધારે હોય પરંતુ લાંબા ગાળે વળતર પણ ઘણું મોટું હોઈ શકે.

ભારત હવે એક મહત્ત્વપૂર્ણ વળાંક પર છે. તેની ફાર્માસ્યુટિકલ સફળતાની કથા અફોર્ડેબિલિટી અને સ્કેલ પર ઊભી થઈ હતી. હવે તેનું ભવિષ્ય એ વાત પર નિર્ભર છે કે આ પાયામાં ઇનોવેશન, રેઝિલિયન્સ અને અડગ ગુણવત્તાનો કેટલો સફળતાપૂર્વક ઉમેરો થાય છે.

આગામી દાયકાનો હેતુ ભારતીય ફાર્મા ઉદ્યોગને સફળ બનાવનારી બાબતોને છોડી દેવાનો ન હોવો જોઈએ. હેતુ ઓછા ખર્ચના ઉત્પાદનથી ઉચ્ચ મૂલ્ય ધરાવતા હેલ્થકેર નેતૃત્વ તરફ આગળ વધવાનો હોવો જોઈએ. જો ભારત આ પરિવર્તન સફળતાપૂર્વક કરી શકશે, તો તેનો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ માત્ર વિશ્વને દવાઓ જ પૂરી નહીં પાડે, પરંતુ ગ્લોબલ મેડિસિનના ભવિષ્યને ઘડવામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

# પુરુલિયા કાંડનો એક પરદેશી ગુનેગાર ભાગી ગયો ને બાકીનાને છોડી મૂકવામાં આવ્યા!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

પુરુલિયા આર્મ્સ ડ્રોપ પછી તપાસમાં આનંદ માર્ગ સાથે સંકળાયેલા કેટલાક લોકો અને સંસ્થાઓ અંગે તપાસ કરવામાં આવી હતી. હથિયારોનો ઉપયોગ આનંદ માર્ગના અનુયાયીઓ દ્વારા પશ્ચિમ બંગાળની તત્કાલીન ડાબેરી સરકાર સામે સશસ્ત્ર પ્રવૃત્તિ માટે થવાનો હતો એવો આરોપ હતો.

પરંતુ અહીં ખૂબ સ્પષ્ટ ભેદ સમજવો જરૂરી છે. પુરુલિયા આર્મ્સ ડ્રોપ પાછળ આખું આનંદ માર્ગ સંગઠન હતું એવું કોર્ટ દ્વારા સાબિત થયું નથી. ખુદ આનંદ માર્ગે પણ આ પ્રકારના આરોપોને નકાર્યા હતા. અરે, ડેનમાર્કની અદાલતી કાર્યવાહી દરમિયાન પણ આનંદ માર્ગની સીધી રીતે સંડોવણીનો સ્વીકાર થયો નહોતો. આથી હથિયારો ખરેખર કોના માટે લવાયાં હતાં એ સવા લાખનો સવાલ કાયમ માટે અનુત્તર રહ્યો.

હવે જોઈએ કે પુરુલિયા આર્મ્સ ડ્રોપ કાંડનાં મુખ્ય પાત્રો કોણ હતાં? આ કેસના સૌથી રહસ્યમય પાત્રનું મૂળ નામ નીલ્સ હોલ્ક. તે ભારતમાં કિમ ડેવી તરીકે પણ ઓળખાયો. તે ડેનમાર્કનો નાગરિક છે. તેને ૧૯૯૫ના કુખ્યાત પુરુલિયા આર્મ્સ ડ્રોપ કેસના મુખ્ય આરોપી સાથે માસ્ટરમાઇન્ડ પણ ગણાવાયો હતો. નીલ્સ હોલ્કે સ્વીકાર્યું હતું કે તે શસ્ત્રો ફેંકનારા રશિયન કાર્ગો પ્લેનમાં હાજર હતો. આ ઘટના બાદ જ્યારે પ્લેનને મુંબઈમાં પકડવામાં આવ્યું, ત્યારે અન્ય સહ-આરોપીઓ પકડાઈ ગયા હતા, પરંતુ નીલ્સ હોલ્ક ચતુરાઈથી નેપાળ થઈને ડેનમાર્ક પહોંચી ગયો હતો. આટલા ગંભીર અને સનસનાટીભર્યા કેસનો આંતરરાષ્ટ્રીય આરોપી મુંબઈથી કેવી રીતે ભાગી ગયો?


નીલ્સ હોલ્ક-પીટર બ્લીચ

કોઈકે તો મદદ કરી જ હોય. પાછો સલામતપણે નેપાળ ગયો ને ડેનમાર્ક પણ. ભારતના બધા તંત્ર નિષ્ફળ રહ્યા, સંપૂર્ણપણે અને શર્મનાક રીતે.

ભારત સરકાર છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી નીલ્સ હોલ્કને ટ્રાયલ માટે ભારત લાવવા પ્રત્યાર્પણ કરવા માટે ડેનમાર્ક સરકાર સાથે કાનૂની લડાઈ લડી રહી છે. પરંતુ ડેનમાર્કની અદાલતોએ ભારતની આ વિનંતીને વારંવાર ફગાવી દીધી છે. ત્યાંની અદાલતોનું માનવું છે કે જો હોલ્કને ભારત મોકલવામાં આવશે, તો ત્યાં જેલોની સ્થિતિ અને માનવ અધિકારોના ઉલ્લંઘનનું જોખમ હોઈ શકે છે, જે યુરોપિયન માનવ અધિકાર કન્વેન્શનની વિરુદ્ધ છે.

પુરુલિયા આર્મ્સ ડ્રોપ કાંડનું બીજા મહત્ત્વના મુખ્ય પાત્રનું નામ પીટર બ્લીચ. આ બ્રિટિશ નાગરિક હથિયારના આંતરરાષ્ટ્રીય વેપાર સાથે સંકળાયેલો હતો. તે પણ શસ્ત્રો લાવનારા અને ફેંકનારા વિમાનમાં હતો અને તેની ધરપકડ થઈ હતી. બ્લીચ સતત દાવો કરતો રહ્યો કે આખી ઘટનાની પાછળ જે દેખાય છે તેના કરતાં ઘણું મોટું ષડયંત્ર હતું.

૨૦૦૦માં કોલકાતાની અદાલતે તેને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

શસ્ત્રો લાવનારા અને ફેંકનારા રશિયન વિમાનમાં ક્રૂ પણ વિદેશી હતા. હા, આ વિમાનનું સંચાલન લાતવિયન ક્રૂ કરી રહ્યું હતું. વિમાન સાથે પકડાનારા હતા ઈગોર મોસ્ક્વીટીન, ઈગોર ટીમરમેન, ઓલેગ ગૈદાસ, એલેકઝાન્ડર ક્લીચીન અને ઈવ્ગુની એન્ટીમેન્કો. તેમને પણ પીટર બ્લીચ સાથે દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને આજીવન કેદની જ સજા થઈ હતી.

જો કે ત્યાર બાદ પછી લાતવિયા અને રશિયા તરફથી રાજદ્વારી દખલ અને અન્ય કારણોસર તેમને મુક્ત કરાયા હતા.

અહીં એક સવાલ થવો જ જોઈએ કે લાતવિયા અને રશિયાના હસ્તક્ષેપને લીધે ભારતે આવા ભયંકર ગુનાના દોષિતોને શા માટે છોડી દીધા? અને ભારત પોતાના અને મિત્ર રાષ્ટ્રો તરફથી આવું રાજદ્વારી દબાણ ડેન્માર્ક પર કેમ ઊભું ન કરી શક્યું? માનવા ખાતર માની લઈએ કે ભલેને પશ્ચિમ બંગાળ સરકારને ટાર્ગેટ કરાઈ હોય પણ આ દેશ વિરોધી કાવતરું જ હતું, જેમાં વિદેશી, વિમાન, શસ્ત્રો અને ખલનાયકો હતા. શું ભારત બધે મોરચે ઊંધે માથે પડ્યું કે અન્ય કોઈ કારણો હતાં, એ આત્મ નિરીક્ષણની બાબત છે.

(ક્રમશઃ)■

## નમ્ર-વાણી
### વ્યાખ્યાન માળા
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ



# મારો એકરાર... મારા વચનને બનાવીશ પુણ્ય વચન!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વમાં માત્ર પ્રભુના વચનોનું શ્રવણ ન કરવાનું હોય પણ આપણા વચનોને પણ પુણ્ય વચન બનાવવાના હોય.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ ભૂલોનો એકરાર કરી, સ્વયંને change કરવા માટે હોય છે.

માનવ મનની માનસિક્તા હોય છે કે, તેઓ સાંભળે ઓછું અને સંભળાવે વધારે અને જ્યારે સંભળાવે ત્યારે તેનાં વચનો યા તો કોઈને hurt કરે એવા હોય યા કોઈને heal કરે એવા હોય.

Check કરો, તમારી selfને...

તમારાં વચનો શણગારે એવાં છે કે સળગાવે એવાં છે? શું તમે ક્યારેય પ્રભુનાં વચનોને, પ્રભુના ભાવોને સમજવાનો પ્રયત્ન કર્યો છે? સ્વયંનાં વચનોને પ્રભુનાં વચનો જેવાં બનાવવાનો પ્રયત્ન કર્યો છે?

આજે પ્રભુ સમક્ષ એકરાર કરો, પ્રભુ! આ મારી ભૂલ છે!

ભૂલનો એકરાર કરવાથી, ભૂલ repeat થતી નથી.

મનુષ્ય સૌથી વધારે પાપકર્મ મનથી કરે છે અને મન પછી સૌથી વધારે પાપકર્મ, દ્વેષ, ભૂલ, અને દોષોનું સેવન કરે છે, વચનથી!

યાદ કરો,

તમારા જ શબ્દો ક્યારેક કોઈને શણગારે એવા હશે અને ક્યારેક કોઈને સળગાવે એવા હશે. આજે એક-એક વચનોને યાદ કરી, એકરાર કરી લ્યો, વચનની શુદ્ધિ કરી લ્યો, વચનનું પ્રતિક્રમણ કરી લ્યો. પ્રભુ સાથે એકાકાર થવા માટેનો આ એક શ્રેષ્ઠ ઉપાય છે. મારા પ્રભુના વચન કોઈના heartને hurt કરે એવા ન હોય, તો મારા વચન કેમ કોઈને hurt કરે એવા હોય?

સામે બોલાયેલા શબ્દો માટે તો તમે સહજતાથી sorry કે મિચ્છામિ દુક્કડમ્ કરી લ્યો છો. અપમાન, આક્રોશ, આવેગ અને ક્રોધમાં બોલાયેલાં શબ્દોની તો માફી માગી લ્યો છો, પણ વ્યક્તિ સામે ન હોય ત્યારે એમના માટે બોલાયેલાં શબ્દોની, એમની કરેલી ટીકાની, એમની કરેલી નિંદાની ક્યારેય માફી માગી છે? એ ટીકા, નિંદા કે gossipનો ક્યારેય એકરાર કર્યો છે? ના!

આજે પ્રભુ સમક્ષ એકરાર કરી લ્યો, 'પ્રભુ! મારી ભૂલ છે!'

સામે બોલાયેલાં શબ્દોની ક્ષમાપના શ્રેષ્ઠ છે, પણ પાછળથી કરેલી ટીકા અને નિંદાના એકરારને પ્રભુએ સરળતા કહી છે.

જ્યાં સરળતા હોય, ત્યાં સત્વરે મોક્ષ હોય.

જ્યાં સરળતા હોય, ત્યાં સિદ્ધિ સહજ હોય.

ધર્મ પણ ત્યાં સ્થિર થાય છે, જેમનું હૃદય સરળ હોય!

જે વ્યક્તિની ટીકા કરી છે, તે જ વ્યક્તિ પાસે જઈ, એમની માટે કરેલી ટીકાનો એકરાર કરવાથી એકવાર કદાચ તે વ્યક્તિ નારાજ થઈ જશે પણ પછી તેને તમારી સરળતા realise થઈ જશે.

એકવાર દિલ open કરી લેવાથી દિલથી દિલનું connection થઈ જાય છે અને દરેક પ્રશ્નોનું સમાધાન થઈ જાય છે.

'મારે કોઈની પીઠ પાછળ કોઈની નિંદા કરવી નથી, મારે સરળ બનવું છે.'

જેનું હૃદય સરળ હોય, તેને સર્વત્ર સન્માન મળે છે, તેની વાતનો સ્વીકાર થાય છે, તેના suggestions સ્વીકાર્ય થાય છે.

જ્યારે નિંદા અને ટીકા કરવાવાળાને સર્વત્ર જાકારો મળે છે, તેની વાત વચ્ચેથી કાપી નાખવામાં આવે છે, તેની સલાહ કોઈ માનતું નથી.

ખોટું અને અસત્ય બોલાઈ ગયું હોય, એની તો આલોચના થઈ જાય પણ ક્યારેક સત્ય અને સારું બોલ્યાં હોઈએ એની પણ આલોચના કરવી જોઈએ, એનો પણ એકરાર કરવો જોઈએ.

ઘણા કહેતાં હોય કે, હું તો જેવું હોય એવું સાચું મોઢામોઢ કહી દઉં! જે સત્ય કડવું હોય, કઠોર હોય, દુઃખદાયી હોય, વેદના આપનારું હોય, એનો પણ વિવેક રાખવો જોઈએ.

આવા પીડાકારી સત્ય વચનનો પણ એકરાર કરી, વચનની શુદ્ધિ કરવી જોઈએ.

આજે આ જગતમાં વચનને વ્યક્ત કરી શકે એવા જીવો વધારે છે કે વચનને વ્યક્ત ન કરી શકે એવા જીવો વધારે છે?

શા માટે?

કેમ કે, જ્યારે વચન વ્યક્ત કરી શકે એવો ભવ, એવો જન્મ મળ્યો હતો, ત્યારે વચન દ્વારા અનેકને વેદના આપી હતી. શણગારે એવા નહીં પણ સળગાવે એવા વચનો વ્યક્ત કર્યાં હતાં.

Check કરો...

તમારા વચનથી ભવિષ્યમાં તમને બોલવા મળે એવા વચન પુણ્ય બંધાય છે કે બોલવા ન મળે એવા વચન પાપ બંધાય છે?

Next ભવમાં તમે મત્થએણં વંદામિ, જય જિનેન્દ્ર અને શુભ થાઓ સકલ વિશ્વનું, બોલી શકશો?

તમારો એક શબ્દ તમારા ભવને સુધારી પણ શકે છે અને બગાડી પણ શકે છે.

સત્ય પણ કહેવું હોય તો bitter wayથી નહીં પણ better wayથી કહેવું જોઈએ.

જેમને સ્વયંનાં વચનો પર સંયમ નથી હોતો, તેઓના કર્મબંધન વધારે હોય છે.

કોઈને હાથમાં goldની gift આપવી હોય તો એક spoon ગરમ liquid gold ન અપાય પણ એનો coin બનાવીને અપાય એમ કોઈને કંઈ કહેવું હોય તો એના કાનમાં કડવાં અને કર્કશ વચનો ન રેડાય, એને શણગારીને, ભાષાને સજાવીને અપાય.

Next ભવમાં મૌન ન રહેવું પડે, એ માટે આજે આજ સુધી બોલાયેલાં દરેક અહિતકારી વચનોનો એકરાર કરી લ્યો અને તમારાં વચનોને પુણ્ય વચન બનાવવાનો સંકલ્પ કરી લ્યો.

તમને ખબર છે, તમે એકવાર સાચા ભાવથી, હૃદયના અહોભાવથી 'જય જિનેન્દ્ર' બોલ્યાં એટલે અનંત જિનેન્દ્ર પરમાત્માનો જય જયકાર થઈ ગયો. તમે જ્યારે 'જય જિનેન્દ્ર' કહીને કોઈનું અભિવાદન કરો છો અને તે વ્યક્તિ પણ સામે 'જય જિનેન્દ્ર' કહે છે, ત્યારે તમારા વચન તો પુણ્ય વચન બની જાય છે પણ સામેવાળાને પણ તમે પુણ્યનો બંધ કરાવો છો.

તમારા વચન જ્યારે પુણ્ય વચન બને છે, ત્યારે ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ થાય છે, શ્રેષ્ઠની અને મંગલની પ્રાપ્તિ થાય છે.

એક દિવસ એક young ભાઈ આવ્યા અને કહે, 'ગુરુદેવ! હું જ્યાં જાઉં છું, ત્યાં fail થાઉં છું, ત્યાં problems આવે છે.'

મેં એને પૂછ્યું, 'તમે જ્યાં જાવ છો, જેને મળો છો, પ્રથમ શું કહો છો?' એણે કહ્યું, 'હું 'Hi' કહું છું.'

અમે પ્રેરણા આપી આજથી જ્યાં જાવ, જેમને મળો 'જય જિનેન્દ્ર' કહેજો. પુણ્ય શબ્દોથી શરૂઆત કરશો તો તમારી aura white થઈ જશે, શુભ થઈ જશે અને જેમને મળશો એમની સાથે બધું positive અને સારું થઈ જશે.

ભગવાને નવ પ્રકારના પુણ્ય બતાવ્યાં છે, એમાં એક 'વચન પુણ્ય' બતાવ્યું છે.

માટે જ, આપણા દરેક વચન પુણ્યનો બંધ કરાવનારા હોવા જોઈએ અને સામેવાળાને પણ પુણ્ય બંધાવનારા હોવા જોઈએ. કેમ કે, આપણા વચન આપણા ભવિષ્યનું સર્જન કરનારા હોય છે.

દુર્લભ એવા મનુષ્યભવમાં મળેલાં શ્રેષ્ઠ વચન યોગ દ્વારા તો પ્રભુના ગુણગ્રામ ગાવા જોઈએ અને સામેવાળી વ્યક્તિને શાતા અને સમાધિ પમાડવી જોઈએ.

શબ્દોથી થયેલી ભૂલનું પ્રાયશ્ચિત પણ શબ્દથી જ થાય.

પ્રભુ પાસે એકરાર કરી, પ્રભુને વિનંતી કરવી જોઈએ કે, પ્રભુ! આ ભવ અને ભવોભવની વચનો દ્વારા થયેલી ભૂલોની માફી માગું છું. પ્રભુ! આપની સાક્ષીએ હૃદયના ભાવથી **तस्स भंते, पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि!**

પ્રભુ! જ્યાં સુધી મારો મોક્ષ ન થાય, ત્યાં સુધી વચન યોગ ન ગુમાવું એવી કૃપા કરજો! જો હું 'મિચ્છામિ દુક્કડમ્' બોલી નહીં શકું તો હું મારા પાપોને ધોઈશ કેવી રીતે? હું મારી ભૂલોને સુધારીશ કેવી રીતે? હું મારું પ્રાયશ્ચિત કરીશ કેવી રીતે? અને તારી સાથે એકાકાર થઈશ કેવી રીતે?

જ્યારે તમારાં વચનોમાં નમ્રતા, મૃદુતા, ઋજુતા, વિનય અને વિવેક ભળે છે, ત્યારે તમારા વચન પુણ્ય વચન બની જાય છે. ■


feedback@bombaysamachar.com

પ્રાસંગિક

અમૂલ દવે

# યમનમાં ગૃહયુદ્ધનું ઘાતકી પુનરાવર્તન

## સઉદી-ઈરાન સમર્થિત જૂથો વચ્ચેનો ભીષણ સંઘર્ષ અને લાલ સમુદ્ર પર મંડરાતું વૈશ્વિક સંકટ



યમનમાં છેલ્લા કેટલાક દિવસોથી ગૃહયુદ્ધનું અત્યંત તીવ્ર અને ભયાનક પુનરાવર્તન જોવા મળી રહ્યું છે, જેનાથી સમગ્ર મધ્ય પૂર્વ ક્ષેત્રમાં આતંક અને અસ્થિરતાનું મોજું ફરી વળ્યું છે. વર્ષ ૨૦૨૨માં થયેલા યુદ્ધવિરામ પછીનો આ સૌથી ઘાતકી અને લોહિયાળ સંઘર્ષ સાબિત થઈ રહ્યો છે. દેશના ઉત્તર અને પશ્ચિમ ભાગો પર નિયંત્રણ ધરાવતા ઈરાન સમર્થિત હુતી બળવાખોરો, જેમને 'અન્સાર અલ્લાહ' તરીકે પણ ઓળખવામાં આવે છે અને દક્ષિણ તથા પૂર્વના વિસ્તારોમાં સક્રિય સઉદી અરેબિયા તેમજ સંયુક્ત આરબ અમીરાત સમર્થિત યમનનાં સરકારી દળો વચ્ચે ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું છે. આ લડાઈ માત્ર સીમાવર્તી વિસ્તારો પૂરતી મર્યાદિત ન રહેતાં, દેશના હૃદયસમા પ્રાંતોમાં વ્યાપક વિનાશ વેરી રહી છે. માત્ર ચાર દિવસની સખત લડાઈ, જમીની આક્રમણો અને ઘાતક હવાઈ હુમલાઓમાં ૩૦૦થી વધુ લોકોનાં કરુણ મોત નીપજ્યાં હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે, જ્યારે હજારો નાગરિકો અને સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ૨૦૨૨ના શાંતિ કરાર પછીનો આ સૌથી મોટો મૃત્યુઆંક છે, જે દર્શાવે છે કે સ્થિતિ કેટલી ઝડપથી નિયંત્રણ બહાર જઈ રહી છે. બંને પક્ષો એકબીજા પર આક્રમણ અને યુદ્ધવિરામના ભંગનો આરોપ લગાવી રહ્યા છે, પરંતુ આ હિંસાના ચક્રમાં સૌથી વધુ પીસાઈ રહ્યા છે યમનના સામાન્ય અને માસૂમ નાગરિકો.

યમનનું ગૃહયુદ્ધ કોઈ નવી ઘટના નથી, પરંતુ તેનો ઇતિહાસ વર્ષો જૂનો અને અત્યંત જટિલ છે. વર્ષ ૨૦૧૪માં જ્યારે હુતી જૂથે અચાનક આક્રમણ કરીને દેશની રાજધાની સાના પર સંપૂર્ણ કબ્જો જમાવી લીધો હતો ત્યારથી આ દેશ ભૌગોલિક અને રાજકીય રીતે બે મુખ્ય ભાગમાં વહેંચાઈ ગયો છે. એક તરફ ઉત્તર અને પશ્ચિમના મોટાભાગના પ્રદેશો પર હુતી દળોનું સખત નિયંત્રણ છે, જેમને તેહરાન દ્વારા વૈચારિક અને લશ્કરી સમર્થન મળતું હોવાનું માનવામાં આવે છે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત યમન સરકાર અને તેના સહયોગી જૂથો છે, જેમને સઉદી અરેબિયા અને યુએઈ દ્વારા નાણાકીય તેમજ સૈન્ય સહાય પૂરી પાડવામાં આવે છે.

તાજેતરમાં તાઈઝ અને હોદેઇદા પ્રાંતોમાં અત્યંત ભીષણ સંગ્રામ શરૂ થયો છે. હોદેઇદા એ યમનનું સૌથી મહત્ત્વપૂર્ણ અને મુખ્ય બંદર છે, જે લાલ સમુદ્રના કિનારે આવેલું છે. આ વ્યૂહાત્મક બંદર અને આસપાસના વિસ્તારો પર કબ્જો મેળવવાની સ્પર્ધા હવે રક્તરંજિત મોડ લઈ ચૂકી છે. આ લડાઈને કારણે યમનમાં પહેલેથી જ અસ્તિત્વ ધરાવતી માનવતાવાદી આપત્તિ વધુ ભયાનક બની છે. યુદ્ધના કારણે જરૂરી દવાઓ, ખોરાક, બાળ આહાર અને પીવાના પાણીની ભારે તંગી સર્જાઈ છે. હૉસ્પિટલો દર્દીઓથી છલકાઈ રહી છે અને જરૂરી તબીબી સુવિધાઓના અભાવે લોકો દમ તોડી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે આ સ્થિતિને વિશ્વની સૌથી મોટી અને ગંભીર માનવતાવાદી કટોકટી તરીકે વર્ણવી છે, જ્યાં અસંખ્ય લોકો ભૂખમરા અને બીમારીઓના આરે આવીને ઊભા છે. આ સંઘર્ષની સૌથી ભયાનક અને ચિંતાજનક બાબત એ છે કે તે હવે માત્ર યમનની આંતરિક સરહદો સુધી મર્યાદિત નથી રહ્યો, પરંતુ વૈશ્વિક સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય વેપાર માટે એક મોટો ખતરો બની ગયો છે. લાલ સમુદ્ર અને બાબ અલ-મંદેબ સ્ટ્રેટ એશિયા, મધ્ય પૂર્વ અને યુરોપને જોડતો વિશ્વનો સૌથી વ્યસ્ત અને મહત્ત્વપૂર્ણ વેપારી જળમાર્ગ છે. વૈશ્વિક સ્તરે થતા ક્રૂડ ઓઇલ અને માલસામાનના પરિવહનનો એક મોટો હિસ્સો આ સાંકડી સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. હુતી જૂથે પોતાના પર વધતા સૈન્ય દબાણના જવાબમાં આ જળમાર્ગને એક વ્યૂહાત્મક હથિયાર તરીકે વાપરવાનું શરૂ કર્યું છે. તે ડ્રોન, લાંબા અંતરની મિસાઇલો અને વિસ્ફોટક ડ્રોન બોટનો ઉપયોગ કરીને આંતરરાષ્ટ્રીય વ્યાપારી જહાજો અને તેલના ટેન્કરોને નિશાન બનાવી રહ્યા છે. જો વર્તમાન લડાઈ વધુ ઉગ્ર બનશે તો હૂથીઓ પ્રતિશોધના ભાગરૂપે લાલ સમુદ્રના માર્ગને આંશિક અથવા પૂર્ણપણે બંધ કરવાની અને જહાજો પરના હુમલાઓ બમણા કરવાની ખુલ્લી ધમકી આપી રહ્યા છે.

હુતી જૂથ આ વાત સારી રીતે જાણે છે કે લાલ સમુદ્રમાં નાનકડો વિક્ષેપ પણ વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી શકે છે. જો વેપારી જહાજોની સુરક્ષા જોખમાય તો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ આસમાને પહોંચી શકે છે અને વૈશ્વિક સપ્લાય ચેઇન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ શકે છે. ભૂતકાળમાં પણ જ્યારે હુતીઓએ આ વિસ્તારમાં હુમલા તેજ કર્યા હતા, ત્યારે વિશ્વની મોટી શિપિંગ કંપનીઓએ લાલ સમુદ્ર અને સુએઝ કેનાલનો ટૂંકો માર્ગ છોડીને આફ્રિકા ખંડના દક્ષિણ છેડે આવેલા 'કેપ ઑફ ગુડ હોપ'વાળો અત્યંત લાંબો અને જોખમી માર્ગ અપનાવવો પડ્યો હતો. આ વૈકલ્પિક માર્ગના કારણે જહાજોના પહોંચવામાં અઠવાડિયાઓનો વિલંબ થયો હતો અને ઇંધણ તથા વીમાનો ખર્ચ કલ્પના બહાર વધી ગયો હતો, જેના પરિણામે વિશ્વભરમાં ફુગાવો અને મોંઘવારી વધ્યા હતા. જો ફરીથી આવી પરિસ્થિતિનું પુનરાવર્તન થશે તો કોરોના અને અન્ય વૈશ્વિક કટોકટીઓમાંથી બહાર આવી રહેલા વૈશ્વિક અર્થતંત્રને ભારે મોટો ફટકો પડશે.

પ્રાદેશિક સ્તરે સઉદી અરેબિયા અને તેના સહયોગી દેશો આ ઘટનાક્રમને અત્યંત ગંભીરતાથી લઈ રહ્યા છે. તે બધા હુતીઓને ઈરાનની 'પ્રોક્સી' એટલે કે છૂપા આક્રમણકાર તરીકે જુએ છે અને પોતાના દક્ષિણ સરહદી વિસ્તારોની સુરક્ષા માટે હુતીઓને નબળા પાડવા લશ્કરી અને રાજદ્વારી દબાણ સતત વધારી રહ્યા છે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય સ્તરે એવા આક્ષેપો વારંવાર થઈ રહ્યા છે કે ઈરાન હુતીઓને આધુનિક ડ્રોન, બેલેસ્ટિક મિસાઇલો અને સૈન્ય તાલીમ પૂરી પાડે છે. જોકે તેહરાન આ આરોપોને સતત નકારતું આવ્યું છે. આ પ્રાદેશિક સત્તાની હોડમાં યમનના નિર્દોષ નાગરિકો બલીનો બકરો બની રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સમુદાય, સંયુક્ત રાષ્ટ્રસંઘ અને વિવિધ વૈશ્વિક સંસ્થાઓએ આ વ્યાપક હિંસા પ્રત્યે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને બંને પક્ષોને તાત્કાલિક અસરથી સંયમ જાળવીને શાંતિપૂર્ણ વાટાઘાટોના ટેબલ પર પાછા ફરવા અપીલ કરી છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતાં કોઈ ઝડપી કે સરળ રાજકીય ઉકેલ નજરે પડતો નથી. જો આ લડાઈ વધુ વિસ્તરશે તો તે મધ્ય પૂર્વના અન્ય ચાલુ સંઘર્ષો સાથે ભળીને એક વિશાળ પ્રાદેશિક મહાયુદ્ધનું રૂપ ધારણ કરી શકે છે, જેની જ્વાળાઓ સમગ્ર વિશ્વને દઝાડશે. યમનના નાગરિકો વર્ષોથી યુદ્ધ, ગરીબી, ભૂખમરો અને બીમારીઓથી ત્રાહિમામ્ પોકારી રહ્યા છે, અને આ નવું સૈન્ય સંકટ તેમની યાતનાઓમાં બળતામાં ઘી હોમવાનું કામ કરી રહ્યું છે. જો લાલ સમુદ્રનો વ્યૂહાત્મક માર્ગ ફરી એકવાર બ્લોક થઈ જશે તો તેની કિંમત માત્ર યમન કે મધ્ય પૂર્વ જ નહીં, પરંતુ ભારત સહિત સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર અને સામાન્ય માનવીએ ચૂકવવી પડશે. તેથી જ બંને પક્ષો અને તેમના આંતરરાષ્ટ્રીય આકાઓએ હિંસાનો માર્ગ છોડીને સંવાદ અને રાજદ્વારી વાટાઘાટો અપનાવવી અત્યંત અનિવાર્ય બની ગઈ છે. ■




## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**સોનું ક્યારે ખરીદાય?**
* હાથમાં પૈસા આવે ત્યારે...

**ભીંત પર ચિતરેલો માણસ પ્રગટ થાય તો?**
* પહેલાં એનું આધાર કાર્ડ તપાસો.

**મને ગર્લ ફ્રેન્ડ રિસ્પૉન્સ આપતી નથી.**
* તમે કોઈ ભળતી જ ક્યૂમાં ખડા છો.

**નજરનાં બાણ ક્યાં વાગે?**
* ટાર્ગેટ તમારી રેન્જમાં હોય ત્યારે.

**આંસુની લેટેસ્ટ કિંમત કેટલી?**
* પત્નીને આજે એકવાર રડાવી જુઓ. લેટેસ્ટ કિંમત ખબર પડી જશે.

**દિલ ધડકને દો. પણ પછી શું?**
* કન્યાના પિતા આવીને ધમકાવશે.

**રોબોટ રિસાય જાય તો?**
* 'ડ્રોન તને ઉપાડી જશે' એવી બીક બતાવવાની.

**સેવ ના કરીએ તો?**
* દાઢી વધી જાય.

**લોકો આપણને મૂર્ખ ક્યારે સમજે?**
* જ્યારે ખુદને સમજાય ત્યારે

**સીસી ટીવીમાં લાંચ લેતાં પોલીસ કેમ પકડાતા નથી?**
* એ સીસી ટીવીને પણ 'ચાય-પાણી' મળી જતા હશે.

**તપ્તિ ક્યારે મળે?**
* તે ફ્રી હોય ત્યારે.

**ભૂલનો પસ્તાવો ના થાય તો?**
* ભૂલ કરવાનો એક્સ્ટ્રા ચાન્સ મળે.

**ઑનલાઇન છેતરપિંડી કેમ વધી રહી છે?**
* લાઇનમાં ભીડ બહુ હોય એટલે.

**થિયેટર પર હવે હાઉસફૂલનાં પાટિયાં કેમ દેખાતાં નથી?**
* મન ફૂલ થાય એવી ફિલ્મ તો આવવી જોઈએ?

**મતિ અને શ્રીમતીમાં ફરક શું?**
* શ્રી-નો.

feedback@bombaysamachar.com

સાત સમંદર પાર

રવિ નાયક


# ડિયર મુંબઈગરાઓ, આનંદો... અહીં અબજો સ્ક્વેરફીટ જમીન રેઢી પડી છે!

એક અંદાજ મુજબ મુંબઈ શહેરમાં દર ચોરસ કિલોમીટરે તેર હજારથી વધુ લોકો નિવાસ કરે છે. ન્યૂયોર્કમાં આ આંકડો અગિયાર હજારની આસપાસ છે. જ્યારે લંડનમાં પ્રતિ ચોરસ કિલોમીટરે માત્ર સાડા પાંચથી છ હજાર લોકો જ રહે છે. શું આ આંકડાઓને આધારે એવું કહી શકાય કે લંડનના લોકો મુંબઈ કે ન્યૂયોર્કની સરખામણીએ વધુ છૂટથી રહે છે? અને આવી મોકળાશને કારણે લંડનવાસીઓ બીજાં બે શહેરોની પ્રજા કરતાં વધુ સુખી છે? આનો જવાબ એક લીટીમાં આપી શકાય એમ નથી.

ભૌગોલિક પરિસ્થિતિ અને ડેમોગ્રાફી આ બે એવા પરિબળ છે જે કોઈ શહેર કે દેશની આર્થિક અને સામાજિક જ નહીં બલકે રાજકીય પરિસ્થિતિને પણ મોટા પાયે પ્રભાવિત કરે છે. ભારતીય શહેરોમાં વસતા લોકોને ક્યાં તો વિદેશ જવું છે અથવા ગામડે જઈને રહેવું છે. કારણ? યુરોપ-અમેરિકા, કૅનેડા અને ઓસ્ટ્રેલિયા જેવાં સ્થળોએ ભૌતિક સુખસગવડ આસાનીથી મળી રહે. જ્યારે ગ્રામ્યજીવનમાં મોકળાશ મળી રહે. આની પાછળનું મૂળ કારણ છે માનવજીવન માટે જરૂરી રિસોર્સિસની ઉપલબ્ધિ સામે ઓછી જનસંખ્યા, પણ રિવર્સ થિન્કિંગ કરીએ તો જે પ્રદેશોમાં માનવવસ્તી ઓછી છે ત્યાં બધે સુખ-સમૃદ્ધિ હોય એવું બિલકુલ નથી, કારણ કે અહીં ભૌગોલિક પરિસ્થિતિ વિશિષ્ટ ભાગ ભજવે છે.

દાખલા તરીકે ભારતમાં પ્રતિ ચોરસ કિલોમીટરે આશરે ૪૮૪ માણસો રહે છે, જ્યારે ઈજીપ્ત ભારત કરતાં ત્રીજા ભાગનું ક્ષેત્રફળ ધરાવે છે અને અહીં પ્રતિ ચોરસ કિલોમીટર માત્ર ૧૨૧ માણસ રહે છે. ઈજીપ્તની વસ્તીગીચતા ભારત કરતાં ખાસ્સી ઓછી છે, પણ એની સામે ઈજીપ્તની ભૌગોલિક પરિસ્થિતિ આપણા માન્યામાં ન આવે એવી છે.

ભૂગોળના વિષયમાં ઈજીપ્તની નાઇલ નદીનો ઉલ્લેખ આવતો. સાડા છ હજાર કિલોમીટર કરતાં વધુ લંબાઈની નાઇલ વિશ્વની સૌથી લાંબી નદી છે. આ નદી આફ્રિકાના અત્યંત સૂકા અને વિશાળ સહારા રણમાંથી પસાર થાય છે. જો નાઇલ નદી ન હોત તો ઇજિપ્ત અને તેની આસપાસનો વિસ્તાર સંપૂર્ણપણે વેરાન રણ હોત. નાઇલ નદી દક્ષિણથી શરૂ થઈને ઉત્તર તરફ વહે છે અને અંતે ભૂમધ્ય સમુદ્રમાં ભળે છે. આને કારણે દર વર્ષે નાઇલ નદીમાં આવતા પૂર પૂર્વ આફ્રિકાના પર્વતોમાંથી અત્યંત ફળદ્રુપ કાળી માટી (કાંપ) ખેંચી લાવે છે. આ માટી નદીના કિનારે પથરાય છે, જેના પ્રતાપે રણની વચ્ચે પણ ઉત્તમ ખેતી શક્ય બની. વિશ્વની સૌથી પ્રાચીન તેમ જ મહાન સંસ્કૃતિઓમાં ગણના પામતી ઇજિપ્શિયન સંસ્કૃતિ આ જ નાઇલના કિનારે વિકસી. આ સંસ્કૃતિના પ્રતીક સમા પિરામિડ્સ, મંદિરો અને પ્રાચીન શહેરો આ નદીના કારણે જ અસ્તિત્વમાં આવ્યાં. નાઇલ ન હોત તો આમાંનું કશું ન હોત.




હવે ફરી વસ્તીગીચતાની વાત તરફ વળીએ તો એક લાખ ચોરસ કિલોમીટરનું ક્ષેત્રફળ ધરાવતા ઈજીપ્ત દેશના લગભગ નેવું ટકા વિસ્તારો રણપ્રદેશમાં આવતા હોવાને કારણે માનવવસ્તી વિહોણા છે અથવા બહુ પાંખી વસ્તી ધરાવે છે.

બીજી તરફ દેશના ક્ષેત્રફળના પાંચથી દસ ટકા જ વિસ્તાર ધરાવતો નાઇલ નદીનો પ્રદેશ દેશની ૯૫ ટકા વસ્તી સમાવે છે.

આપણને ભારતીયોને ખાસ કરીને મુંબઈગરાઓને તો પ્રદેશનો ૯૦ ટકા ઉપરાંત વિસ્તાર વસ્તીવિહોણો પડ્યો રહે એ વાત જ પચાવવી અઘરી લાગશે. પણ એવા તો વિશ્વમાં ઘણા દેશ છે જેનો મોટા ભાગનો ભૂ-ભાગ વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિને પગલે સાવ સૂનો પડી રહ્યો હોય!

પડોશી દેશ ચીનની વાત કરીએ તો એ પોતાની જનસંખ્યા અને વસ્તીગીચતા માટે પ્રખ્યાત છે. આજની તારીખે ચીનમાં આશરે એક અબજ ચાલીસ કરોડ લોકો વસે છે. તેમ છતાં નવાઈની વાત એ છે કે આ જંગી વસ્તી પૈકીના ૯૪% લોકો માત્ર ૪૩% જેટલા વિસ્તારમાં રહે છે! બીજા શબ્દોમાં કહીએ તો આટલી જંગી વસ્તી હોવા છતાં દેશના મોટા ભાગના પ્રદેશોમાં નહિવત જનસંખ્યા વસે છે. આ પણ કુદરતનો જ કમાલ છે.

પશ્ચિમ ચીનમાં શુષ્ક અથવા અર્ધ-શુષ્ક આબોહવા, ઓછો વરસાદ, તાપમાનની તીવ્ર વધઘટ (શિયાળામાં ખૂબ ઠંડું, ઉનાળામાં ગરમ) અને પાણીની અછત જેવી કુદરતી સમસ્યાઓ છે. અહીં પર્વતીય પ્રદેશથી માંડીને ઉત્તરીય ચીનમાં આવેલ ગોબીના વિશાળ રણ જેવા દુર્ગમ વિસ્તારોય છે, જે માનવ વસવાટ માટે અત્યંત પ્રતિકૂળ ગણાય. બીજી તરફ પૂર્વીય ચીનમાં નદીઓ સહિતના ફળદ્રુપ મેદાની પ્રદેશો છે.

અહીં અનુકૂળ વરસાદ અને મધ્યમ આબોહવા છે, જે કૃષિ માટે યોગ્ય ગણાય. એટલે સ્વાભાવિક રીતે જ ચીની સંસ્કૃતિ અને કૃષિ મુખ્યત્વે પૂર્વીય પ્રદેશોમાં વિકસી. વેપાર, બંદરો અને ઔદ્યોગિક વિકાસ પણ પૂર્વ કિનારા પર કેન્દ્રિત રહ્યો. જ્યારે પશ્ચિમી તેમજ ઉત્તરીય ચીનના વિસ્તારો અત્યંત પાંખી વસ્તીવાળા બની રહ્યા.

અહીં આપણે માત્ર ઈજીપ્ત અને ચીનની વાત કરી. બાકી દુનિયામાં અનેક દેશો એવા છે જ્યાં ભૌગોલિક કારણોસર હજારો હેક્ટર જમીનો માનવવસવાટ વિનાની છે. યુરોપમાં તો આમેય વસ્તીગીચતા ઓછી છે. કૅનેડા અને રશિયાની વાત માટે તો વળી અલાયદો લેખ જ લખવો પડે!

... અને છેલ્લે, હે મુંબઈગરાઓ... અહીં એક-એક સ્ક્વેર ફીટ માટે હજારો રૂપિયા ખર્ચીને ફ્લૅટ ખરીદ્યો હોય તો ઈજીપ્ત, ચીન અને કૅનેડામાં માનવવસવાટ વિના રેઢી પડેલી અબજો સ્ક્વેર ફીટ જમીન વિશે જાણીને જીવ બાળશો નહીં, કેમ કે એ બધા કરતાં આપણા મુંબઈની ભૂગોળ લાખ દરજ્જે સારી અને રહેવાલાયક છે. ■

feedback@bombaysamachar.com

મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા

# મૂલ્યો વેચીને મેળવેલી સફળતા એ ખરી સફળતા નથી

'રાષ્ટ્રનું ભવિષ્ય ડિગ્રી ધારક વ્યવસાયિકોથી નહીં, પરંતુ મૂલ્યો ધરાવતા નાગરિકોથી જ ઘડાય છે' આ વાક્ય માત્ર એક વિચાર નથી, પરંતુ શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રજીવન સામે ઊભો થયેલો એક અરીસો છે. આજે આપણે શિક્ષણના ક્ષેત્રમાં ઘણી પ્રગતિ કરી છે. શાળા- કૉલેજો- યુનિવર્સિટીઓ વધી છે, ડિગ્રીની સંખ્યા વધી છે અને વ્યવસાયિક કૌશલ્ય ધરાવતા યુવાનોની સંખ્યા પણ વધી છે. છતાં પ્રશ્ન એ છે કે શું આ બધાની સાથે રાષ્ટ્ર પ્રત્યેની નૈતિકતા, માનવતા અને જવાબદારી પણ વધી છે?

ડિગ્રી માણસને કામ માટે લાયક બનાવી શકે છે, જ્યારે મૂલ્યો તેને જીવવા માટે લાયક બનાવે છે. વ્યવસાયિક જ્ઞાન વ્યક્તિને સફળતા અપાવી શકે છે, પરંતુ સદાચાર તેને સફળતાને સાર્થક રીતે વાપરવાનું શીખવે છે એટલે રાષ્ટ્રના વિકાસ માટે માત્ર ડૉક્ટર, એન્જિનિયર, વકીલ, મેનેજર કે ટૅક્નોક્રેટ પૂરતા નથી- સારા માણસો અને જવાબદાર નાગરિકો પણ એટલા જ જરૂરી છે.

આજના સમયમાં શિક્ષણને ઘણીવાર નોકરી અને આવક સાથે જોડી દેવામાં આવે છે. માતા - પિતાની અપેક્ષા હોય છે કે બાળક સારી ડિગ્રી મેળવે, સારી નોકરી કરે અને ઊંચી આવક મેળવે. વિદ્યાર્થી પણ પરીક્ષા, માર્કશીટ, પ્રવેશ અને કારકિર્દીની દોડમાં આગળ વધતો જાય છે. આ બધું જરૂરી છે, પરંતુ પૂરતું નથી.

જો કોઈ વ્યક્તિ પાસે મોટી ડિગ્રી હોય, પરંતુ તે લાંચ લેતો હોય, કરચોરી કરતો હોય, પોતાના પદનો દુરુપયોગ કરતો હોય, સ્ત્રીઓનું અપમાન કરતો હોય કે નબળા માણસનું શોષણ કરતો હોય તો તેની ડિગ્રી સમાજ માટે કેટલી ઉપયોગી? ડિગ્રી બુદ્ધિનું પ્રમાણપત્ર હોઈ શકે, પરંતુ ચારિત્ર્યનું પ્રમાણપત્ર નથી.

વિજ્ઞાન અને ટૅક્નોલોજીએ માનવજીવનને અદ્ભુત શક્તિ આપી છે. આજે માણસ પૃથ્વીના એક ખૂણેથી બીજા ખૂણે ક્ષણોમાં સંદેશ મોકલી શકે છે. કૃત્રિમ બુદ્ધિથી અશક્ય લાગતાં કાર્ય શક્ય બની રહ્યા છે.

ચિકિત્સા ક્ષેત્રે અદ્ભુત પ્રગતિ થઈ છે, પરંતુ પ્રશ્ન એ છે કે આ શક્તિનો ઉપયોગ કોણ અને કેવી રીતે કરે છે? શસ્ત્ર બનાવવાની ટૅક્નોલોજી વૈજ્ઞાનિક પ્રગતિ છે, પરંતુ તેનો ઉપયોગ માનવવિનાશ માટે થાય તો એ જ જ્ઞાન વિનાશનું કારણ બને છે. સોશ્યલ મીડિયા સંપર્કનું સાધન છે, પરંતુ તેનો ઉપયોગ અફવા, દ્વેષ અને અપમાન ફેલાવવા માટે થાય તો ટૅક્નોલોજી સમાજને જોડવાને બદલે તોડી નાખે છે. તેથી જ્ઞાનને દિશા આપવા માટે વિવેક અને મૂલ્યો જરૂરી છે. મૂલ્યો રાષ્ટ્રની અદૃશ્ય સંપત્તિ છે. સત્ય, પ્રામાણિકતા, કરુણા, ન્યાય અને માનવતા, ઈત્યાદિ બધાં મૂલ્યો કોઈ પુસ્તકની માત્ર વ્યાખ્યાઓ નથી. આ તો રાષ્ટ્રના જીવનને મજબૂત બનાવતી અદૃશ્ય ઈંટો છે. રાષ્ટ્રનું ચારિત્ર્ય નાગરિકોના મૂલ્યોથી બને છે. કાયદાનો ભય હોય ત્યાં માણસ ગુનો કરવાનું ટાળી શકે છે; પરંતુ અંતરાત્માનો અવાજ હોય ત્યાં કાયદાની ગેરહાજરીમાં પણ માણસ ખોટું કરતો નથી. પોલીસની નજરથી બચી શકાય, પરંતુ સંસ્કારની નજરથી બચી શકાય નહીં.




સારા નાગરિકો જ સારો સમાજ બનાવી શકે.

નિયમોનું પાલન કરનાર વ્યક્તિ કદાચ કોઈ મોટી ડિગ્રી ધરાવતી ન હોય, પરંતુ તે જવાબદાર નાગરિક છે. રાષ્ટ્ર નિર્માણ સંસદમાં જ થતું નથી. તે ઘર, શાળા, રસ્તા, કાર્યસ્થળ અને સમાજના દરેક ખૂણે થાય છે.

મૂલ્ય શિક્ષણની શરૂઆત શાળાથી પહેલાં ઘરમાં થાય છે. બાળક માતા - પિતાને જોઈને ઘણું શીખે છે. ડિગ્રી હાથને વ્યવસાય આપે છે, જ્ઞાન મગજને શક્તિ આપે છે; પરંતુ મૂલ્યો હૃદયને દિશા આપે છે.

આજે દુનિયા સ્પર્ધાની દોડમાં દોડી રહી છે. 'હું બીજાથી આગળ કેવી રીતે નીકળું?' એ પ્રશ્ન મોટો બની ગયો છે; 'હું બીજાના જીવનમાં શું સારું ઉમેરી શકું?' એ પ્રશ્ન નાનો બની રહ્યો છે. સફળતા ખરાબ નથી, પરંતુ સફળતાની કિંમત તરીકે જો મૂલ્યો વેચવા પડે તો એ સફળતા નહીં, પરાજય છે. આજે આપણને એવા યુવાનો જોઈએ છે જે બુદ્ધિશાળી પણ હોય અને ઈમાનદાર પણ. એ મહત્ત્વાકાંક્ષી પણ હોય અને જવાબદાર પણ- આધુનિક પણ હોય અને માનવીય પણ! કમ્પ્યુટર ચલાવતાં આવડવું જરૂરી છે, પરંતુ સાથે અંતરાત્માનો અવાજ પણ સાંભળવો જોઈએ! કોઈ દેશ કેટલા કરોડપતિ પેદા કરે છે તેનાથી જ તેની મહાનતા નક્કી થતી નથી. તેની સાચી મહાનતા એમાં છે કે ત્યાં સામાન્ય માણસને કેટલું સન્માન મળે છે, કાયદો કેટલો નિષ્પક્ષ છે, નબળાને કેટલો ન્યાય મળે છે અને લોકો એકબીજા પ્રત્યે કેટલા સંવેદનશીલ છે. મોટા રસ્તાઓ અને ઊંચી ઈમારતો વિકાસનાં ચિન્હો છે, પરંતુ પ્રામાણિક નાગરિકો વિકાસનો આત્મા છે. ■

## હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# એક ભગતનો સ્વર્ગવાસ




જે દિવસે ભગતજીનું અવસાન થયેલું ત્યારે અમને એમ હતું કે- 'ભગતજી તો ખરેખર સ્વર્ગવાસી થઈ ગયા.'

-પણ હવે મોડી મોડી ખબર પડી છે કે ભગતજી સ્વર્ગવાસી નહીં, નર્કવાસી થયા છે. જોકે હું આવું કાઈને કહીશ તો કોઈ કરતાં કોઈ માનશે નહીં, પણ એ સત્ય છે કે ભગતજીને રૌરવ નર્કમાં નાખવામાં આવ્યા છે ને એમના પર એવાં એવાં ઘોર પાપોના આરોપો મૂકવામાં આવ્યા છે કે નજીકના ભવિષ્યમાં એમની નરકમાંથી મુક્ત થવાની કોઈ આશા જ નથી. મોટામાં મોટી ભજનકીર્તનવાળી શોકસભા પણ એમને નરકમાંથી બહાર નહીં જ કાઢી શકે.

જોકે હજુ પણ આખો મહોલ્લો ભગતને યાદ કરે છે. દર બે-ત્રણ દિવસે તેઓ કોઈ માલદાર ભક્ત પાસેથી મંદિરમાં લાઉડસ્પીકર લગાવડાવતા ને મોડી રાત સુધી એમની મંડળી સાથે ભજનો ગાતા. તહેવારોમાં તો ૨૪ કલાક લાઉડસ્પીકર પર સતત ભજન-કીર્તન ચાલ્યા કરતું. એક-બે વાર મહોલ્લાના લોકોએ વિરોધ પણ કર્યો, તો ભગતજીએ ભક્તોની ભીડ ભેગી કરી અને સામે મારામારી કરવા પરઊતરી આવ્યા. ભગતજી ભગવાનના લાઉડસ્પીકર માટે જીવ આપવા ને લેવા માટે તૈયાર થઈ ગયા હતા.

આવા પ્રભુના પરમ ભક્ત, જેમણે અબજો વખત ભગવાનનું નામ લીધું હશે, એમને નરકમાં મોકલવામાં આવ્યા ને પુરાણોમાં કાઈ અજામિલ નામનો એક તુચ્છ માણસ, જેણે એક વખત ભૂલથી ભગવાનનું નામ લઈ લીધેલું, એ આજે પણ સ્વર્ગના સુખ ભોગવી રહ્યો છે!

પણ શું થાય? અન્યાય તો બધે જ છે. ઉપર હોય કે નીચે!

ભગતજી ખૂબ શ્રદ્ધાપૂર્વક ઉપરવાળાની દુનિયામાં પહોંચ્યા. બિચારા ઘણીવાર સુધી અહીંયા-ત્યાં ભટકતા રહ્યા. પછી એક દરવાજા પાસે જઈને ચોકીદારને પૂછ્યું,

'સ્વર્ગનું પ્રવેશદ્વાર આ જ છે?'

'હા' ચોકીદારે કહ્યું.

ભગતજી, સ્વર્ગમાં જવા બે પગલાં આગળ વધ્યા એટલામાં ચોકીદારે એમને રોક્યા ને કહ્યું, 'પહેલાં

મને તમારી ટિકિટ દેખાડો.'

ભગતજી ગુસ્સે થયા. એમણે કહ્યું, 'શું મારે પણ ટિકિટની જરૂર પડશે? મેં મારા આખા જીવનમાં ક્યારેય ટિકિટ નથી લીધી. હું ટિકિટ વગર ફિલ્મો જોતો ને ટિકિટ વગર જ ટ્રેનમાં પણ મુસાફરી કરતો. નીચે તો કોઈ મારી પાસે ટિકિટ માગતું નહીં ને હવે તમે અહીં છેક ઉપર સ્વર્ગમાં ટિકિટ માગી રહ્યા છો? તમે મને ઓળખો છો? હું 'ભગતજી' છું, ભગતજી!'

ચોકીદારે શાંતિથી કહ્યું, 'તમે ભગતજી હશો, પણ હું તમને ટિકિટ વગર નહીં જવા દઉં. તમે પહેલાં સામેની ઑફિસમાં જાઓ. ત્યાં તમારાં પાપ ને પુણ્યનો હિસાબ થશે ને પછી જ તમને ટિકિટ આપવામાં આવશે.'

ભગતજી ચોકીદારને ધક્કો મારીને આગળ જતા હતા ત્યાં તો ચોકીદાર પહાડ જેવો મોટો થઈ ગયો અને એમને ઉપાડીને સામે એકાઉંટ્સ ઑફિસનાં પગથિયાં પર મૂકી દીધા. ધૂંઆફૂઆ ભગતજી ઑફિસમાં અંદર ગયા. ત્યાં કોઈ મોટા દેવતા જેવા લાગતા યક્ષ ફાઇલો લઈને બેઠા હતા. ભગતજીએ હાથ જોડીને કહ્યું, ' આહા, મેં તમને ઓળખી લીધા. સામે સાક્ષાત ભગવાન કાર્તિકેય બેઠા છે.

ફાઇલમાંથી માથું ઊંચું કરીને દેવતાએ કહ્યું, 'હું કાર્તિકેય નથી. મારી ખોટી ખુશામત ના કરો. તમે આખી જિંદગી ધરતી પર પાપ કરતા આવ્યા છો અને અહીં આવીને 'હેં... હેં...' કરો છો. તમારું નામ બોલો.'

ભગતજીએ એમનું નામ-સરનામું જણાવ્યું.

પેલાએ કહ્યું, 'તમારો કેસ ખૂબ જ જટિલ છે. અમે નક્કી નથી કરી શકતા કે તમને સ્વર્ગમાં મોકલવા

કે નર્કમાં? તમારો નિર્ણય સ્વયં ભગવાન પોતે જ લેશે.'

ભગતજીએ કહ્યું, 'મારો કેસ ખૂબ જ સરળ છે. હું સંપૂર્ણપણે ધાર્મિક માણસ છું. હું દરરોજ નિયમિતપણે ભગવાનની પૂજા કરતો, ક્યારેય જૂઠું બોલ્યો નથી ને ચોરી તો કદી કરી જ નથી. મેં ક્યારેય કોઈ પાપ કર્યું નથી. તમે મને આંખો બંધ કરીને સ્વર્ગમાં મોકલી શકો છો.'

પેલાએ કહ્યું, 'જુઓ ભગતજી, તમારો કેસ એટલો સરળ નથી જેટલો તમે વિચારો છો. ભગવાન પોતે એક પટાવાળો ભગતજીને ભગવાનના દરબારમાં લઈ ગયો. જેવા ભગતજી ભગવાનની સામે પહોંચ્યા એટલે મોટે મોટેથી ભજનો ગાવા લાગ્યા-

'હમ ભગતન કે ભગત હમારે,

સુન અર્જુન પરતિજ્ઞા મેરી, યહ વ્રત ટરૈ ન ટારે.'

ભજન પૂરું થયા પછી ભગતજીએ ગદ્ગદ્ અવાજે કહ્યું, 'ઓ હોહોહોહો... કેટકેટલા જન્મોની અધૂરી ઇચ્છા આજે પૂરી થઈ છે. હે પ્રભુ, તમારું સ્વરૂપ અનોખું છે. નીચે પૃથ્વી પર તમારા જેટલા ફોટો મળે છે એમાંથી કોઈની પણ સાથે તમારો મેળ ખાતો નથી.'

ભગવાનને ભગતજીની પ્રાર્થનાઓથી કંટાળો આવી રહ્યો હતો. એમણે કંટાળીને કહ્યું, 'સારું, સારું. હવે તમે શું ઇચ્છો છો? બોલો, ફટાફટ!'

ભગતજીએ વિનંતી કરી, 'ભગવાન, તમારાથી તો કશું છૂપું નથી! તમે બધાની ઇચ્છા જાણો છો. કહેવાય છે - 'રામ, ઝરોખા બૈઠકે સબકા મુજરા લેય, જાકી જૈસી ચાકરી, તાકો તૈસા દેય. પ્રભુ, મને સ્વર્ગમાં કોઈ સારી જગ્યા આપોને!'

ભગવાને પૂછ્યું, તેં એવું શું કામ કર્યું છે કે તમને સ્વર્ગ મળે?

આ સવાલથી ભગતજીનો ઊડી ગયેલો આત્મા ખૂબ દુભાયો. સાલું, જેમના માટે આટલું બધું કર્યું એ પોતે જ પૂછે છેઃ 'મેં એવું તે શું કામ કર્યું છે?' પણ હવે 'ભગવાન પર ગુસ્સે થવાનો શું ફાયદો?' એમ વિચારીને ભગતજીએ પોતાનો ગુસ્સો દબાવી દીધો. એમણે નમ્રતાથી કહ્યું, 'ભગવાન... હું દરરોજ તમારાં ભજન ગાતો.'

ભગવાને પૂછ્યું, 'પણ તમે લાઉડસ્પીકર કેમ લગાડતા હતા?'

ભગતજીએ નમ્રતાથી કહ્યું, 'પૃથ્વી પર વોટ માગનારાઓ, ગીતસંગીતવાળાઓ, વસ્તુઓ વેચનારાઓ બધા જ લાઉડસ્પીકરનો ઉપયોગ કરે છે, એટલે મેં પણ કર્યો.'

'એ લોકો એમની વસ્તુઓની જાહેરાત કરે છે. તું શું મારી જાહેરાત કરતો હતો? શું હું વેચવાલાયક વસ્તુ છું?' ભગવાને પૂછ્યું.

ભગતજી વિચારમાં પડી ગયા કે ભગવાન થઈને કેવી વાતો કરે છે?

ભગવાને પૂછ્યું, 'તું મને અંતર્યામી માને છેને?'

'જી પ્રભુજી' ભગતજીએ હાથ જોડી કહ્યું.

'તો પછી તમે અંતર્યામીને સંભળાવવા માટે લાઉડસ્પીકરનો ઉપયોગ કેમ કર્યો? શું હું બહેરો છું? અહીંના બધા દેવતાઓ મારી મજાક ઉડાવે છે. મારી પત્ની પણ મજાક કરે છે કે આ ભક્ત તમને બહેરો માને છે' ભગવાને ગુસ્સામાં કહ્યું.

ભગતજી પાસે આનો કોઈ જવાબ નહોતો. ભગવાન વધુ ક્રોધે ભરાયા ને કહ્યું, 'તેં ઘણાં વર્ષોથી આખા વિસ્તારના લોકોને પરેશાન કર્યા છે. તારા અવાજને કારણે તે લોકો ના તો કામ કરી શક્યા, ના શાંતિથી બેસી શક્યા અને ના તો શાંતિથી સૂઈ શક્યા. એમાંથી અડધા તો મને કારણ વિના નફરત કરવા માંડ્યા છે. એ લોકો વિચારે છે કે જો ભગવાન જ ના હોત, તો આ સાલા ભગતડાએ આટલો બધો ઘોંઘાટ જ ન કર્યો હોત. તેં મને કેટલો બદનામ કરી મૂક્યો છે, ખબર છે?'

ભગતજીએ હિંમત એકઠી કરીને કહ્યું, 'હે પરમ કૃપાળુ, તમારું નામ લોકોના કાન સુધી પહોંચતું હતું, એ તો એમના માટે સારું જ હતું. એમને અનાયસે જ પુણ્ય મળી જતું હતું.'

ભગવાન હસ્યા ને કહેવા લાગ્યા, 'તને કોઈએ ખાસ આવીને કાનમાં કહ્યું કે મને ખુશામત ગમે છે? તને શું લાગે છે કે જો તું મારી પ્રશંસા કરીશ તો હું મૂર્ખ કોઈ સરકારી અધિકારીની જેમ ખુશ થઈ જઈશ? અને ઓ ભગતજી, હું એટલો તો બેવકૂફ નથી કે તારા જેવા મૂર્ખ મને ફોસલાવી શકે. હું ખુશામતથી ખુશ નથી થતો, હું કેવળ ને કેવળ કર્મો જ જોઉં છું. ભગત, તમે લોકોને મારી નાખ્યા છે. નીચેની કોર્ટમાં બચી ગયા છો, પણ અહીંની અદાલતથી નહીં છટકી શકો!'

હવે ભગતજી ધીરજ ગુમાવી બેઠા. ભગતજીએ થોડા ગુસ્સામાં કહ્યું, 'સૉરી, પણ હરિ થઈને હળહળતું જૂઠું બોલો એ તમને શોભતું નથી. મેં કોઈની હત્યા નથી કરી. અત્યાર સુધી મેં જીવનમાં ઘણું સહન કર્યું છે, પણ મર્યા બાદ હું આ ખોટો આરોપ સહન નહીં કરી શકું. સર્વશક્તિમાન, સાબિત કરો તમારી શક્તિથી કે મેં કોઇની હત્યા કરી છે!'

ભગવાને એક આધેડ વયના માણસને બોલાવ્યો ને ભગતને પૂછ્યું, 'બોલો, આને ઓળખો છો?'

'હા, એ મારા મહોલ્લાના રમાનાથ માસ્ટર છે. ગયા વર્ષે જ બીમારીથી એમનું મૃત્યુ થયું હતું' ભગતે

આત્મવિશ્વાસથી કહ્યું.

ભગવાને કહ્યું, 'એ બીમારીથી નહીં, પણ તારા ભજનના ત્રાસથી ને લાઉડસ્પીકરના ઉપાડાને લીધે

ઉકલી ગયો છે. બોલ રમાનાથ, તારું મોત કેવી રીતે થયું?'

રમાનાથે કહ્યું, 'પ્રભુ, હું સખત બીમાર હતો. ડૉક્ટરે કહ્યું હતું કે તમારે સંપૂર્ણ ઊંઘ ને આરામ કરવો જોઈએ, પરંતુ ભગતજીના લાઉડસ્પીકર પરનાં સતત ભજનકીર્તનને કારણે હું ન તો ઊંઘી શક્યો કે ન તો આરામ કરી શક્યો. બીજા દિવસે મારી તબિયત વધુ ખરાબ થઈ ગઈ અને ચોથા દિવસે હું મૃત્યુ પામ્યો.'

ભગત આ સાંભળીને ડરી ગયા.

એટલામાં એક ૨૧-૨૨ વર્ષના છોકરાને બોલાવવામાં આવ્યો. એને પૂછવામાં આવ્યું, 'સુરેન્દ્ર, તું કેવી રીતે મૃત્યુ પામ્યો?'

'મેં આત્મહત્યા કરી હતી.'

'તેં આત્મહત્યા શા માટે કરી?' ભગવાને પૂછ્યું.

'મારું ઘર મંદિરની પાસે જ છે. ભગતજીના લાઉડસ્પીકરને કારણે હું ભણી શક્યો નહીં ને પરીક્ષામાં નાપાસ થયો એટલે' સુરેન્દ્રનાથે કહ્યું

ભગતજીને યાદ આવ્યું કે આ છોકરાએ અનેકવાર વિનંતી કરી હતી કે ઓછામાં ઓછું પરીક્ષાના દિવસોમાં તો લાઉડસ્પીકરનો ઉપયોગ ન કરો.

ભગવાને કડક શબ્દોમાં કહ્યું, 'તારાં આવાં પાપોને ધ્યાનમાં રાખીને હું તને નર્કમાં જવાનો આદેશ

આપું છું.'

ભગતજીએ ભાગવાનો પ્રયાસ કર્યો, પણ નરકના ખૂનખાર દૂતોએ એમને પકડી લીધા.

અને આપણા આ ભોળા ભગતજી, જેમને આપણે અત્યાર સુધી ધર્માત્મા સમજતા હતા તેઓ હવે નરકવાસ ભોગવી રહ્યા છે. ■

---

## અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

### જોર લગા કે હઈસા, મહેલ થોડા થોડા ખઈસા

જાપાન સમૃદ્ધ અને અવિસ્મરણીય સંસ્કૃતિ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. આધુનિકતાને અપનાવી હોવા છતાં પરંપરા પ્રત્યે આદર અને સન્માન અકબંધ છે. મોડર્નનાઇઝેશનની સાથે સાથે એક હજાર વર્ષથી વધુ પ્રાચીન ટી સેરેમની (ચા બનાવવાની અને એ સર્વ કરવાની શૈલી), કિમોનો ડ્રેસ અને ફૂલ ગોઠવવાની ઈકેબાના આર્ટ માટે પણ લગાવ જળવાઈ રહ્યો છે. આ સંસ્કૃતિ ને કલા પ્રેમને કારણે જ ૨૦૧૫ના ભૂકંપથી નુકસાન પામેલી દીવાલોના સમારકામ માટે આઓમોડી સ્થિત ૪૦૦ વર્ષ જૂના હિરોસાકી કિલ્લાને ખસેડવામાં આવ્યો હતો, ભૂકંપને લીધે કિલ્લાના પાયાની પથ્થરની દીવાલોને નુકસાન થયું હતું. સમારકામ કર્યા પછી કિલ્લાને મૂળ સ્થાને પાછો લાવી દેવામાં આવ્યો છે. ૩૬૦ ટન વજનના આ કિલ્લાને ૧૮૦૦ લોકોના 'so-re, so-re' (આપણા 'જોર લગા કે હઈસા' જેવું)ના બુલંદ અવાજમાં ૨.૨૨ મીટર (આશરે ૭ ફૂટ ૪ ઇંચ) જેટલો - શનિવારે ૧.૧૩ મીટર અને રવિવારે ૧.૦૯ મીટર ખસેડવામાં આવ્યો હતો. આ કામ માટે 'હિકિયા' તરીકે ઓળખાતી પ્રાચીન જાપાનીઝ પદ્ધતિનો ઉપયોગ થયો હતો , જેમાં ઇમારતોને તોડી પાડ્યા વિના રેલ અને રોલર્સની મદદથી ખસેડવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે ૧૮૦૦ લોકોની જરૂર હતી, પણ દેશભરમાંથી અને કેટલાક તો વિદેશથી આવી જતા ૮૦૦૦ લોકો સેવા આપવા હાજર થઈ ગયા હતા. ૮૦ લોકોની ટીમ વારાફરતી કામે લાગી અને આ ભગીરથ કામ બે દિવસમાં પૂરું કર્યું હતું.




### ૯૧ વર્ષનાં જંગલનાં દાદીમા ૧૯ વર્ષની કૉલેજની તરુણી



આયુષ્યને અરમાન કે આકાંક્ષા સાથે મોટાભાગે સીધો સંબંધ હોય. ૮ વર્ષની ઉંમરે રમતમાં ચોંટેલો જીવ ૧૮ વર્ષની ઉંમરે અભ્યાસમાં ચોંટવાની શરૂઆત થાય અને પછી ક્રમશઃ સંસાર, સામાજિક કાર્યો અને સાધુતા તરફ મન વળવા લાગે. જોકે કેરળના આલાપ્પુઝા જિલ્લાના મુથુકુલમ ગામના કોલ્લાક્કાયિલ દેવકી અમ્મા ૯૧ વર્ષની મંદિરમાં બેસી પૂજાપાઠ કરવાની ઉંમરે ૧૯ વર્ષી તરુણી જેવા ઉત્સાહ સાથે પર્યાવરણ માટે સક્રિયપણે કાર્યરત છે. આ વર્ષે તેમને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે તેમના અસાધારણ યોગદાન બદલ ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં છે. જરાય કંટાળ્યા વિના અંગત રસ લઈ વન વિસ્તારને વહાલ કરવા બદલ તેઓ 'વનમુથસ્સી' (જંગલના દાદી) તરીકે ઓળખાય છે. આશરે ૪૪ વર્ષ પહેલાં એક માર્ગ અકસ્માતને કારણે ચાલવું તેમના માટે મુશ્કેલ બની ગયું હતું , પણ આફતમાં અવસર શોધવાની પ્રકૃતિને લીધે દુઃખ અને એકલતામાંથી બહાર આવવા તેમણે પોતાના ઘરની પાછળની પડતર જમીનમાં છોડ રોપવાનું શરૂઆત કરી. ચાર દાયકાની અથાક મહેનતને પગલે પાંચ એકરની ઉજ્જડ રેતાળ જમીન એક ગાઢ જંગલમાં ફેરવાઈ ગઈ છે. એક નાનકડી શરૂઆત વિશાળ પરિણામ બની ગઈ છે. દાદીની આ જહેમતને 'તપોવનમ' નામ આપવામાં આવ્યું છે. આજે આ જંગલમાં ત્રણ હજારથી વધુ દેશી વૃક્ષ, છોડ અને ઔષધિઓ છે. આ નાનકડા જંગલમાં હવે મોર, દુર્લભ પક્ષીઓ અને અન્ય જીવો આશ્રય મેળવે છે.

### વિજયપત સિંઘાનિયાનો વિશ્વ વિક્રમ



ગઈ કાલે ૮ સપ્ટેમ્બર હતી. બરાબર ૨૮ વર્ષ પહેલાં ૧૯૯૮માં આજના દિવસે સફળ બિઝનેસમેન અને હવાઈ ઉડ્ડયનના શોખીન વિજયપત સિંઘાનિયાએ હવાઈ જહાજની મુસાફરીમાં વર્લ્ડ રેકૉર્ડ કર્યો હતો. બ્રિટનથી ભારત સુધીનું આશરે ૬૦૦૦ માઈલનું અંતર કોફિનની સાઇઝના એક નાનકડા વિમાનમાં માત્ર ૨૩ દિવસમાં સિંઘાનિયાજીએ પૂરું કર્યું હતું. તેમણે બ્રિટિશ પત્રકાર બ્રાયન મિલ્ટનનો ૩૪ દિવસનો વિશ્વ વિક્રમ તોડીને 'ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ્સ'માં સ્થાન મેળવ્યું હતું. જોકે આ ગગનવિહારી સિંઘાનિયાનું પાછલી ઉંમરનું જીવન પુત્ર સાથેના વિવાદને પગલે બદતર થઈ ગયું હતું. આ વર્ષે માર્ચમાં તેમનું ૮૮ વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

૮મી સપ્ટેમ્બરના રોજ બીજી પણ કેટલીક ઘટના બની હતી, જેમ કે ૧૯૬૨ની આઠમી સપ્ટેમ્બરે ચીનના લશ્કરે ભારતના પૂર્વ વિસ્તારમાં પહેલીવાર ઘૂસણખોરી કરી હતી. ચીનની આ હરકતને પગલે ૨૦ ઑક્ટોબર, ૧૯૬૨ના દિવસે ભારત-ચીન યુદ્ધ શરૂ થયું હતું જે એક મહિનો અને એક દિવસ ચાલી ૨૧ નવેમ્બરે સમાપ્ત થયું હતું.

બીજા વિશ્વ યુદ્ધમાં મહત્ત્વ ધરાવતી રશિયન શહેર લેનિનગ્રાડકબજે કરવાની લડતનો પ્રારંભ ૮ સપ્ટેમ્બર, ૧૯૪૧ના દિવસે શરૂ થયો હતો અને ૮૭૨ દિવસ ચાલેલી આ લડતમાં લાખો લોકોનાં મૃત્યુ થયાં હતાં. આલ્ફ્રેડ હિચકોકની અદ્ભુત ફિલ્મ 'સાયકો' આજ દિવસે ૧૯૬૦માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ દર્શકો ક્યારેય નહીં ભૂલે અને એમાંય શાવરમાં અભિનેત્રી જેનેટ લેના પાત્રની હત્યાનો સીન અવિસ્મરણીય બની ગયો છે.

### સૌથી વધુ ૮૫૦ કિલો, સૌથી ઓછું પાંચ મિલીગ્રામ



લંડનનાં જોવાલાયક સ્થળોમાં ઝૂઓલૉજિકલ સોસાયટી ઑફ લંડન દ્વારા ૨૦૦ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલું લંડન ઝૂ - પ્રાણી સંગ્રહાલય ૭૦૦ પ્રજાતિનાં ૨૦ હજાર પ્રાણી સંગ્રહ ઉપરાંત એમનું વજન કરવાની વિશિષ્ટ શૈલી માટે પણ ખ્યાતિ ધરાવે છે. ઝૂ એટલે કે પ્રાણી સંગ્રહાલયમાં તો નાના મોટા બધા જીવને તો 'મજ્જાની લાઇફ' હોય તો પછી વજન કરવાનું કારણ શું? કોઈ ફૅશન શો કે વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં ભાગ લેવાનો હોય? ના ભાઈ ના. મૅનેજર ખુલાસો કરે છે કે 'નાનાં-મોટાં દરેક પ્રાણીનું વજન કરવામાં આવે છે. આમ કરવાથી પ્રાણીઓના સ્વાસ્થ્યનો, એ બરાબર ખોરાક લે છે કે નહીં અને જે ગતિએ એમની વૃદ્ધિ થવી જોઈએ એ થાય છે કે નહીં એનો ખ્યાલ આવે છે. જોકે વજન આરોગ્ય તરફ તો નિર્દેશ કરે જ છે, પણ એમની કમરના ભાગના વિસ્તાર પરથી માદા પ્રેગ્નન્ટ છે કે નહીં એનો પણ ખ્યાલ આવે છે. લંડનના આ પ્રાણી સંગ્રહાલયમાં સૌથી વજનદાર પ્રાણી જિરાફ છે. એલિસ નામના જિરાફનું વજન ૮૫૦ કિલો છે અને એની ઊંચાઈ ૧૫ ફૂટ છે. સૌથી હળવુંફૂલ પ્રાણી 'લીફ કટર એન્ટ' (છોડના પાન કોતરી ખાતી કીડી) છે જેનું વજન છે માત્ર પાંચ મિલીગ્રામ. એની મહત્તમ લંબાઈ દોઢ ઇંચની હોય છે. વજન માપવા માટે પ્રાણીઓની પ્રકૃતિ અને કદ મુજબ જુદી જુદી રમૂજી અને સ્માર્ટ રીતોનો ઉપયોગ કરવામાં આવે છે. એક જગ્યાએ સખણા ન બેસી શકતા પેંગ્વિનને ખાવા માટે માછલી આપીને તેમને સ્વેચ્છાએ વજનકાંટા પર ચાલવા માટે લલચાવવામાં આવે છે. 'સ્ક્વિરલ મંકી' તરીકે જાણીતા નાના વાંદરાઓનું ધ્યાન દોરવા માટે લાકડી પર બ્લુ રંગના બૉલ રાખવામાં આવે છે. વાંદરા આ બૉલ તરફ આકર્ષાય છે અને વજનકાંટા પર પહોંચે છે.

### લ્યો કરો વાત

ત્રણ કરોડની વસતિ ધરાવતા પશ્ચિમ આફ્રિકાના દેશ કેમરૂનના પ્રેસિડેન્ટ પોલ બિયા એક અનન્ય રાજકીય સિદ્ધિ ધરાવે છે. વર્તમાન રાજકીય શાસકોમાં એમના જેટલી પ્રદીર્ઘ કારકિર્દી કોઈ પણ દેશના નેતાના નામે નથી. ૧૯૭૫માં ૪૨ વર્ષની ઉંમરે તેઓ કેમરૂનના વડા પ્રધાન બન્યા હતા. સાત વર્ષ પીએમ રહ્યા પછી ૧૯૮૨માં સત્તાધીશ પ્રેસિડેન્ટએ અચાનક રાજીનામું આપતા બંધારણ અનુસાર બિયાને પ્રેસિડેન્ટ બનાવવામાં આવ્યા. ત્યારબાદ ૧૯૮૪, ૧૯૮૮, ૧૯૯૨, ૧૯૯૭, ૨૦૦૪, ૨૦૧૧, ૨૦૧૮ અને ૨૦૨૫માં પણ ફરી ફરી બિયા જ પ્રેસિડેન્ટ બનતા રહ્યા. આમ ૫૧ વર્ષથી તે સત્તારૂઢ છે અને આજની તારીખમાં એમની ઉંમર ૯૩ વર્ષ છે અને ગયા વર્ષે ૯૨ વર્ષની આયુમાં ૫૩ ટકા મત સાથે તેઓ આઠમી વાર પ્રેસિડેન્ટ બન્યા ત્યારે વિરોધ પક્ષો દ્વારા ચૂંટણીમાં ગેરરીતિના આક્ષેપ કરવામાં આવ્યા હતા, પણ બિયાનો વાળ પણ વાંકો ન થયો. ■

# ૨૦,૦૦૦ કરોડથી વધુ કિંમતની પાલિકાની જમીન ખાનગી ડેવલપરોને પાણીના ભાવે

## સુધાર સમિતિના ૧૦ પ્રસ્તાવ સભાગૃહમાં ચર્ચા વગર મંજૂરઃ વિરોધ પક્ષનો સભાત્યાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની માલિકીની હજારો કરોડ રૂપિયાની જમીનો અને મિલકતોને મામૂલી દરે ખાનગી ડેવલપરોને આપી દેવાના પ્રસ્તાવને મંગળવારે સામાન્ય સભામાં કોઈ પણ જાતની ચર્ચા વગર મંજૂરી આપી દેવામાં આવી હતી, તેની સામે વિરોધપક્ષે સભાગૃહમાંથી નારાબાજી કરીને વોકઆઉટ કર્યું હતું અને સભાગૃહની બહાર જ સભાગૃહ યોજ્યું હતું. બાદમાં તમામ વિરોધપક્ષે પાલિકાના એડિશનલ કમિશનરની મુલાકાત લઈને સભાગૃહમાં સુધાર સમિતિના મંજૂર કરવામાં આવેલા તમામ પ્રસ્તાવને રદ કરવાની તેમ જ કાયદાકીય કાર્યવાહીની માગણી કરી હતી.



સુધાર સમિતિની ૨૮ જુલાઈ અને ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ થયેલી બેઠકમાંથી ૧૦ પ્રસ્તાવ ચર્ચા વગર જ સભાગૃહમાં મંજૂર કરવામાં આવ્યા હતા. કૉંગ્રેસે દાવો કર્યો છે કે આ મિલકતોનું સંયુક્ત મૂલ્ય ૨૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ છે અને કોઈ પણ જાતની ચર્ચા વગર જાહેર મિલકતની ખુલ્લી લૂંટની ટીકા કરવામાં આવી રહી છે. આ નિર્ણયના વિરોધમાં કૉંગ્રેસ, શિવસેના (ઠાકરે), મનસે સહિત સમાજવાદી એમ તમામ વિરોધપક્ષના તમામ નગરસેવકોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. 'ચોકીદાર ચોર હૈ' સાથેના નારા સાથે સભાગૃહની બહાર જ સભા યોજી હતી. એ બાદમાં તમામ વિરોધપક્ષે પાલિકાના એડિશનલ કમિશનર અવિનાશ ઢાકણેની મુલાકાત લઈને મંગળવારે ગૃહમાં સુધાર સમિતિના જેટલા પ્રસ્તાવ મંજૂર થયા હતા, તે તમામ પ્રસ્તાવ રદ કરવાની લેખિતમાં માગણી કરી હતી.

કૉંગ્રેસના ગ્રૂપ લીડર અશરફ આઝમીએ કહ્યું હતું આટલા મોટા આર્થિક મૂલ્યના પુનઃવિકાસ માટે પ્લોટના ટ્રાન્સફર, લીઝ, રિઝર્વેશનમાં ફેરફાર અને જોગવાઈ પર ગૃહમાં ચર્ચા ન થવા દેવી એ લોકશાહી પ્રક્રિયાનું ગળું દબાવવા સમાન છે. વિરોધપક્ષ નેતા અને ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે કહ્યું હતું કે મુંબઈના પ્લોટ અને સામાન્ય નાગરિક સાથે સંકળાયેલા હિત સાથે જોડાયેલા વિષય પર વિરોધપક્ષ સાથે સવિસ્તર ચર્ચાની માગણી કરવી એ વિરોધપક્ષનો મૂળભૂત અધિકારી હતો. વિરોધપક્ષ પ્રસ્તાવમાં રહેલી ખામીઓ અને જનહિતને લગતી બાબતો જ સભાગૃહમાં રજૂ કરવામાં માગતું હતું અને તે બાબતે મેયર સામે અનેક વખત વિનંતી કરવામાં આવી હતી. ■

### કરોડોની કિંમતની જમીન ખાનગી ડેવલપરોને

મંગળવારે સામાન્ય સભામાં સુધાર સમિતિનો મરોલમાં લગભગ ૬૬,૬૮૭.૯૦ ચોરસ મીટર મ્યુનિસિપલ જમીન પર સેવન હિલ્સ હૉસ્પિટલ ચલાવવા માટે વધુ ૩૦ વર્ષ માટે નવીનીકરણનો વિકલ્પ આપવાની ભલામણને લગતો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો હતો, તેની સામે કૉંગ્રેસે ગૃહમાં કોઈ પણ જાતની ચર્ચા નહીં કરતા ખાનગી સંસ્થાને આટલી મોટી જમીનનો લાંબા ગાળાનો ઉપયોગ કેવી રીતે મંજૂર થઈ શકે? એવો સવાલ ઉપસ્થિત કર્યો હતો. મુલુંડમાં ૬૦,૭૦૩ ચોરસ મીટર જમીન ખાનગી કૉન્ટ્રેક્ટરને કાસ્ટિંગ યાર્ડ, પ્રિકાસ્ટ એલિમેન્ટ મેન્યુફેક્ચરિંગ અને આરએમસી પ્લાન્ટ સ્થાપવા માટે આપવાનો પ્રસ્તાવ મંજૂર કરવા સામે પણ વિરોધપક્ષે નારાજગી વ્યક્ત કરી હતી. લોઅર પરેલમાં પાલિકાની માલિકીની ૮,૯૯૪.૦૫ ચોરસ મીટર જમીનને ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનામાં પ્લોટ સાથે મર્જ કરવાની ભલામણ સુધાર સમિતિએ કરી છે. ■



**મધ્ય રેલવેનો રેઢિયાળ કારભારઃ** મુસાફરોનો આરોપ છે કે કલ્યાણથી સવારે ૮:૪૬ વાગ્યે ઉપડતી લોકલ ટ્રેન છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પર વારંવાર લગભગ બે કલાક જેટલી મોડી પડે છે. આ વિલંબથી રોજિંદા મુસાફરોને વિલંબ થઈ રહ્યો છે, જેના કારણે તેમના રોજિંદા કામ પર અસર પડી રહી છે. લોકલ ટ્રેનમાં વારંવાર થતા વિલંબથી હતાશ થયેલા મુસાફરોએ CSMT સ્ટેશન પર મોટરમેનને ઘેરીને સવાલો પૂછવાનું ચાલુ કરી દીધું હતું અને રેલવે વહીવટીતંત્રની કામગીરી પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. મુસાફરોએ એવી માગ કરી હતી કે લોકલ ટ્રેનમાં વારંવાર થતા વિલંબનો ઉકેલ લાવવામાં આવે અને તેમને સમયસર ટ્રેન સેવા પૂરી પાડવામાં આવે. (અમય ખરાડે)

# હાર્બર લાઈન પર એસી ટ્રેન સ્ટેશનો પર નહીં રોકાતાં મુસાફરોમાં અફડાતફડી, સુરક્ષા સામે સવાલો

મુંબઈઃ સામાન્ય રીતે હાર્બર લાઈન ઉપર ધીમી ટ્રેનો જ દોડતી હોય છે, પણ આજે પનવેલથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) તરફ જતી એસી લોકલ ટ્રેન ફાસ્ટ ટ્રેનની જેમ તેના રૂટમાં આવતા કોઈ પણ સ્ટેશને ઊભી નહીં રહેતા મુસાફરોમાં થોડા સમય માટે ગભરાટ ફેલાયો હતો. ટ્રેનમાં મુસાફરોમાં સર્જાયેલી અફડાતફડીની સ્થિતિનો વીડિયો સોશ્યલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. આ ઘટનાને લઈને મુંબઈના લોકલ મુસાફરોની સુરક્ષા અંગે ફરી એકવાર સવાલો ઊભા થયા છે.

વાઇરલ થયેલા વીડિયોમાં એસી લોકલના ડબ્બામાં આશરે ૮થી ૧૦ મુસાફરો જોવા મળે છે, તેમાં એક નાનું બાળક પણ સામેલ હતું. ટ્રેન એક પછી એક સ્ટેશન પસાર કરતી રહી અને ક્યાંય ઊભી ન રહેતાં મુસાફરોમાં મૂંઝવણ ફેલાઈ હતી. કેટલાક મુસાફરો શું થઈ રહ્યું છે તે જાણવા માટે ટ્રેનમાં લગાવવામાં આવેલા ઇમર્જન્સી ઈન્ટરકોમ ડિવાઈસ પાસે એકત્ર થયા હતા. કેટલાક મુસાફરોએ મોટરમેન સાથે સંપર્ક કરવાનો પ્રયાસ પણ કર્યો હતો.

મુંબઈ રેલ પ્રવાસી સંઘે આ ઘટનાની ગંભીર નોંધ લઈને તાત્કાલિક તપાસ કરવાની અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માગણી કરી છે. સંઘે મધ્ય રેલવેના મુંબઈ વિભાગ ઉપરાંત રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને વડા પ્રધાન કાર્યાલયને પણ ટેગ કરીને ઘટનાની તપાસની માગણી કરી છે.

સંઘે સવાલ ઉઠાવ્યો છે કે જો કોઈ લોકલ ટ્રેન તેના નિર્ધારિત સ્થાનકે ઊભી ન રહે અને સતત આગળ વધતી રહે તો આવી સ્થિતિને નિયંત્રિત કરવા માટે રેલવે પાસે પૂરતી વ્યવસ્થા છે કે નહીં. સમયસર કાર્યવાહી ન થાય તો આવી ઘટના ગંભીર અકસ્માતમાં ફેરવાઈ શકે છે, તેવી ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

દરમિયાન, રેલવેના સત્તાવાર સોશ્યલ મીડિયા એકાઉન્ટ 'રેલવે સેવા' દ્વારા પણ આ મામલાની નોંધ લેવામાં આવી છે. આ ફરિયાદ સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી માટે મોકલી આપવામાં આવી હોવાનું જણાવાયું છે. મુંબઈ વિભાગના વિભાગીય રેલવે મેનેજરને પણ આ મામલે ટેગ કરવામાં આવ્યા છે.

**કારશેડ તરફ જઈ રહી હતી લોકલ?**

આ ઘટનાને લઈને સોશ્યલ મીડિયા પર એક અન્ય દાવો પણ સામે આવ્યો છે. કેટલાક લોકોના જણાવ્યા અનુસાર, સંબંધિત લોકલ ટ્રેન કારશેડ તરફ જઈ રહી હતી અને મુસાફરોને તેની જાણકારી જાહેરાત દ્વારા આપવામાં આવી હતી. જોકે, આ દાવાને રેલવે તરફથી સત્તાવાર રીતે પુષ્ટિ મળી નથી.

વાઇરલ થયેલા વીડિયોના આધારે પણ આ ટ્રેન નિયમિત મુસાફર સેવા હતી કે કારશેડ તરફ લઈ જવામાં આવી રહેલી ટ્રેન હતી, તે સ્પષ્ટ થતું નથી. ■

# મહારાષ્ટ્રના પ્રધાને 'લવ જેહાદ'નો ઉલ્લેખ કરી વીએચપીની માગનું સમર્થન કર્યું

મુંબઈ : મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ રાજ્યમાં નવરાત્રિના 'ગરબા-દાંડિયા' કાર્યક્રમોમાં મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની વિશ્વ હિન્દુ પરિષદની માંગનું સમર્થન કર્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે આવા તહેવારો દરમિયાન ''લવ જેહાદ''ના કિસ્સાઓમાં વધારો થતો જોવા મળે છે. ભાજપના નેતાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, જેઓ મૂર્તિપૂજામાં માનતા નથી તેમણે હિન્દુ ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેવો જોઈએ નહીં. આવા ઉત્સવોમાં આવનારા લોકોએ પ્રવેશતા પહેલા પોતાની ઓળખની ચકાસણી કરાવવી જોઈએ અને હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ.

વીએચપીએ ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે આગામી નવરાત્રી મહોત્સવ દરમિયાન રાજ્યભરમાં 'ગરબા-દાંડિયા'ના કાર્યક્રમોમાં મુસ્લિમોને પ્રવેશ આપવામાં આવશે નહીં. સાથે જ, આયોજકો માટે 'માર્ગદર્શિકા' પણ જાહેર કરી હતી કે તેઓ સહભાગીઓના આધાર કાર્ડ ચકાસીને તેમની ઓળખની ખરાઈ કરે અને તેમના કપાળ પર 'તિલક' લગાવે. નવરાત્રિનો તહેવાર ૧૧ ઑક્ટોબરે શરૂ થશે.

આગામી ગણેશ ઉત્સવ દરમિયાન ડીજે સાઉન્ડ સિસ્ટમ્સ પર નિયંત્રણ મૂકવાની માગ અંગે રાણેએ કહ્યું કે તમામ ધાર્મિક સરઘસો માટે નિયમો સમાન રીતે લાગુ કરવામાં આવવા જોઈએ. (પીટીઆઈ) ■

# કુર્લામાં મેનહોલમાં પડીને મૃત્યુ પામનારા અસલમના પરિવારને ₹૧૦ લાખની આર્થિક મદદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુર્લાના ખૈરાણીની માર્ગ પર મેનહોલ પડી જવાથી મૃત્યુ પામેલા સાકીનાકાના યાદવનગરના રહેવાસી અસલમ શેખના પરિવારને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ૧૦ લાખ રૂપિયાની નાણાકીય સહાય કરવામાં આવી હતી, જે બદલ તેના પરિવારે પત્ર લખી આભાર માન્યો છે. અસલમ શેખની અંજુમ શેખે પાલિકા પ્રશાસન દ્વારા આપવામાં આવેલી સમયસર મદદ બદલ મેયર, સર્વપક્ષીય પ્રતિનિધિઓ અને પાલિકા પ્રશાસનનો આભાર માન્યો છે. બે, જુલાઈ, ૨૦૨૬ ના રોજ થયેલા અકસ્માત બાદ મેયરે તાત્કાલિક ૧૦ લાખ રૂપિયાની સહાયની ખાતરી આપી હતી. એ બાદ પાલિકાના 'એલ' ડિવિઝન (કુર્લા) ઓફિસે બેંક ખાતાની વિગતો અને વારસાના દસ્તાવેજો પૂર્ણ કર્યા હતા. ચાર ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, ૧૦ લાખ રૂપિયાની આ રકમ સીધી અંજુમ શેખના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.



### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RECOGNISE | હડસેલો |
| RECOIL | સમાધાન |
| RECOLLECT | ભલામણ |
| RECOMMENDATION | ઓળખવું |
| RECONCILE | સાંભરવું |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| | | ૯ | | | | | | ૧૦ | |
| ૧૧ | | | | | | | ૧૨ | | |
| | | ૧૩ | ૧૪ | | ૧૫ | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | ૨૦ | | | ૨૧ | ૨૨ | | |
| | ૨૩ | | | | ૨૪ | | ૨૫ | | ૨૬ |
| ૨૭ | | | ૨૮ | | | | | | |
| | | ૨૯ | | | | | | ૩૦ | |
| ૩૧ | | | | | ૩૨ | | | | |

**આડી ચાવી**

૨. --- આશ સદા, નિરાસ (૩)
૪. ધમધોકર, ઝપાટાબંધ (૪)
૭. સખત, તડકો (૨)
૮. ખ્રિસ્તી સનનો છેલ્લો મહિનો (૪)
૧૦. નુકસાન (૨)
૧૧. હાથી (૩)
૧૨. કપાળ (૨)
૧૩. એક કઠોળ (૨)
૧૫. પાયમાલ, નાશ પામેલું (૨)
૧૭. છાશ (૨)
૧૮. પરમેશ્વર (૨)
૨૦. ગાયન, ગાણું (૨)
૨૧. પાંડુ રાજાની એક પત્ની (૨)
૨૩. ભેગું, એકઠું (૨)
૨૫. દરમાયો (૩)
૨૭. માની મા (૨)
૨૯. છળ પ્રપંચ (૪)
૩૦. સ્નેહ, મમતા (૨)
૩૧. ગુંજારવ (૪)
૩૨. એક પક્ષી (૩)

**ઊભી ચાવી**

૧. ખાતા ધરાય નહીં તેવું (૪)
૩. કીડીઓનું દર (૪)
૪. પાયરી, ધોરણ (૩)
૫. ધમકી, ઠપકો (૨)
૬. પતિ (૩)
૯. દરકાર, કાળજી (૩)
૧૦. પરિસ્થિતિ (૩)
૧૪. સુધી (૨)
૧૬. સોયનું કાણું (૨)
૧૯. વીજળી (૩)
૨૨. ઠંડીમાં તાપવા માટે પેટાવેલ અગ્નિ (૩)
૨૪. સાથે વસવું તે (૪)
૨૬. ખુશી, પ્રસન્ન (૪)
૨૭. વગર કારણે, ખાલીપીલી (૩)
૨૮. પ્રશ્ન (૩)
૨૯. કાગડો (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જિ | ના | ૨ લ | ય | | | ૩ ગા | ભા | ૪ ચૂં | ૫ થા |
| હ | | ગા | | | ૬ ભા | ગ | | ૭ ક | ણ |
| ૮ વા | ગ્દ | તા | | ૯ ઠો | | ૧૦ ર | ૧૧ ગ | | દા |
| | | ૧૨ ર | સ | ક | સ | | ૧૩ મા | સ્ત | ર |
| ૧૪ રા | જી | | | ર | | ૧૫ પા | ર | | |
| | | ૧૬ લા | ભ | | ૧૭ સા | | | ૧૮ સ | સ્તું |
| ૧૯ પ્ર | લ | ય | | ૨૦ આ | વ | ર | ૨૧ દા | | |
| હ | | ૨૨ ક | ૨૩ વિ | | કું | | ૨૪ વા | મ | ૨૫ ન |
| ૨૬ સ | ૨૬અ ભા | | ૨૭ રા | શ | | | ન | | વા |
| ૨૮ ન | વ | રો | જ | | | ૨૯ હ | લ | વા | ઈ |

### માતૃભાષાની મહેક

ખેલ એટલે ક્રીડા, રમત એવા અર્થ પ્રચલિત છે. ખેલ કરવો એટલે રમત કરવી. ખેલ સમજવો એટલે સહેલું ગણી કાઢવું, આસાન સમજવું. બાળકના-બચ્ચાંના ખેલ એટલે છોકરાંની રમત તેમજ સહેલી વાત એવો પણ અર્થ છે. ખેલ ખતમ પૈસા હજમ એટલે કામ પૂરું થઈ ગયું અને હિસાબ બરાબર છે.

### ઓળખાણ પડી?



લાલ, ગુલાબી કે પીળા રંગોમાં જ મુખ્યત્વે જોવા મળતું ગુલાબનું ફૂલ કાળા રંગનું કયા દેશમાં જોવા મળે છે એ કહી શકશો?

અ) ઈજીપ્ત બ) યુગોસ્લોવિયા ક) ટર્કી ડ) દક્ષિણ કોરિયા

### સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૬ | | | ૯ |
| | | | | | ૩ | ૫ | | ૮ |
| | ૧ | | ૫ | ૯ | | ૨ | ૭ | ૪ |
| ૧ | ૪ | ૨ | | | | | ૫ | |
| | ૩ | | ૭ | | ૨ | | ૮ | |
| | ૮ | | | | | ૯ | ૨ | ૩ |
| ૮ | ૬ | ૧ | | ૪ | ૫ | | ૩ | |
| ૯ | | ૭ | ૩ | | | | | |
| ૪ | | | ૨ | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૨ | ૬ | ૩ | ૭ | ૯ | ૮ | ૪ |
| ૮ | ૩ | ૯ | ૧ | ૨ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૭ | ૬ | ૮ | ૫ | ૯ | ૨ | ૧ | ૩ |
| ૭ | ૨ | ૮ | ૩ | ૪ | ૫ | ૧ | ૯ | ૬ |
| ૬ | ૯ | ૧ | ૨ | ૭ | ૮ | ૩ | ૪ | ૫ |
| ૩ | ૪ | ૫ | ૯ | ૧ | ૬ | ૮ | ૭ | ૨ |
| ૨ | ૧ | ૪ | ૭ | ૯ | ૩ | ૬ | ૫ | ૮ |
| ૯ | ૮ | ૭ | ૫ | ૬ | ૨ | ૪ | ૩ | ૧ |
| ૫ | ૬ | ૩ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RECLAIM | પાછું મેળવવું |
| RECLAMATION | નવપ્રાપ્તિ |
| RECLINE | અઢેલવું |
| RECLUSE | એકાંતવાસી |
| RECLUSION | સંન્યાસ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
થોડી ભૂખના ને ઝાઝા સુખના

**ઓળખાણ પડી?**
આસામ

**માઈન્ડ ગેમ :**
ગોલ્ફ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
લોહી

### ગુજરાત મોરી મોરી રે

'મિતાહારી નર સદા સુખી' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

નહીં ગત આવે ન પ્રાણ આવે અવસર ન ગયા

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'પ્રિય પાત્રના સ્મરણથી એકાંત દૂર થાય છે' પંક્તિમાં સ્મરણ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ભીડ બ) અવસર ક) પ્રવાસ ડ) સ્મૃતિ

### ઈર્શાદ

ચાલ્યા જતા પ્રસંગની એકાદ ક્ષણ રહે,
તો પણ પૂરા પ્રસંગનું વાતાવરણ રહે.

- જવાહર બક્ષી

### માઈન્ડ ગેમ

કારકિર્દીમાં એક હજારથી વધુ ગોલ કરનારા ગોલ્ડ મેડલ જીતનારા અને હોકીના જાદુગર તરીકે જાણીતા ખેલાડીનું નામ જણાવો.

અ) અજિતપાલ સિંહ બ) પ્રીથીપાલ સિંહ ક) હુકમચંદ ડ) ધ્યાનચંદ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ધીરેન્દ્ર ઉદેશી (૩) પ્રતિમા પમાણી (૪) ભામિની સંપટ (૫) ડો. પ્રકાશ કટકિયા (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ભારતી બુચ (૮) કિશોર જીવણદાસ વેદ (૯) ભરત કજરિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) કમલ માતલિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) લજિતા ખોના (૧૫) મીનળ કાપડિયા (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) મહેશ એન. સંઘવી (૧૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) વિપીન શાહ (૨૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિણા સંપટ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) હિનાબેન દલાલ (૩૦) ઈનાક્ષીબેન દલાલ (૩૧) રમેશભાઈ દલાલ (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) નિતીન જયંતીલાલ બજરિયા (૩૮) નીતા દેસાઈ (૩૯) પુષ્પા પટેલ (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) સુભાષ મોમાયા (૪૩) મહેશ દોશી

પીએમ મોદીએ મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટનું ઉદ્ઘાટન કર્યું

# યુપીઆઈ હવે ૧૧ દેશમાં કાર્યરત, વૈશ્વિક સ્તરે વિસ્તરણનું આહ્વાનઃ વડા પ્રધાન

## નવી ટૅક્નોલૉજી અને અત્યાધુનિક સેવાઓ વિકસાવવા માટે તેમણે ફિનટેક કંપનીઓને પ્રોત્સાહિત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે આર્થિક પાટનગર મુંબઈમાં ગ્લોબલ ફિન-ટેક ફેસ્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. મુંબઈમાં આયોજિત કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ ભારતની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને ફિનટેક સેક્ટરની વધતા વ્યાપનો ઉલ્લેખ કર્યો હતો. પીએમ મોદીએ કહ્યું હતું કે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) હવે ભારત સુધી સીમિત રહી નથી, પરંતુ અગિયાર દેશ સુધી વિસ્તાર ફેલાયો છે. ભારત પર દુનિયાભરના દેશોનો વિશ્વાસ પણ વધ્યો હોવાનું જણાવ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈમાં યોજાયેલા ગ્લોબલ ફિનટેક ફેસ્ટની સાતમી આવૃત્તિના ઉદ્ઘાટન બાદ પોતાના સંબોધનમાં ભારતીય ફિનટેક ક્ષેત્રને યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ )ની વૈશ્વિક સ્તરે પહોંચ વધુ વિસ્તરીત કરવાનું આહ્વાન કર્યું હતું. તેમણે યુપીઆઈને અન્ય દેશોની સ્થાનિક પેમેન્ટ સિસ્ટમ સાથે જોડવા અને વિદેશમાં વસતા ભારતીયો માટે નાણાં મોકલવાનો ખર્ચ ઘટાડવાની દિશામાં કામ કરવા પર પણ ભાર મૂક્યો હતો.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે યુપીઆઈ સિસ્ટમ હાલમાં ૧૧ દેશમાં કાર્યરત છે અને સિંગાપોરની સ્થાનિક પેમેન્ટ સિસ્ટમ સાથે પણ યુપીઆઈ યંત્રણાને જોડવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે ભારતે છેલ્લા એક દાયકામાં યુપીઆઈએ રિયલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી છે, પરંતુ હવે આ સિદ્ધિઓ પર અટકી જવાને બદલે યુપીઆઈને વિશ્વના વધુ દેશોમાં પહોંચાડવાનું આગામી લક્ષ્ય હોવું જોઈએ. તેમણે ખાસ કરીને એવા દેશો પર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત કરી જ્યાં મોટી સંખ્યામાં ભારતીયો અને ભારતીય મૂળના લોકો વસે છે, ભારત સાથે ઊંચા વેપારી સંબંધો છે અથવા ભારત સાથે પોતાની પેમેન્ટ સિસ્ટમને જોડવા માટે અનેક દેશો અત્યારે તૈયાર છે.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે મોટી સંખ્યામાં ભારતીયો વિદેશમાં કામ કરે છે અને તેઓ પોતાના પરિવારને મોટી માત્રામાં નાણાં મોકલે છે. આ રકમ મોકલતી વખતે થતો એક હિસ્સો ટ્રાન્ઝેક્શન ખર્ચ તરીકે જતો રહે છે. યુપીઆઈના વધુ વ્યાપક આંતરરાષ્ટ્રીય ઉપયોગથી આ ખર્ચ ઘટાડવામાં મદદ મળી શકે છે અને નાણાં ઝડપથી પરિવાર સુધી પહોંચાડી શકાય છે.

વડા પ્રધાને વૈશ્વિક કાર્ડ પેમેન્ટ વ્યવસ્થા અંગે પણ મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે હાલમાં વૈશ્વિક કાર્ડ પેમેન્ટ મોટાભાગે અન્ય દેશોમાં વિકસાવવામાં આવેલી સિસ્ટમ પર આધારિત છે, પરંતુ ભારત પાસે હવે તેનો વિકલ્પ ઊભો કરવાની ક્ષમતા છે. ભારત પોતાના નિયમો અને ધોરણો નક્કી કરીને તેમને વિશ્વ સાથે જોડવાની દિશામાં આગળ વધી શકે છે.

મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના અગાઉના શબ્દોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે યુપીઆઈ માત્ર ટેક્નોલોજીની જ સફળતા નથી, પરંતુ તે સંસ્કૃતિ સાથે પણ જોડાયેલી છે. ભારતમાં ડિજિટલ પેમેન્ટને સામાન્ય લોકોના દૈનિક જીવનનો હિસ્સો બનાવવામાં યુપીઆઈએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

વડા પ્રધાને કહ્યું કે ભારતીય ફિનટેક ઉદ્યોગે પેમેન્ટ ક્ષેત્રમાં અનેક સફળતાઓ મેળવી છે અને હવે આગામી અધ્યાય નોન-પેમેન્ટ ટ્રાન્ઝેક્શન એટલે કે પેમેન્ટ સિવાયના નાણાકીય વ્યવહારો અને સેવાઓ પર કેન્દ્રિત હોવો જોઈએ. આ ક્ષેત્રમાં નવી ટેક્નોલોજી અને અત્યાધુનિક સેવાઓ વિકસાવવા માટે તેમણે ફિનટેક કંપનીઓને પ્રોત્સાહિત કરી હતી.

સાથે જ મોદીએ ફિનટેક ક્ષેત્રમાં સાયબર સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ઉચ્ચ ગુણવત્તાની સાયબર સિક્યુરિટી સોલ્યુશન્સ વિકસાવવા, નૈતિક ડેટા સુરક્ષા ધોરણો ઊભા કરવા અને ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે વધુ મજબૂત વ્યવસ્થા વિકસાવવાની હાકલ કરી હતી.

તેમણે ફિનટેક ક્ષેત્ર માટે યોગ્ય નિયમનકારી માળખું ઊભું કરવાની જરૂરિયાત પણ વ્યક્ત કરી હતી. ઉપરાંત, તેમણે ફિનટેક કન્ઝ્યુમર પ્રોટેક્શન ઈન્ડેક્સ બનાવવાની કલ્પના પણ રજૂ કરી હતી, જેના માધ્યમથી વિવિધ કંપનીઓની પારદર્શિતા અને ગ્રાહક સુરક્ષાના ધોરણોનું મૂલ્યાંકન કરી શકાય. આ રીતે, વડા પ્રધાન મોદીએ ભારતીય ફિનટેક ક્ષેત્રને આગામી તબક્કામાં માત્ર ભારતમાં ડિજિટલ પેમેન્ટના વિસ્તરણ સુધી મર્યાદિત ન રાખીને તેને વૈશ્વિક સ્તરે ભારતીય ટેક્નોલોજી, નિયમો, સુરક્ષા અને નાણાકીય સેવાઓની નવી ઓળખ ઊભી કરવાની દિશામાં આગળ વધવા માટે આહ્વાન કર્યું છે.

# રાહુલ ગાંધીને ૨૦૧૯માં પાઠવાયેલા સમન્સ રદ કરવાનો હાઈ કોર્ટનો ઇનકાર

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કથિત માનહાનિકારક ટિપ્પણીઓ કરવા બદલ દાખલ કરાયેલી ફરિયાદના સંદર્ભમાં મેજિસ્ટ્રેટ કોર્ટે ૨૦૧૯માં કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને જારી કરેલા સમન્સને રદ કરવાનો બોમ્બે હાઈ કોર્ટે ઇનકાર કર્યો હતો.

ન્યાયમૂર્તિ એન. આર. બોરકરની સિંગલ બેન્ચે મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશ સામે ગાંધીની અરજી ફગાવી દીધી હતી, પરંતુ બદનક્ષીના કેસની સુનાવણી મુલતવી રાખવા અંગે નીચલી અદાલતને આપવામાં આવેલા અગાઉના નિર્દેશની મુદત છ અઠવાડિયા માટે લંબાવી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ આ મુદત વધારવાની માગ કરી હતી જેથી તેઓ સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી શકે. ન્યાયમૂર્તિ બોરકરે જણાવ્યું હતું કે તેમને મેજિસ્ટ્રેટના આદેશમાં કોઈ 'વિકૃતિ કે ગેરકાયદેસરતા' જણાઈ નથી અને તેથી તેમાં દખલ કરવાનું કોઈ કારણ નથી. ફરિયાદી એમ. એચ. શ્રીશ્રીમાલે હાઈ કોર્ટમાં ગાંધીની અરજીનો વિરોધ કરતા દલીલ કરી હતી કે ભાજપના સભ્ય હોવાને કારણે, તેમના નેતા વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીઓથી તેઓ પણ વ્યથિત થયા હતા. ગાંધીની દલીલ કોર્ટે સ્વીકારવાનો ઇનકાર કર્યો કે ફરિયાદી 'પીડિત પક્ષ' નથી, કારણ કે તે ટિપ્પણીઓ કોઈ વ્યક્તિ વિરુદ્ધ હતી, રાજકીય પક્ષ વિરુદ્ધ નહીં.

ન્યાયમૂર્તિ બોરકરે કહ્યું કે ભાજપ એ ''સભ્યોનું એક સુનિશ્ચિત સંગઠન'' છે અને ફરિયાદી શ્રીશ્રીમાલ ૨૦૧૮થી પક્ષના સક્રિય સભ્ય છે. ''વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપનો એક અગ્રણી ચહેરો છે, તેથી તેમની વિરુદ્ધ કરવામાં આવેલી કોઈપણ ટિપ્પણી પક્ષના સભ્યોને અસર કરે છે,'' એમ અદાલતે જણાવ્યું હતું. અદાલતે વધુમાં જણાવ્યું હતું કે, ગાંધી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ માત્ર વડા પ્રધાન મોદીને લક્ષ્ય બનાવતી વ્યક્તિગત પ્રકારની હતી કે કેમ, તે પુરાવા અને સાક્ષીઓનાં નિવેદનોની તપાસ બાદ ટ્રાયલ દરમિયાન જ નક્કી કરી શકાય. ■

મુંબઈમાં એફડીએનો સપાટો

# આઈઆરસીટીસીના સપ્લાયર અને ઈસ્કોનના કેન્દ્રના લાઈસન્સ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એફડીએના મુંબઈ વિભાગે ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ આઈઆરસીટીસીના સપ્લાયર સહિત અનેક ખાદ્ય સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરી હતી. જુહુની ઈસ્કોનના ત્રણ કેન્દ્રમાં સફાઈ, જીવાત નિયંત્રણ, ખાદ્ય સંગ્રહ, પાણીની તપાસ અને કર્મચારીઓની સ્વચ્છતા સંબંધિત ખામીઓ મળી આવી હતી, જેના પગલે લાઈસન્સ સસ્પેન્ડ કરાયા હતા. ઘાટકોપર, બોરીવલી, મુલુંડ અને ગોરેગાંવની સંસ્થાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી. નવી મુંબઈની માતેશ્વરી મિલ્ક સેન્ટરમાં દૂધના પૅશ્ચરાઈઝેશન અને ખોટા લેબલિંગ અંગેની ગેરરીતિઓ મળી આવી. એફડીએએ સ્પષ્ટ કર્યું હતું કે ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોમાં બેદરકારી સહન કરવામાં નહીં આવે.

આ કાર્યવાહી હેઠળ કુર્લા પશ્ચિમ સ્થિત આઈઆરસીટીસી સાથે જોડાયેલા સપ્લાયર આર. કે. એસોસિએટ્સ ઍન્ડ હૉટેલિયર્સનું ખાદ્ય લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. ૨ સપ્ટેમ્બરે થયેલી તપાસ દરમિયાન ભોજનના સંગ્રહ અને પ્રક્રિયા કરવામાં આવતા વિસ્તારોમાં વાંદા મળી આવ્યા હતા. ખાદ્ય સામગ્રી ઢાંક્યા વિના રાખવામાં આવી હતી અને ખુલ્લા કચરાના સ્થળની નજીક ભોજન તૈયાર કરવામાં આવતું હતું. ફર્શની ટાઈલ્સ પણ તૂટેલી હતી તથા દીવાલોની સપાટી પર તિરાડો અને નુકસાન જોવા મળ્યાં હતાં. તદુપરાંત કર્મચારીઓની વ્યક્તિગત સ્વચ્છતામાં પણ ગંભીર ખામીઓ મળી હતી. એક ઈજાગ્રસ્ત આંગળી ધરાવતો કર્મચારી ભોજન સંભાળતો હોવાનું સામે આવ્યું હતું, જ્યારે કુલ ૩૪માંથી માત્ર ૨૧ ભોજન સંભાળતા કર્મચારીઓ જ તબીબી યોગ્યતાના પ્રમાણપત્ર રજૂ કરી શક્યા હતા. ૩ સપ્ટેમ્બરે પ્રશાસનની ટીમે જુહુના હરે કૃષ્ણ ભૂમિ ખાતે ઈસ્કોનની ત્રણ ખાદ્ય સંસ્થાની પણ તપાસ કરી હતી. તેમાંથી એક સંસ્થામાં ખાદ્ય ઉત્પાદન માટે વપરાતા પાણીની સમયાંતરે થતી તપાસના પૂરતા રેકોર્ડ નહોતા. કાચા માલની યોગ્ય તપાસ કરવામાં આવતી નહોતી તથા કાચા અને તૈયાર ભોજનના સંગ્રહ માટે જરૂરી તાપમાન અને ભેજની યોગ્ય સ્થિતિ જાળવવામાં આવતી નહોતી. ખાદ્ય અને બિન-ખાદ્ય સામગ્રી એવી રીતે સંગ્રહિત કરવામાં આવી હતી કે જેના કારણે એકમાંથી બીજા ખોરાકમાં દૂષણ ફેલાવાનું જોખમ હતું. જીવાતોના ઉપદ્રવ, અપૂરતી સફાઈ તેમ જ માપન અને દેખરેખ માટેના સાધનોની યોગ્ય ચકાસણી અને પ્રમાણિતતા ન હોવાની ખામીઓ પણ મળી હતી. તપાસ અહેવાલ અને તસવીરોની સમીક્ષા કર્યા બાદ ૭ સપ્ટેમ્બરે આ સંસ્થાનું લાઈસન્સ સસ્પેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

ઈસ્કોન જુહુના ભોજન સેવા રેસ્ટૉરન્ટમાં રસોડાના પાછળના પ્રવેશદ્વારને જીવાતો અંદર ન આવે તે માટેની પૂરતી વ્યવસ્થા વિના ખુલ્લો રાખવામાં આવ્યો હતો. જરૂરી પ્રયોગશાળા તપાસ કરવામાં આવતી નહોતી અને પ્રકાશની વ્યવસ્થા પણ અપૂરતી હતી. કાચા માલની તપાસ તથા સફાઈમાં ખામીઓ મળી હતી. ખાદ્ય કચરાથી ગટર ભરાયેલી હતી અને તેમાં જીવાતોના મળના નિશાન પણ જોવા મળ્યા હતા. કર્મચારીઓની તબીબી તપાસ, રસીકરણ અને તાલીમ સંબંધિત રેકોર્ડમાં પણ ખામીઓ મળી હતી. ઈસ્કોન ગોવિંદાસ રેસ્ટૉરન્ટમાં પણ ખાદ્ય તપાસ, પીવાના પાણીની તપાસ, કાચા માલની તપાસ અને અલગ સંગ્રહ વ્યવસ્થા, સફાઈ, ગટર વ્યવસ્થા, જીવાત નિયંત્રણ, સાધનોની પ્રમાણિતતા તથા ભોજન સંભાળતા કર્મચારીઓની સ્વચ્છતા અને તાલીમ સંબંધિત અનેક ખામીઓ મળી હતી. તેનું લાઈસન્સ ૭ સપ્ટેમ્બરે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. બીજી તરફ, ઘાટકોપરના બોમ્બેઝ ધ ફૂડ ફ્યુઝન કેફે સામે પણ ખાદ્ય લાઇસન્સ સસ્પેન્ડ કરવાની ભલામણ કરવામાં આવી છે. અહીં ખુલ્લો ભાત, ખુલ્લા વાસણમાં રાખેલું કાચું ચિકન અને યોગ્ય રીતે બંધ ન કરેલા કાપેલા શાકભાજી મળી આવ્યા હતા. રેફ્રિજરેટરનું તાપમાન યોગ્ય ન હતું, ગટર વ્યવસ્થા ખામીયુક્ત હતી અને વાસણો ગંદા હતા. પાણીની તપાસ, કર્મચારીઓની તબીબી તપાસ, રસીકરણ અને પ્રયોગશાળા તપાસ સંબંધિત જરૂરી રેકોર્ડ પણ ઉપલબ્ધ નહોતા.

બોરીવલી પૂર્વની શ્રી મધુરમ સામે પણ નોંધણી પ્રમાણપત્ર સસ્પેન્ડ કરવાની ભલામણ કરવામાં આવી છે. સંસ્થા ફેરીયા અથવા ફરતા ખાદ્ય વેચાણકર્તા તરીકે નોંધાયેલી હોવા છતાં વાસ્તવમાં ભોજન સેવા આપતા રેસ્ટોરન્ટ તરીકે કાર્યરત હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં માખીઓ, સડેલા શાકભાજી, ભરાયેલું પાણી, ખામીયુક્ત ગટર વ્યવસ્થા અને રેફ્રિજરેટરના તાપમાનનું દર્શાવતું સાધન ન હોવા ઉપરાંત ખાદ્ય સુરક્ષા અને કર્મચારીઓ સંબંધિત જરૂરી રેકોર્ડનો અભાવ જોવા મળ્યો હતો.

એફડીએએ મુલુંડ પશ્ચિમની કોઠારી સ્વીટ અને મુલુંડ ફરસાન માર્ટ તથા ગોરેગાંવ પૂર્વની મહારાષ્ટ્ર બિરયાની સેન્ટરના લાઈસન્સ પણ સસ્પેન્ડ કર્યા હતા. તેના સિવાય નવી મુંબઈમાં ખારઘર સ્થિત માતેશ્વરી મિલ્કનું ખાદ્ય વ્યવસાય લાઈસન્સ પણ ૧ સપ્ટેમ્બરની તપાસ બાદ વિવિધ નિયમોના કથિત ઉલ્લંઘન બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. પ્રશાસનના જણાવ્યા અનુસાર, આ સંસ્થા પૅશ્ચયુરાઈઝ્ડ પ્રમાણભૂત અને ટોન્ડ દૂધ વેચવાનો દાવો કરતી હતી, પરંતુ સ્થળ પર દૂધને પૅશ્ચયુરાઈઝ કરવાની કોઈ સાધનસામગ્રી જ નહોતી. ખુલ્લું ટોન્ડ દૂધ ખોટી રીતે ગાયના દૂધ તરીકે વેચાતું હતું, જ્યારે ખુલ્લું દૂધ ભેંસના દૂધ તરીકે વેચાતું હોવાનો એફડીએએ દાવો કર્યો છે. સંસ્થામાં મૂળભૂત ગુણવત્તા નિયંત્રણ અને સ્વચ્છતાના ધોરણોનું પણ પાલન થતું ન હોવાનું સામે આવ્યું હતું. આ સમગ્ર કાર્યવાહી દ્વારા એફડીએએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ખાદ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા, પાણી અને ખોરાકની તપાસ, જીવાત નિયંત્રણ, કર્મચારીઓની તબીબી યોગ્યતા અને તાલીમ, સાધનોની યોગ્ય ચકાસણી તથા જરૂરી દસ્તાવેજો જાળવવા જેવા નિયમોના પાલનમાં બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

# સ્પોર્ટ્સ ક્વૉટામાં સરકારી નોકરી માટે નકલી સર્ટિફિકેટનું કૌભાંડઃ પુણેમાં બેની ધરપકડ

પુણેઃ સ્પોર્ટ્સ ક્વૉટા હેઠળ સરકારી નોકરી ઇચ્છતા ઉમેદવારોને કુરાશ ટૂર્નામેન્ટ્સનાં ૧,૦૦૦થી વધુ નકલી સર્ટિફિકેટ્સ આપવાના કૌભાંડનો પર્દાફાશ કરી પુણે પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીઓમાં મહારાષ્ટ્ર કુરાશ ઍસોસિયેશનના પ્રેસિડેન્ટ અને સેક્રેટરીનો સમાવેશ થાય છે. આરોપીઓએ ક્યારેય યોજાઈ નહોતી એવી રાજ્ય સ્તરીય સ્પર્ધા માટે ચેડાં કરેલા રેકોર્ડ્સ તૈયાર કર્યા હતા. સરકારી નોકરીઓ માટે આ બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કરનારા ઓછામાં ઓછા ૬૦ જણને પોલીસે ઓળખી કાઢ્યા હતા.

કુરાશ એક એવા પ્રકારની કુસ્તીનો પ્રકાર છે, જે મધ્ય એશિયાથી શરૂ થયો હતો અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતાપ્રાપ્ત છે. મહારાષ્ટ્રમાં ૧૦૧૨થી કુરાશ ઍસોસિયેશન ઑફ મહારાષ્ટ્ર હેઠળ એનું આયોજન કરવામાં આવે છે, એવું પોલીસે જણાવ્યું હતું.

પોલીસને ફરિયાદ મળી હતી કે સ્પોર્ટ્સ ક્વોટા હેઠળ સરકારી નોકરી ઇચ્છતા ઉમેદવારો માટે કુરાશ અને અન્ય રમતોમાં નકલી સર્ટિફિકેટ ઇશ્યુ કરવામાં આવી રહ્યા છે. ફરિયાદને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. માહિતી અધિકારી હેઠળ અરજી કરીને મેળવવામાં આવેલા દસ્તાવેજોની પણ ચકાસણી કરાઈ હતી, જેમાં અનેક વિસંગતિઓ મળી આવી હતી.

તપાસમાં જણાયું હતું કે ઈન્ડિયન કુરાશ ઍસોસિયેશન સાથે જોડાયેલી ન હોય એવી સંસ્થાઓ દ્વારા ૨૦૧૬થી ૨૦૧૯ દરમિયાન સ્પર્ધાઓ યોજાઈ હતી અને સર્ટિફિકેટો પર સહી કથિત પણે સ્કૅન કરીને ગોઠવવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આ બન્ને આરોપીએ જિલ્લા સ્તરનાં ઍસોસિયેશન્સ પાસેથી સ્પર્ધામાં ભાગ લેવા માટેનાં નવથી દસ વર્ષની પાછલી તારીખના પત્રો લીધા હતા, જેથી એવો રેકોર્ડ દેખાડી શકાય કે આ સ્પર્ધાઓ ૨૦૧૬થી ૨૦૨૨ વચ્ચે યોજાઈ હતી.

ખોટાં સર્ટિફેટ્સમાં ઘણી ત્રુટિઓ દેખાઈ હતી, જેમાં સૌથી મહત્ત્વની ભૂલ એ હતી કે ૨૦૧૬-૧૭ના પ્રમાણપત્રમાં જિલ્લાનું નામ ધારાશિવ લખાયું હતું, પણ હકીકત એ છે કે ૨૦૨૩માં ઉસ્માનાબાદ જિલ્લાનું નામ બદલીને ધારાશિવ કરાયું હતું. આ જ રીતે અગાઉ ઔરંગાબાદ નામ ધરાવતા જિલ્લાના પ્રમાણપત્રો પર છત્રપતિ સંભાજીનગર નામ લખાયેલાં હતાં, એવું અધિકારીએ જણાવ્યું હતું.

આ કૌભાંડની તપાસમાં એવું પણ સામે આવ્યું હતું કે મહિલા કૅટેગરી માટેનાં સર્ટિફિકેટો પર પુરુષોનાં નામ હતાં, જ્યારે અનેક સર્ટિફિકેટ્સ પર સિરિયલ નંબર નોંધાયા નહોતા. રૅકેટની શરૂઆત ૨૦૧૬માં થઈ હતી અને પછી ૧૦૦૦થી વધુ સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતાં, એવું અધિકારીએ જણાવ્યું હતું.

અત્યાર સુધી વિવિધ સરકારી વિભાગોમાં નોકરી માટે રજૂ કરાયેલાં આવાં ૬૦ નકલી સર્ટિફિકેટનું પગેરું પોલીસે શોધી કાઢ્યું છે. તપાસની સાથે આ આંકડો વધવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે અને કૌભાંડ કેટલા મોટા પાયે ફેલાયેલું છે તે શોધી કાઢવા માટે અન્ય પુરાવા ભેગા કરવામાં આવી રહ્યા છે.

પોલીસ વિભાગમાં કોઈએ આવાં ડુપ્લિકેટ અથવા ફૅક સર્ટિફિકેટને આધારે નોકરી મેળવી છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# હવે મુંબઈ-પુણે વચ્ચે પણ દોડશે બુલેટ ટ્રેન

## રેલવે પ્રધાને કરી મોટી જાહેરાત, ૨૦૨૭થી કામ શરૂ થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ અને પુણે વચ્ચે મુસાફરી કરતા લાખો લોકો માટે મહત્ત્વના સમાચાર છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત મુંબઈ-પુણે બુલેટ ટ્રેન પરિયોજના સાકાર થયા બાદ બંને શહેરો વચ્ચેનો પ્રવાસ માત્ર ૪૮ મિનિટમાં પૂર્ણ થઈ શકશે. કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના ઉદ્ઘાટન પ્રસંગે દેશના નવા ઝડપી રેલવે માર્ગોની માહિતી આપતાં મુંબઈ-પુણે બુલેટ ટ્રેન અંગે મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી.આશરે ૧૭૦ કિલોમીટર લાંબા મુંબઈ-પુણે માર્ગ પર બુલેટ ટ્રેન દોડાવવાની યોજના છે. આ ટ્રેનની ઝડપ કલાકના ૩૨૦થી ૩૫૦ કિલોમીટર સુધી રહેવાની શક્યતા છે. હાલમાં મુંબઈ અને પુણે વચ્ચે રેલવે, બસ તથા ખાનગી વાહનો દ્વારા મોટી સંખ્યામાં લોકો મુસાફરી કરે છે. એક્સપ્રેસ વે પર ટ્રાફિકને કારણે પ્રવાસનો સમય ઘણી વખત વધી જાય છે. બુલેટ ટ્રેન શરૂ થયા બાદ બંને શહેરો વચ્ચેનો પ્રવાસ અત્યંત ઝડપી બનશે.રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે આ પરિયોજનાનું કામ ૨૦૨૭થી શરૂ થવાની શક્યતા વ્યક્ત કરી છે. આ માર્ગ માટે સ્વદેશી તકનીકનો ઉપયોગ કરવાની યોજના છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજનાના અનુભવનો લાભ પણ નવા ઝડપી રેલવે માર્ગોના વિકાસમાં લેવામાં આવશે.

**પુણે-હૈદરાબાદ હાઈ સ્પીડ રેલ સાથે જોડાશેઃ** મુંબઈ-પુણે બુલેટ ટ્રેન ઉપરાંત પુણેને હૈદરાબાદ સાથે પણ ઝડપી રેલવે દ્વારા જોડવાની યોજના છે. પુણે-હૈદરાબાદ વચ્ચેનો પ્રવાસ લગભગ બે કલાકમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. આ જોડાણથી મહારાષ્ટ્રના ઔદ્યોગિક, વ્યાવસાયિક અને શૈક્ષણિક ક્ષેત્રોને પણ મોટો લાભ મળી શકે છે.

**દેશના સાત નવા ઝડપી રેલવે માર્ગઃ** કેન્દ્ર સરકાર દ્વારા દેશના વિવિધ મોટા શહેરોને જોડવા માટે સાત નવા ઝડપી રેલવે માર્ગો પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. તેમાં મુંબઈ-પુણે, પુણે-હૈદરાબાદ, દિલ્હી-વારાણસી, દિલ્હી-લખનઊ, દિલ્હી-સિલીગુડી, બેંગલૂરુ-ચેન્નાઈ અને હૈદરાબાદ-બેંગલૂરુ જેવા માર્ગોનો સમાવેશ થાય છે.

મુંબઈ-પુણે બુલેટ ટ્રેન શરૂ થયા બાદ બંને શહેરો વચ્ચે નોકરી, વ્યવસાય, શિક્ષણ અને અન્ય કામો માટે નિયમિત મુસાફરી કરતા લોકોને મોટો લાભ થશે. જોકે, પરિયોજનાના ચોક્કસ માર્ગ, સ્ટેશન, ભાડું અને સેવા શરૂ થવાની અંતિમ તારીખ અંગે હજુ સત્તાવાર વિગત જાહેર થવાની બાકી છે.

# ૮૦૦ કંપની પર તવાઈ, ૧૧ કરોડની દવા કરી જપ્ત

મુંબઈઃ મુંબઈમાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ના કમિશનર અને આઇએએસ અધિકારી તુકારામ મુંઢેના નેતૃત્વ હેઠળ જૂનથી ઓગસ્ટ મહિના દરમિયાન ઔષધ ઉત્પાદન અને વેચાણ એકમો પર વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. આ ત્રણ મહિના દરમિયાન વિભાગે કુલ ૨,૯૦૨ નિરીક્ષણો કરીને નિયમોનું ઉલ્લંઘન કરતી ૮૮૦ કંપનીઓ સામે કડક કાર્યવાહી કરી છે.

આઇએએસ તુકારામ મુંઢેના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા આ વર્ષે જૂનથી ઓગસ્ટ વચ્ચે દવા બનાવવા અને વેચાણથી જોડાયેલી ૮૮૦ કંપની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી છે. એફડીએએ આશરે ૧૧.૪૧ કરોડ રૂપિયાની ગેરકાયદે દવાઓ અને સૌંદર્ય પ્રસાધનો જપ્ત કર્યાં હતાં.

એફડીએની કાર્યવાહી દરમિયાન મોટી સંખ્યામાં લાઇસન્સ રદ્દ કરવામાં આવ્યા હતા. એફડીએ તરફથી જાહેર કરાયેલી માહિતી અનુસાર ત્રણ મહિના દરમિયાન કુલ ૨,૯૦૨ નિરીક્ષણ કરવામાં આવ્યા હતા, જેમાં ૬૦૭ પ્રોડ્કશન યુનિટ અને ૨,૨૯૫ વેચાણ કેન્દ્રોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન જોવા મળતા સંબંધિત કંપનીઓ અને એકમો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

**૬૭૭ લાઇસન્સ રદ્દઃ** એફડીએએ જણાવ્યું કે કાર્યવાહીના પરિણામસ્વરૂપ ૬૭૭ લાઇસન્સ સ્થગિત કરવામાં આવ્યા હતા, જયારે ૨૦૩ રદ્દ કરવામાં આવ્યા હતા. આ સિવાય ગેરકાયદે દવાઓ અને સૌંદર્ય પ્રસાધનોથી જોડાયેલા મામલાઓમાં ૧૦૪ શોધ અને જપ્ત અભિયાન ચલાવવામાં આવ્યા હતા. એફડીએનાં જણાવ્યા અનુસાર તપાસ દરમિયાન ૧૪૦ ઉત્પાદન એકમોના લાઈસન્સ ધરાવતા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

બીજી તરફ ૭૪૦ વેચાણ એકમો વિરુદ્ધ પણ કાયદેસર પગલાં ઉઠાવવામાં આવ્યાં હતાં. વિભાગે આ સમયગાળામાં ૧૧.૪૧ કરોડ રૂપિયાની ગેરકાયદેસર દવાઓ અને સૌંદર્ય પ્રસાધનો જપ્ત કર્યા હતા. ગયા નાણાકીય વર્ષ દરમિયાન જપ્ત સામગ્રીનું મૂલ્ય ૧૩.૬૪ કરોડ રૂપિયા હતું.

**મુંઢેએ શું જણાવ્યું?ઃ** એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ કહ્યું કે નાગરિકોને સુરક્ષિત, ગુણવત્તાયુક્ત અને નિયામકીય ધોરણોના અનુરૂપ દવાઓ ઉપલબ્ધ કરાવવા વિભાગની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે દવાઓના નિર્માણથી લઈને અંતિમ વેચાણ સુધી દરેક સ્તરે અસરકારક નિરીક્ષણ સુનિશ્ચિત કરવા માટે નિરીક્ષણ પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવી છે.

વિભાગ ગેરકાયદે અને નિયમોનું ઉલ્લંઘન કરતી દવાઓના વેચાણ અને ઉત્પાદન વિરુદ્ધ કડક વલણ અપનાવી રહ્યું છે. આવનારા સમયમાં પણ આવા એકમો વિરુદ્ધ તપાસ અને કાર્યવાહી કરવામાં આવશે.

# ૯૫.૭ ટકા મળવા છતાં પસંદગીની ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ ન મળતાં વિદ્યાર્થીએ જીવન ટૂંકાવ્યું

થાણેઃ બારમા ધોરણમાં સાયન્સમાં ૯૫.૭ ટકા માર્ક્સ મેળવવા છતાં પસંદગીની ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ ન મળતાં થાણેના ૧૭ વર્ષના વિદ્યાર્થીએ બિલ્ડિંગના બાવીસમા માળેથી ઝંપલાવી કથિત આત્મહત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ વિદ્યાર્થી પરિવાર સાથે થાણેના ઘોડબંદર રોડ પરના હિરાનંદાની કોમ્પ્લેક્સમાં રહેતો હતો. આત્મહત્યા પહેલાં તેણે ફૅમિલીના વૉટ્સઍપ ગ્રૂપમાં અંતિમ પગલું ભરવા સંદર્ભેનો મેસેજ પણ પોસ્ટ કર્યો હતો.

જોકે કોઈ સમજાવે તે પહેલાં જ ટીનએજરે ઈમારતના બાવીસમા માળે આવેલા રેફ્યૂજી એરિયામાંથી ચોથી સપ્ટેમ્બરે કૂદકો માર્યો હતો. આ ઘટના અંગે વિદ્યાર્થીના વડીલોએ કોઈ શંકા વ્યક્ત કરી નહોતી. શૈક્ષણિક તાણને કારણે જ તેણે અંતિમ પગલું ભર્યું હોવાનું પરિવારજનોનું કહેવું છે, એવું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.વિદ્યાર્થી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરિંગ સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી , શિબપુર (કોલકતા)માં બીએસ-એમએસ ડ્યુઅલ ડિગ્રી કરવા માગતો હતો. જોકે એપ્ટિટ્યુડ ટેસ્ટમાં તેનું રેન્કિંગ ૧૦,૪૭૪ આવતાં પ્રવેશ મળી શક્યો નહોતો. પરિણામે તે હતાશ થઈ ગયો હતો.ચોથી સપ્ટેમ્બરની સાંજે ૭.૩૦ વાગ્યે સાઈકલિંગ માટે જઈ રહ્યો હોવાનું પરિવારને કહીને તે ઘરેથી નીકળ્યો હતો. રાતે ૮.૧૫ વાગ્યાની આસપાસ તેણે જીવનનો અંત લાવવા સંદર્ભેનો મેસેજ ફૅમિલી ગ્રૂપમાં મૂક્યો હતો. પછી તેણે ફોન સ્વિચ ઑફ્ફ કરી દીધો હતો. આ અંગે પરિવારે તાત્કાલિક કાસારવડવલી પોલીસને જાણ કરી હતીપોલીસ અને પરિવારના સભ્યોએ શોધખોળ શરૂ કરતાં ટીનએજર તેની ઈમારત પાસેની એક ફૂટપાથ પર જખમી અવસ્થામાં મળી આવ્યો હતો. થાણેની પાલિકા સંચાલિત હૉસ્પિટલમાં લઈ જવાયેલા ટીનએજરને તબીબે મૃત જાહેર કર્યો હતો. આ મામલે પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)

# રમતવીરોને સરકારી, અર્ધ-સરકારી નોકરીઓમાં પાંચ ટકા અનામતને કૅબિનેટની મંજૂરી

મુંબઈઃ પાત્રતા ધરાવતા રમતવીરો માટે સરકારી, અર્ધ-સરકારી અને અન્ય નોકરીઓમાં પાંચ ટકા અનામત આપતી સુધારેલી નીતિને મહારાષ્ટ્ર કૅબિનેટે મંગળવારે મંજૂરી આપી હોવાનું નાયબ મુખ્ય પ્રધાન સૂનેત્રા પવારે કહ્યું હતું.

નવી નીતિ રમતગમત ક્ષેત્ર માટે અનામત અંગે અગાઉની તમામ સરકારની નીતિઓનું સ્થાન લેશે.

નવી સુધારેલી નીતિનો આશય રમતવીરોને પ્રોત્સાહન, સામાજિક અને આર્થિક સુરક્ષા આપવાનો છે, એમ રમતગમતનો પોર્ટફોલિયો પણ સંભાળતા સૂનેત્રા પવારે કહ્યું હતું.

વર્ષ ૨૦૦૫ની ૩૦ એપ્રિલે બહાર પાડવામાં આવેલા જીઆર મારફતે રાજ્ય સરકારે રમતવીરો માટે પાંચ ટકા અનામત દાખલ કરી હતી એમ જણાવતાં પવારે કહ્યું હતું કે સમયાંતરે આમાં સુધારો કરવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી પ્રધાનમંડળની બેઠકમાં લેવાયેલા છ મુખ્ય નિર્ણયઃ

- ★ પ્રાઈમરી હૅલ્થકેર રિઈમેજિન્ડ વીથ એડવાન્સ ગવર્નન્સ ઍન્ડ એસેસિબલ ટેક્નોલૉજી ઈન્ટિગ્રેશન (પ્રગતિ) પ્રોજેક્ટના પ્રસ્તાવને મંજૂરી.
- ★ પ્રોજેક્ટ માટે સરકારને એશિયન ડેવલપમેન્ટ બૅન્ક (એડીબી) પાસે લૉન લેવાની પરવાનગીને મંજૂરી.
- ★ હ્યોસન્ગ ઈન્ડિયા પ્રા.લિ. માટે કેપિટલ સબસિડીને મંજૂરી.
- ★ સોલાપુર જિલ્લાના માધા ખાતે ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેસન્શ કોર્ટના નિર્માણને મંજૂરી.
- ★ મુંબઈસ્થિત કૈવલ્યધામ ઈશ્વરદાસ ચુનીલાલ યોગીક સેન્ટરને રાહતના દરે લીઝના રિન્યુઅલને મંજૂરી. આ માટે ચેમ્બુરસ્થિત ભીખ્ખુ સંઘ યુનાઈટેડ બુદ્ધિસ્ટ મિશનની માલિકીની જમીન ફાળવવાની મંજૂરી.
- ★ શ્રીમહાલક્ષ્મી જગદંબા સંસ્થાનને સરકારી જમીન ફાળવવાની મંજૂરી. (એજન્સી)

# ક્રિકેટ બોર્ડ પાસેથી હજારો ડૉલર લેવાના બાકી છે, ફરી પાકિસ્તાન નહીં જાઉં: ગિલેસ્પી



સિડની: પાકિસ્તાન ક્રિકેટ ટીમ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ની બદનામીની કોઈ હદ નથી અને આ પ્રકરણમાં લગભગ દરરોજ નવા વળાંક આવે છે અને ભૂતકાળમાં તેમની સાથે કોચ તરીકે રહી ચૂકેલા ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર જેસન ગિલેસ્પીની મંગળવારની એક ટિપ્પણી ક્રિકેટજગતમાં વધુ સનસનાટી મચાવે એવી છે. તેણે કહ્યું છે કે 'પીસીબીએ મને હજી હજારો ડૉલર આપવાના બાકી છે.'

પીસીબીએ ગયા વર્ષે ગિલેસ્પીને લાંબા ગાળાની યોજનાના ભાગરૂપે પાકિસ્તાન ટીમનો હેડ-કોચ બનાવ્યો હતો, પરંતુ પીસીબીના અવ્યવહારું વલણને લીધે ગિલેસ્પીએ પાકિસ્તાનને ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં ૨-૧થી મળેલા વિજય બાદ પાકિસ્તાન ટીમની કોચિંગની જવાબદારી છોડી દીધી હતી. ગિલેસ્પીએ હોદ્દો છોડ્યો એ પહેલાં પીસીબીએ ભૂતપૂર્વ ફાસ્ટ બોલર આકિબ જાવેદને એટલી બધી સત્તા આપી હતી કે એનાથી ગિલેસ્પીનું ટકવું મુશ્કેલ થઈ ગયું હતું.

તાજેતરમાં ઇંગ્લૅન્ડમાં પાકિસ્તાનનો ટેસ્ટ-સિરીઝની પહેલી બન્ને મૅચમાં પરાજય થતાં ઇંગ્લૅન્ડે ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી છે અને બુધવારે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ત્રીજી અને છેલ્લી ટેસ્ટ શરૂ થશે. જોકે આ ટેસ્ટ પહેલાં જ પીસીબીએ મોહમ્મદ રિઝવાન, સલમાન અલી આગા, ઇમામ ઉલ હક સહિત સાત ખેલાડીઓની ટીમમાંથી હકાલપટ્ટી કરી છે તેમ જ હેડ-કોચ સરફરાઝ અહમદ અને બોલિંગ-કોચ ઉમર ગુલને પણ પાકિસ્તાન પાછા બોલાવી લીધા છે. ટીમમાં પાંચ નવા ખેલાડીઓને સમાવવામાં આવ્યા છે અને બે પ્લેયરને ટીમમાં કમબૅક અપાવ્યા છે.

પાકિસ્તાનની ટીમમાં આ રીતે હોલસેલમાં ફેરફારો થયા એને પગલે ગિલેસ્પીએ એક ઇન્ટરવ્યૂમાં દાવો કર્યો છે કે 'મારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પાસેથી હજી હજારો ડૉલર લેવાના બાકી છે. હું કોચિંગના જૉબ માટે ફરી પાકિસ્તાન કદી નહીં જાઉં, કારણકે મારે મારું સ્વમાન નથી ગુમાવવું. મારે હાજી...હા કરવા માટે મારે ત્યાં નથી જવું. મેં ક્યારેય કરીઅરમાં મારા સિદ્ધાંતો સાથે બાંધછોડ નથી કરી. આકિબ જાવેદની નિયુક્તિ થઈ ત્યારથી પીસીબી સાથેના મારા સંબંધો બગડ્યા હતા.' ■

# સાઉથ ઝોન ૮૦ ઓવરમાં કિશન જેટલા રન પણ ન કરી શક્યું: શમીનો તરખાટ

## ઈસ્ટ ઝોનના ૭૦૮ રન સામે તિલકની ટીમના ૬/૨૪૨: હજી ૪૬૬ રનથી આગળ કિશનની ટીમ ટાઇટલની વધુ નજીક



સાઉથ ઝોનનો કૅપ્ટન તિલક વર્મા ૫૬ રન પર રમી રહ્યો હતો. (પીટીઆઈ)



ઈસ્ટ ઝોનના વાઈસ કૅપ્ટન વૈભવ સૂર્યવંશીએ પણ બોલિંગ કરી હતી. (પીટીઆઈ)

ચેન્નઈ: અહીં દુલીપ ટ્રોફીની પાંચ-દિવસીય ફાઇનલ (સવારે ૯.૩૦ વાગ્યાથી)માં અવ્વલ દરજ્જાના ઈસ્ટ ઝોન (૧૦/૭૦૮)ના પેસ બોલર મોહમ્મદ શમી (૧૧-૪-૧૭-૨)એ ટૂંકા સ્પેલમાં વિકેટો લઈને સાઉથ ઝોન (૬/૨૪૨)ને વધુ મુશ્કેલીમાં મૂક્યું હતું. તેણે અને બીજા પેસ બોલર મુકેશ કુમારે (૧૨-૧-૩૬-૨) મળીને કુલ ચાર વિકેટ લીધી હતી અને ત્રીજા દિવસની રમતને અંતે સાઉથ ઝોનનો પ્રથમ દાવનો સ્કોર છ વિકેટે ૨૪૨ રન હતો. નવાઈની વાત એ છે કે ઈસ્ટ ઝોનના કૅપ્ટન ઇશાન કિશને રવિવાર અને સોમવારે મળીને બે દિવસમાં ૩૩૪ દિવસમાં (અંદાજે ૫૬ ઓવરમાં) સાત છગ્ગા અને ૩૦ ચોગ્ગાની મદદથી ૨૭૦ રન બનાવ્યા હતા, પરંતુ સાઉથ ઝોનની આખી ટીમ ૮૦ ઓવરમાં તેના જેટલા રન પણ નહોતી બનાવી શકી.

ઈસ્ટ ઝોને પ્રથમ દાવમાં ૭૦૮ રન બનાવ્યા હતા. મંગળવારની રમતને અંતે ઈસ્ટ ઝોન હજી ૪૬૬ રનથી આગળ હતું અને સાઉથ ઝોનને ફૉલો-ઑન આપ્યા પછી તેમને પોતાના પ્રથમ દાવના ટોટલની અંદર જ આઉટ કરીને એક ઇનિંગ્સથી જીતી શકે. ઈસ્ટ ઝોને રનનો એટલો મોટો ઢગલો કર્યો છે કે સાઉથ ઝોન ફૉલો-ઑનથી બચી જાય તો પણ ઈસ્ટ ઝોન પહેલા દાવની સરસાઈને આધારે ટ્રૉફી પર કબજો કરી શકશે. ઈસ્ટ ઝોનને ૧૩ વર્ષે ફરી દુલીપ ટ્રૉફીનું ટાઇટલ જીતવાની તક છે. મંગળવારની રમતને અંતે કૅપ્ટન તિલક વર્મા ૫૬ રન પર અને ચમા મિલિંદ બે રને દાવમાં હતા.

મોહમ્મદ શમીના ત્રણ સ્પેલ ટૂંકા હતા, પણ અસરદાર હતા. તેને પ્રથમ સ્પેલ (૩-૨-૧-૦)માં વિકેટ નહોતી મળી. જોકે ત્યાર બાદ તેણે બીજા સ્પેલ (૪-૧-૧૦-૧)માં શેખ રાશીદ (૪૮ બૉલમાં ૨૭ રન)ની મહત્ત્વની વિકેટ લીધી હતી. તેણે ત્રીજા સ્પેલ (૪-૧-૬-૧)માં રવિચન્દ્રન સ્મરણ (પંચાવન બૉલમાં ૨૩ રન)ની બીજી મહત્ત્વની વિકેટ મેળવી હતી.

સાઉથ ઝોનના કેટલાક બૅટ્સમેનોએ ખરાબ શૉટ સિલેક્શનમાં વિકેટ ગુમાવી હતી. દેવદત્ત પડિક્કલે (૬૨ રન, ૧૦૪ બૉલ, ચાર ચોગ્ગા) બિગ શૉટ મારવાની લાલચમાં વિકેટ ગુમાવી હતી. શ્રીલંકામાં તાજેતરમાં જ બે સેન્ચુરી ફટકારનાર પડિક્કલે દિગ્ગજ ક્રિકેટરો ઉપરાંત અસંખ્ય ક્રિકેટ ફૅન્સના પણ ધ્યાન ખેંચ્યા અને એ જ ફૉર્મ તે દુલીપ ટ્રૉફીમાં લઈ આવ્યો, પરંતુ તેની મોટી ઇનિંગ્સની આશા પર ઈસ્ટ ઝોનના પેસ બોલર મુકેશ કુમારે પાણી ફેરવી દીધું હતું. મુકેશ કુમારને પડિક્કલની વિકેટ જાણે આસાનીથી મળી ગઈ હતી. તેણે મુકેશ કુમારના બૉલને એવી રીતે ફ્લિક કર્યો કે જાણે તેને ફીલ્ડ પ્લેસમેન્ટ વિશે ખાસ કંઈ જાણ જ નહોતી. બિગ શૉટ મારવાની લાલચમાં તેણે વિકેટ ગુમાવી હતી. ડીપ સ્ક્વેર લેગ પર સબસ્ટિટ્યૂટ ફીલ્ડર ડી. પી. દાસે તેનો કૅચ ઝીલ્યો એ સાથે જ પડિક્કલને ભૂલ સમજાઈ અને તેણે પાછા આવતી વખતે હેલ્મેટ પર ડાબો હાથ મૂકીને પોતાની ભૂલનો અહેસાસ કરાવ્યો હતો.

ઓપનર નારાયણ જગદીશન ૩૨ રન બનાવીને, શેખ રાશીદ ૨૭ રન અને શ્રેયસ ગોપાલ ૨૬ રન બનાવીને આઉટ થયો હતો. જગદીશનની વિકેટ સ્પિનર શિખર મોહને અને ગોપાલની વિકેટ બીજા સ્પિનર મોહમ્મદ કુરેશીએ લીધી હતી.



મોહમ્મદ શમીએ વિકેટ લેતાં જ વૈભવનો નિર્ણય યોગ્ય ઠર્યો હતો. શમીએ પાછલી રણજી ટ્રૉફી સીઝનમાં સૌથી વધુ રન બનાવનાર રવિચન્દ્રન સ્મરણને કૅચઆઉટ કરાવ્યો હતો. (પીટીઆઈ)

# ૧૫ વર્ષના 'કૅપ્ટન' વૈભવે શમીને આપી બોલિંગ!

## કૅપ્ટન કિશનને સમયસર ડીઆરએસમાં કરી મદદ

ચેન્નઈ: ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી માત્ર બૅટથી ફટકા મારવામાં જ પાવરધો છે એવું જો કોઈ માનતું હોય તો ભૂલ કરે છે. તે લેફ્ટ-આર્મ સ્પિન પણ સારા કરી જાણે છે એ તો ઠીક, પણ તે કાર્યવાહક કૅપ્ટનના રોલમાં સારા નિર્ણયો પણ લઈ શકે છે. વાત આટલેથી જ નથી અટકતી. હરીફ ટીમના બૅટ્સમૅન વિરુદ્ધ થયેલી અપીલને જો મેદાન પરના અમ્પાયરે નકારી કાઢી હોય તો ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (ડીઆરએસ)નું માધ્યમ અપનાવીને થર્ડ અમ્પાયરની મદદ લેવાની પણ તેનામાં સારી આવડત છે.

મંગળવારે ચેન્નઈમાં બન્યું એવું કે દુલીપ ટ્રૉફીની સાઉથ ઝોન સામેની ફાઇનલમાં ઈસ્ટ ઝોનનો કૅપ્ટન ઇશાન કિશન થોડી વાર માટે મેદાનની બહાર ગયો ત્યારે વાઇસ-કૅપ્ટન વૈભવ સૂર્યવંશીએ કૅપ્ટન્સીની જવાબદારી સંભાળી હતી. ત્યારે સાઉથ ઝોનનો સ્કોર ૪/૧૭૪ હતો. પીઢ પેસ બોલર મોહમ્મદ શમીએ થોડી જ વાર પહેલાં બોલિંગનો એક સ્પેલ પૂરો કરનાર શમીને પાછો મોરચા પર બોલાવ્યો હતો. શમીએ થોડી વાર પહેલાં જ ઘણી ઓવર બોલિંગ કરી હતી અને તેણે ગરદનના દુખાવા બદલ ફિઝિયોની મદદ પણ લીધી હતી. જોકે વૈભવે શમીને પાછો બોલિંગ કરવા બોલાવ્યો હતો.

વૈભવનો નિર્ણય યોગ્ય ઠર્યો હતો. શમીએ પાછલી રણજી ટ્રૉફી સીઝનમાં સૌથી વધુ રન બનાવનાર રવિચન્દ્રન સ્મરણ (૨૩ રન)ને કૅચઆઉટ કરાવ્યો હતો. અમ્પાયરે કૅચની અપીલ ઠુકરાવી હતી, પણ કુમાર કુશાગ્રએ કાર્યવાહક કૅપ્ટન વૈભવને ડીઆરએસની મદદ લેવા કહ્યું હતું અને થર્ડ અમ્પાયરે સ્મરણને આઉટ જાહેર કર્યો હતો.

એ પહેલાં, સાઉથ ઝોનના રિકી ભુઈ વિકેટકીપર કુમાર કુશાગ્રના હાથમાં કૅચઆઉટ થયો એવી અપીલ થઈ હતી. અમ્પાયરે અપીલ નામંજૂર કરી હતી, પણ વૈભવને ખાતરી હતી કે ભુઈના બૅટની કટ લાગી જ હતી અને તેણે 'લે લો...લે લો...' કહીને કૅપ્ટન કિશન પાસે ડીઆરએસની મદદ લેવડાવી હતી અને થર્ડ અમ્પાયરે રિપ્લે જોયા બાદ ભુઈને આઉટ જાહેર કર્યો હતો. ઈસ્ટ ઝોનના ખેલાડીઓ વૈભવને ભેટી પડ્યા હતા અને ખૂબ હસ્યા હતા. ■

# અમદાવાદની તીરંદાજીમાં ભારતને બે ગોલ્ડ

અમદાવાદમાં દિવ્યાંગો માટેની વિશ્વ તીરંદાજી સ્પર્ધામાં ભારતે બે ગોલ્ડ મેડલ અને એક સિલ્વર મેડલ પર કબજો કર્યો છે. પુરુષોના કમ્પાઉન્ડ વર્ગમાં વર્લ્ડ ચૅમ્પિયન તોમન કુમાર અને શ્યામ સુંદર સ્વામીની જોડીએ ઇરાકના હરીફોને ૧૫૨-૧૩૯થી હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. પુરુષોના જ રિકર્વ વર્ગમાં હરવિન્દર સિંહ અને વિજય સુન્દીની જોડીએ સ્લોવેકિયાના હરીફોને ૬-૨થી પરાજિત કરીને સુવર્ણ ચંદ્રક જીતી લીધો હતો. મહિલાઓમાં રિકર્વ કૅટેગરીમાં ભારતની ટીમનો ફાઇનલમાં નબળો પર્ફોર્મન્સ હતો. ભાવના અને પૂજાની જોડીનો ચીની હરીફો સામે ૦-૬થી પરાજય થયો હતો. જોકે ભારતીય જોડી સિલ્વર જીતવામાં સફળ થઈ હતી. જોકે શીતલ દેવી અને પાયલ નાગની જોડી ચીન સામેની ત્રીજા સ્થાન માટેની પ્લે-ઑફમાં પરાજિત થઈ હતી. ■

# ભારતનો કોચ બનવું કે નહીં એ વિશે પત્નીને પૂછવું પડશે, નહીં તો મારે છૂટાછેડા લેવાનો વખત આવે: નેહરા

નવી દિલ્હી: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં ૨૦૨૨ની સીઝનમાં ગુજરાત ટાઇટન્સ (જીટી)ને એના ડેબ્યૂના જ વર્ષમાં ટાઇટલ અપાવનાર અને ૨૦૨૩ના બીજા વર્ષમાં રનર-અપ બનાવનાર ભૂતપૂર્વ ભારતીય પેસ બોલર અને જીટીના હેડ-કોચ આશિષ નેહરાને કેટલાક ચાહકો માત્ર આઇપીએલ સુધી જ મર્યાદિત રહે એવા કોચ તરીકે જોવા નથી માગતા અને એટલે જ તેને તાજેતરમાં એક ઇવેન્ટમાં તે ભારતીય ટીમનો કોચ બની શકે કે નહીં? એવી ચર્ચામાં પૂછવામાં આવતાં (થોડી રમૂજ ફેલાવતાં) સ્પષ્ટતા કરી હતી કે 'આનો જવાબ આપવો મુશ્કેલ છે. મારે મારી પત્નીને પૂછવું પડશે, નહીં તો પછી મારા માટે છૂટાછેડાનું જોખમ વધી જશે.'

આશિષ નેહરા અને રુષ્મા ૨૦૦૨ની સાલથી એકમેકને ઓળખતા હતા અને રિલેશનશિપમાં હતા. તેમણે ૨૦૦૯ની સાલમાં લગ્ન કર્યાં હતાં. તેમને એક પુત્ર (આરુષ) અને એક પુત્રી (અરિયાના) છે.

નેહરાને ભવિષ્યમાં ભારતીય ટીમને કોચિંગ આપવામાં કોઈ રસ નથી, કારણકે તેણે વર્ષ દરમ્યાન વારંવાર ટીમ સાથે પ્રવાસ કરવો પડે અને વર્ષમાં લગભગ નવ મહિના પરિવારથી દૂર રહેવું પડે. તેણે ક્રિકેટ અસોસિયેશન ઑફ બેન્ગાલ (સીએબી)ના એક કાર્યક્રમમાં સ્પીચમાં કહ્યું, 'હું ટીમ ઇન્ડિયાનો કોચ બનું કે નહીં એ વિશે કહેવું મુશ્કેલ છે, કારણકે વર્ષમાં મારે આઠથી નવ મહિના ફૅમિલીથી દૂર રહેવું પડે. મારે ટીમ ઇન્ડિયા સાથે કોચ તરીકે જોડાવું કે નહીં એ બાબતમાં મારે મારી પત્નીને પૂછવું પડે, નહીં તો મારે ડિવૉર્સ લેવાનો વખત આવે. ખરું કહું તો આંતરરાષ્ટ્રીય ટીમને કોચિંગ આપવું આસાન કામ નથી. ભાગ્યે જ કોઈ કોચ ત્રણ-ચાર વર્ષથી વધુ કોચિંગ આપે, કારણકે શેડ્યૂલ ખૂબ વ્યસ્ત રહેતું હોય અને વારંવાર પ્રવાસ પણ કરવો પડે.'

ગુજરાત ટાઇટન્સના કોચ નેહરાએ ભારપૂર્વક કહ્યું, 'હું કોચના હોદ્દાને મહત્ત્વાકાંક્ષા માનતો જ નથી. આ જવાબદારી સંભાળવા મળે એ મોટું ગૌરવ કહેવાય. જોકે હું ક્યારેય કોચિંગને નોકરી તરીકે ગણતો જ નથી, હું એને પૅશન તરીકે જ ઓળખાવું છું.' ■



# ભારતીય કબડ્ડી ખેલાડીનો ચંદ્રક પાછો લઈ લેવાયો

નવી દિલ્હી: ભારતીય કબડ્ડી ખેલાડી બ્રિજેન્દ્ર સિંહ ચૌધરી કે જેણે આ વર્ષની શરૂઆતમાં એશિયન બીચ ગેમ્સમાં બીચ કબડ્ડી ઇવેન્ટમાં વ્યક્તિગત રીતે બીજા સ્થાને રહીને સિલ્વર મેડલ જીત્યો હતો, પરંતુ તેની પાસેથી એ મેડલ પાછો લઈ લેવામાં આવ્યો છે, કારણકે પ્રતિબંધિત ડ્રગ્સના સેવનને લગતી ટેસ્ટમાં તેનો પૉઝિટિવ રિપોર્ટ આવ્યો છે.

તેણે એશિયન બીચ ગેમ્સનો આ મેડલ ગુમાવ્યો છે. બિજેન્દ્ર એ રમતોત્સવમાં ભારતની ટીમમાં પણ હતો અને એ ટીમ સિલ્વર મેડલ જીતી હતી. ■

# એમસીએફ બૅડમિન્ટન લૅડીઝ લીગ-૨૦૨૬



મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ), બોરિવલી દ્વારા તાજેતરમાં આયોજિત એમસીએફ બૅડમિન્ટન લૅડીઝ લીગ-૨૦૨૬માં ડિમ્પલ પાંધી અને રોનક ઝવેરીની જોડી વિજેતા બની હતી, જ્યારે કિંજલ આગરકર અને સનમ શેટ્ટીની જોડી ઉપ-વિજેતા રહી હતી. વિજેતાઓને ટ્રૉફી અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. ક્લબ દ્વારા પ્રથમવાર આયોજિત આ લૅડીઝ લીગમાં ૨૮ મહિલા સભ્યોએ ભાગ લીધો હતો.

# મહિલાઓની ટી-૨૦ એશિયા કપ ફાઈનલમાં ભારત-પાકિસ્તાન ફરી સામસામે આવી શકે

દુબઈ: હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સીમાં ભારતીય ટીમના હાથે પાકિસ્તાની ટીમે ગયા અઠવાડિયે ૫૫ રનમાં ઑલઆઉટ થઈ જવા સહિત નાલેશી જોઈ એ પછી પણ આ કટ્ટર ટીમે વિમેન્સ ટી-૨૦ એશિયા કપમાં ફરી એક વાર ભારત સાથે મુકાબલા પર ઊતરવાનું જાણે તેમના નસીબમાં લખાયું છે.

વાત એવી છે કે ભારતીય ટીમ સેમિ ફાઇનલમાં અગાઉથી જ પહોંચી ગઈ હતી અને સોમવારે પાકિસ્તાને હૉન્ગ કૉન્ગને હરાવીને સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બંને દેશની સેમિ ફાઈનલ અલગ અલગ હરીફ દેશ સામે રમાવાની છે, પરંતુ જો આ બંને રાષ્ટ્રની ટીમ તેમની સેમિ ફાઇનલ જીતશે તો દુબઈમાં જ રવિવાર, ૧૩મી સપ્ટેમ્બરે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) ફાઇનલમાં સામસામે આવી શકશે. સેમિ ફાઈનલમાં પાકિસ્તાને શ્રીલંકા સામે રમવાનું છે. ■

## પાકિસ્તાનનો હૉન્ગ કૉન્ગ સામે ૭૨ રનથી વિજય

સોમવારે હૉન્ગ કૉન્ગ સામે પાકિસ્તાનની ટીમ બૅટિંગ લીધા પછી ઓપનર શવાલ ઝુલ્ફીકારના ૪૭ રનની મદદથી ૨૦ ઓવરમાં આઠ વિકેટે કુલ ફક્ત ૧૪૩ રન બનાવી શકી હતી. જોકે પહેલી જ ઓવરથી પાકિસ્તાનની બોલર્સ હોન્ગ કોન્ગની બૅટર્સ પર ત્રાટકી હતી. હૉન્ગ કૉન્ગની બૅટર્સે ૧૯મી ઓવરના અંત સુધી પાકિસ્તાનનો સામનો કર્યો હતો, પરંતુ તેઓ ૭૧ રનમાં ઑલઆઉટ થઈ જતાં પાકિસ્તાને ૭૨ રનથી વિજય મેળવ્યો હતો. ■

## પાકિસ્તાની સ્પિનરની સાત રનમાં છ વિકેટ

પાકિસ્તાનની નશરા સંધુ નામની લેફ્ટ-આર્મ સ્પિનરે ફક્ત સાત રનમાં હૉન્ગ કૉન્ગની છ વિકેટ લીધી હતી. તેણે પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો.

ગયા અઠવાડિયે ભારત સામે નશરા સંધુને ૧.૪ ઓવરમાં ૧૯ રનના ખર્ચે એક પણ વિકેટ નહોતી મળી. ■

# ભારતના હૉકી ખેલાડીઓનો કેસરી જર્સીનો સંગાથ છૂટ્યો, ફરી બ્લુ રંગના ટી-શર્ટમાં જોવા મળશે

નવી દિલ્હી: ભારતની મેન્સ અને વિમેન્સ હૉકી ટીમ ભગવા રંગના ડ્રેસને બદલે ફરી બ્લુ કલરના ડ્રેસમાં જોવા મળશે. ભગવા રંગની કિટને મામલે વિવાદ થવાને પગલે આ ફેરફાર કરવામાં આવ્યો છે અને ૧૯મી સપ્ટેમ્બરે જાપાનમાં શરૂ થનારી એશિયન ગેમ્સ પહેલાં જ ફેરફાર લાગુ કરી દેવામાં આવ્યો છે.

ઘણાં વર્ષોથી ભારતના હૉકી ખેલાડીઓ બ્લુ રંગની જર્સીમાં જોવા મળ્યા હતા, પરંતુ તાજેતરમાં નેધરલૅન્ડ્સ અને બેલ્જિયમમાં આયોજિત એફઆઇએચ વર્લ્ડ કપમાં ભારતીય હૉકી ખેલાડીઓ કેસરી કલરનું જર્સી પહેરીને રમ્યા હતા. ભારતમાં હૉકીની રમતનું સંચાલન કરનાર હૉકી ઇન્ડિયા (એચઆઇ)માં અંદરોઅંદર જ કેસરી રંગના જર્સીના મામલે વિખવાદ થયો હતો. એચઆઇના પ્રમુખ દિલીપ તિર્કેએ જાહેરમાં જણાવ્યું હતું કે ફેડરેશનના ચૂંટાયેલા હોદ્દેદારો તેમ જ એક્ઝિક્યૂટિવ બોર્ડની જાણ બહાર કે મંજૂરી વિના ખેલાડીઓના ડ્રેસનો રંગ બદલી નાખવામાં આવ્યો હતો અને એનો અમલ પણ કરી નાખવામાં આવ્યો હતો.'

બ્લુને બદલે કેસરી રંગની જર્સી બનાવવા પાછળ એક ખાસ હેતુ હતો. હૉકીની મૅચ બ્લુ રંગના ટર્ફ પર રમાતી હોવાથી એના પર બ્લુ રંગની જર્સીવાળા ખેલાડીઓને ઓળખવામાં તકલીફ થતી હોવાથી જર્સીનો રંગ બદલીને ભગવો કરવામાં આવ્યો હતો. જોકે ભૂતપૂર્વ કૅપ્ટનો વિરેન રાસ્કિના, પરગટ સિંહ, ધનરાજ પિલ્લે અને અજિત પાલ સિંહે જર્સીનો રંગ બદલવાના નિર્ણય સામે વિરોધ કર્યો હતો. એ નિર્ણયને રાજકીય રંગ પણ મળ્યો હતો. વર્લ્ડ કપમાં ભારતના પુરુષ ખેલાડીઓની ટીમ છેક આઠમા નંબરે અને મહિલા ખેલાડીઓની ટીમ પાંચમા સ્થાને રહી હતી.

ભૂતપૂર્વ હૉકી ખેલાડી દિલીપ તિર્કેએ એવું પણ કહ્યું હતું કે 'ઇન્ડિયન ઑલિમ્પિક અસોસિયેશને અમને બ્લુ અને ઑરેન્જ, એમ બે રંગમાંથી એક પસંદ કરવા કહ્યું હતું અને અમે બ્લુ રંગ પસંદ કર્યો હતો. મેં વર્લ્ડ કપ પહેલાં જ કહ્યું હતું કે કેસરી રંગ કાયમ માટે નથી. એશિયન ગેમ્સમાં ખેલાડીઓ ફરી બ્લુ રંગની જર્સીમાં રમતા જોવા મળશે.' ■



હૉકી ખેલાડીઓ જાપાન જવા રવાના થઈ હતી.

# જુનિયર હૉકીમાં બન્ને ભારતીય ટીમ સાત-સાત ગોલ કરીને જીતી

મોકી (ચીન): અહીં જુનિયર એશિયા કપ હૉકીમાં ભારતના ખેલાડીઓ એક પછી એક મૅચમાં ધમાકેદાર પર્ફોર્મ કરી રહ્યા છે અને એક સાથે બે ટાઇટલ જીતી શકે એમ છે, કારણકે ભારતના પુરુષોની ટીમ સેમિ ફાઇનલની લગોલગ પહોંચી ગઈ છે અને મહિલાઓની ટીમે ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. ગઈ કાલે મેન્સ જુનિયર એશિયા કપના લીગ મુકાબલામાં ભારતે સાઉથ કોરિયાને ૭-૩થી હરાવી દીધું હતું, જ્યારે મહિલા વર્ગમાં જાપાન સામે ભારતનો ૭-૦થી શાનદાર વિજય થયો હતો. સાઉથ કોરિયા સામેની મૅચમાં ભારતનો પર્ફોર્મન્સ શરૂઆતથી માંડીને મોટા ભાગના સમય સુધી સંતુલિત હતો, પરંતુ ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતે છેલ્લાં ક્વૉર્ટરમાં ત્રણ ગોલ કરીને બાજી પલટી નાખી હતી અને વિજય નિશ્ચિત કર્યો હતો. ભારત વતી કૅપ્ટન અનમોલ એક્કાએ બે ગોલ કર્યા હતા.

મહિલા વર્ગમાં આજે ચીન સામે મુકાબલો થાય એ પહેલાં ભારતે જાપાનને ૭-૦થી જીતીને ચીનની ટીમે પોતાની તાકાત વિશે ચેતવી દીધી હતી. ગઈ કાલે જાપાન સામે ભારત વતી ક્રિષ્ના શર્મા, સુપ્રિયા, પુર્ણિમા યાદવ અને ગીતા યાદવે એક-એક ગોલ કરીને તેમજ સનિકા ચંદ્રકાન્ત માનેએ પણ ગોલ કરીને જાપાનના નામે શર્મનાક પરાજય લખાવવામાં યોગદાન આપ્યું હતું. પૂર્ણિમાને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો. ■

# સતત બીજા સત્રમાં પીછેહઠઃ ઑઈલના ઉકળાટ અને પશ્ચિમ એશિયાના ભડકા વચ્ચે સેન્સેક્સ ૫૫૫ પોઈન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયાના ભડકામાં ઘટાડો ન થવા સાથે ક્રૂડ ઓઇલના ભાવમાં વધી રહેલા ઉકળાટ વચ્ચે મંગળવારે શેરબજારના બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી સતત બીજા દિવસે પણ ઘટાડા સાથે બંધ થયા હતા. સેન્ટિમેન્ટ ખરડાઇ જવાને કારણે બ્લુ-ચિપ શેરોમાં વધેલી વેચવાલીથી પણ બજારોમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ દિવસ દરમિયાને ૫૭૯.૪૬ પોઈન્ટ અથવા ૦.૭૬ ટકા ઘટીને ૭૫,૫૫૩.૩૫ની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૫૫૫.૨૩ પોઈન્ટ અથવા ૦.૭૩ ટકા ઘટીને ૭૫,૫૭૭.૫૮ પર સ્થિર થયો હતો. જ્યારે એનએસઈ નિફ્ટી ૧૪૪.૦૫ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકા ઘટીને ૨૩,૬૩૫.૧૦ પર બંધ થયો હતો.

આઇસીઆઇસીઆઇ બેંક, એક્સિસ બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, કોટક મહિન્દ્રા બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેંક ટોપ લુઝર શેરોમાં સામેલ રહ્યા હતા. જ્યારે સેન્સેક્સની ૩૦ કંપનીઓમાં, ભારત ઇલેક્ટ્રોનિક્સ, અદાણી પોર્ટ્સ, હિન્દુસ્તાન યુનિલિવર અને ઇન્ટરગ્લોબ એવિએશન ટોપ ગેનર્સમાં સામેલ હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૪૫ ટકા વધીને ૯૮.૩૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું હતું.

પ્રાઇમરી માર્કેટમાં સ્ટીમહાઉસ ઇન્ડિયાનો રૂ. ૪૧૪ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ નવમી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૫ સપ્ટેમ્બરના રોજ અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૧૭ સપ્ટેમ્બરે થશે.પ્રાઇસ બેન્ડ રૂ.૭૭ થી રૂ. ૮૧ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઇઝ ૧૮૫ શેર છે.

ઓમ ગેલેક્સીનો રૂ. ૧૦૫ કરોડનો બુક બિલ્ડ ઈશ્યૂ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨ ના રોજ અને બીએસઈ એસએમઈ પર લિસ્ટિંગ તારીખ ૧૮ સપ્ટેમ્બરે થશે. ઈશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૮૫થી રૂ. ૯૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૧,૬૦૦ શેર છે.

માનીકા પ્લાસ્ટેકનો રૂ. ૧૨૫.૫૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટીંગ ૨૧ સપ્ટેમ્બરે થશે.પ્રાઇસ બેન્ડ રૂ.૪૦ થી રૂ. ૪૩ છે. અરજી માટે લોટ સાઇઝ ૩૪૮ શેર છે.

મહારાજા એન્ડ સ્પીડેક્સ ઇન્ડિયાનો રૂ. ૮૦.૧૩ કરોડનો બુક બિલ્ડ ઇશ્યુ૧૦ સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૬ સપ્ટેમ્બરના રોજ અને બીએસઈ એસએમઈ પર લિસ્ટીંગ




૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ થશે.પ્રાઇસ બેન્ડરૂ. ૧૭૭ થી રૂ. ૧૮૬ પ્રતિ શેર ઇશ્યૂ ધરાવે છે. અરજી માટે લોટ સાઇઝ ૬૦૦ શેર છે. ભારતના અગ્રણી ડિજિટલ ફિક્સ્ડ ઇન્કમ ઇન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ પૈકીના એક બોન્ડ્સ ઇન્ડિયાએ ડિજિફિન તરીકે તેનું રિબ્રાન્ડિંગ જાહેર કર્યું છે, જેમાં બોન્ડ-કેન્દ્રિત માર્કેટપ્લેસથી ફિક્સ્ડ ઇન્કમ ઇન્વેસ્ટમેન્ટ માટે એક વ્યાપક ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. ડિજિફિન ડિજિટલ ફિક્સ્ડ ઇન્કમ પ્રોડક્ટ્સના વિશાળ વિકલ્પ ઓફર કરવા સાથે રિટેલ રોકાણકારો, બેંકો અને સંસ્થાઓ માટે રોકાણને સરળ, વધુ પારદર્શક અને સુલભ બનાવે છે. કેપરી ગ્લોબલ કેપિટલે મેડન ડોલર બોન્ડ મારફત ૩૦૦ મિલિયન ડોલર એકત્ર કર્યા છે. ટાટા મોટર્સે ઇન્વેસ્કો ગ્રુપના ટેકઓવર માટે ઇટલીના રેગ્યુલેટર કોન્સોબની મંજૂરી મળી ગઇ છે.

બંધન બેંકે માસ્ટરકાર્ડના સહયોગથી પોતાના ક્રેડિટ કાર્ડ પોર્ટફોલિયો લોન્ચ કર્યો છે.બેંકે, સ્પાર્ક્સ, ઇગ્નાઇટ, ફ્લેર અને લ્યુમિના નામ સાથેચાર વેરિઅન્ટ રજૂ કર્યા છે, જેમાંગ્રાહકો માટે ગ્રોસરી, ટ્રાવેલ અને ઇન્ટરનેશનલ ખર્ચ પર રિવોર્ડ, લાઉન્જ એક્સેસ, બુક માઈ શો, ઈઝી ડાઇનર અને ગોલ્ફ જેવા લાભો ઓફર થશે.ગ્રાહકો માટે સંપૂર્ણ ડિજિટલ એપ્લિકેશન અને સર્વિસ પ્રક્રિયા તૈયાર કરવામાં આવી છે.

ક્રૂડ તેલના ભાવમાં વધારો અને સતત ભૂ-રાજકીય અનિશ્ચિતતાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર દબાણ સતત વધતું રહ્યું હોવાથી શેરબજારમાં મંદીનો ટ્રેન્ડ જળવાઇ રહ્યો અને બેન્ચમાર્ક સાત અઠવાડિયાના નીચલા સ્તરે પટકાઇ ગયો. મિડકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૦.૭૯ ટકા વધ્યો, જ્યારે સ્મોલકેપ સિલેક્ટ ઇન્ડેક્સ ૦.૦૬ ટકા ઘટીને ફ્લેટ બંધ થયો હતો. બીએસઈ ક્ષેત્રીય સૂચકાંકોમાં, ઇન્સ્યોરન્સ ઇન્ડેક્સમાં ૧.૦૫ ટકાનો કડાકો હતો. ટોપ ટેન બેન્ક ઇન્ડેક્સ ૦.૯૭ ટકા, ખાનગી બેંકો ઇન્ડેક્સ ૦.૮૮ ટકા, નાણાકીય સેવાઓ ૦.૮૦ ટકા, ઓઇલ એન્ડ ગેસ ૦.૬૪ ટકા, બેંકેક્સ ૦.૬૩ ટકા અને એનર્જી ઇન્ડેક્સ ૦.૪૮ ટકા ગબડ્યો હતો.

કોમોડિટીઝ, કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી, એફએમસીજી, હેલ્થકેર, ઇન્ડસ્ટ્રિયલ્સ, ટેલિકોમ્યુનિકેશન, કેપિટલ ગુડ્સ, પાવર, સર્વિસીસ અને મિડસ્મોલ પ્રાઇવેટ બેંકો ક્વોલિટી ટિલ્ટ ઇન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયા હતો, જ્યારે શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો હતો. યુરોપમાં બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે મજૂર દિવસની રજા માટે યુએસ બજારો બંધ રહ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૨૮૦.૧૩ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા.

સોમવારે, સેન્સેક્સ ૩૮૨.૬૨ પોઈન્ટ અથવા ૦.૫૦ ટકા ઘટીને ૭૬,૧૩૨.૮૧ પર બંધ થયો હતો. નિફ્ટી ૧૧૮.૫૫ પોઈન્ટ અથવા ૦.૫૦ ટકા ઘટીને ૨૩,૭૭૯.૧૫ પર બંધ થયો હતો.

## આઈએફસીઆઈના શૅરમાં ૧૦ ટકા સુધીનો કડાકો કેમ પડ્યો?

મુંબઇઃ તાજેતરના સત્રોમાં ટોચના આઉટપરફોર્મર્સમાંના એક, આઇએફસીઆઇના શેર, મંગળવાર, આઠમી સપ્ટેમ્બરના રોજ ભારે વેચાણ દબાણ હેઠળ આવ્યા હતા. એનએસઇ ડેટા દર્શાવે છે કે શેર ૧૦.૧૨ ટકા જેટલો ઘટીને દિવસના રૂ. ૯૨.૧૩ ના નીચલા સ્તરે પહોંચ્યો હતો. આઇએફસીઆઇ માટે ખાસ નવા નકારાત્મક વિકાસને બદલે, તાજેતરના તીવ્ર રન-અપ પછી નફા બુકિંગમાં ઘટાડો થયો હોય તેવું લાગે છે. એનએસઇના આઇપીઓની અપેક્ષાઓ પર શેરમાં મજબૂત વધારો થયો હતો, તેના મૂલ્યાંકન અને પરોક્ષ એનએસઇ એક્સપોઝરથી રોકાણકારોનું ધ્યાન વધ્યું હતું.

એમએસઇ આઇપીઓમાં તેના પરોક્ષ એક્સપોઝર રોકાણકારોનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આઇએફસીઆઇનો સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયામાં પચાસ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, જે બદલામાં એનએસઇમાં ચાર ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. આનાથી ના શેર એનએસઇના પ્રસ્તાવિત આઇપીઓ અને તેના પરોક્ષ હોલ્ડિંગમાંથી મૂલ્ય અનલોક થવાની અપેક્ષાઓ પ્રત્યે સંવેદનશીલ બન્યા છે.

સેબી દ્વારા એનએસઇના ડ્રાફ્ટ ઓફર ડોક્યુમેન્ટને મંજૂરી આપ્યા પછી આશાવાદ વધુ તીવ્ર બન્યો, જેનાથી એક્સચેન્જના પ્રસ્તાવિત આઇપીઓ માટેનો મુખ્ય નિયમનકારી અવરોધ દૂર થયો છે. મંગળવારના ઘટાડા પહેલા આઇએફસીઆઇના શેર એક મહિનામાં ચાલીસ ટકાથી વધુ અને ૨૦૨૬માં ૧૦૦ ટકાથી વધુ વધ્યા હતા.

## સોનાચાંદીના ભાવમાં અનિયમિત વધઘટનો તાલ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સોનાચાંદીના ભાવમાં પાછલા કેટલાક દિવસથી અનિયમિત વધઘટનો તાલ રહ્યો છે. પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઇરાન વચ્ચે ફરી યુદ્ધ વધવા સાથે સપ્લાઇમાં ડિસરપ્શનની આશંકા વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવાથી સોનાચાંદીના ભાવમાં મંગળવારે સાધારણ સુધારો જોવા મળ્યો હતો.

સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સાનોના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૨,૭૦૩ના પાછલા બંધ સામે રૂ. ૧,૫૩,૩૦૯ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૩૭૪ના સુધારા સાથે રૂ. ૧,૫૩,૦૭૭ની સપાટીએ સ્થિર થયા હતા. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સાનોના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૨,૦૯૨ના પાછલા બંધ સામે રૂ. ૧,૫૨,૬૯૫ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે



રૂ. ૩૭૨ના સુધારા સાથે રૂ. ૧,૫૨,૪૬૪ની સપાટીએ સ્થિર થયા હતા. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદીના ભાવ એક કિલોદીઠ રૂ. ૨,૩૧,૬૫૦ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૨૩,૪,૦૫૬ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૨,૧૭૬ પ્રતિ કિલોના સુધારા સાથે રૂ. ૨,૩૩,૮૨૬ની સપાટીએ સ્થિર થઇ હતી.

જોકે, દિલ્હીમાં સોનું ૨,૧૫૦ રૂપિયા ઘટીને ૧.૫૮ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ બોલાયું હતું, જ્યારે ચાંદી ૬૦૦ રૂપિયા વધી હતી. વૈશ્વિક બજારોમાં નબળા વલણ વચ્ચે મંગળવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ સતત બીજા સત્રમાં પણ ઘટાડો નોંધાવતા ૨,૧૫૦ રૂપિયા ઘટીને ૧.૫૮ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયા હતા.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી પીળી ધાતુ ૨,૧૫૦ રૂપિયા ઘટીને ૧,૫૮,૧૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ (બધા કર સહિત) થઈ ગઈ. પાછલા સત્રમાં તે ૧૦ ગ્રામ દીઠ ૧,૬૦,૨૫૦ રૂપિયા પર સ્થિર થઈ હતી. જોકે, ચાંદીનો ભાવ પાછલા બે સત્રમાં સ્થિર રહ્યા પછી ફરી તેની ઉપરની ગતિ ફરી શરૂ થઈ, ૬૦૦ રૂપિયા વધીને ૨,૪૧,૧૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ (બધા કર સહિત) થયો હતો.

## મૂડીબજારમાં મેગા ઇશ્યૂ પહેલાનો ધમધમાટઃ આજે એક સાથે છ આઈપીઓ ખૂલશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મૂડીબજારમાં જાયન્ટ કંપનીઓના દેશના સૌથી મોટા આઇપીઓ આવે એ પહેલા જોરદાર ધમધમાટ શરૂ થયો છે. એનએસઇ અને જીઓના આઇપીઓની બજારમાં રાહ જોઇ રહ્યા છે. આ સપ્તાહે પ્રાઇમરી માર્કેટમાં નવા જાહેર ભરણાંનો વરસાદ થવાનો છે. એમાંથી આઠમીમી નવમ્બરે એકસાથે ત્રણ ભરણા ખૂલી ગયા છે, જ્યારે આજે, નવમી સપ્ટેમ્બરે તો એકસાથે છ ભરણાં એક જ દિવસે બજારમાં પ્રવેશ કરી રહ્યા છે.

પ્રાઇમરી માર્કેટમાં સપ્તાહ દરમિયાન નવા લિસ્ટિંગમાં મિશ્ર અથવા વિરોધાભાસી વલણ જોવા મળ્યું હતું. કેટલાક નવા શેર જોરદાર પ્રીમિયમ સાથે અને કેટલાક ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. દીપા જ્વેલર્સનો શેર મંગળવારે ૨૫ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો છે. સ્કાય એક્ર સર્વિસના ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ બાદ બુધવારે અન્નું પ્રોજેક્ટના શેર બુધવારે તેના ઇશ્યુ ભાવ સામે ૨૭ ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. જોકે, ગુરુવારે લ્યુમિનો ઇન્ડસ્ટ્રીઝનો શેર ૩૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો.

ઇએસડીએસ સોફ્ટવેર સોલ્યુશન્સના શેર શુક્રવારે ૭૬ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા અને સત્ર દરમિયાન ૧૧૧.૭૫ ટકા સુધી ઊંચે જઇને અપર સર્કિટમાં અથડાયા હતા. પ્રાયોરિટી જ્વેલ્સના શેર શુક્રવારે ૧૫ ટકાના પ્રીમિયમે લિસ્ટેડ થઇ સત્ર દરમિયાન ૨૦.૭૫ ટકા સુધી વધ્યા બાદ અપર સર્કિટ લાગી હતી.

આવનારા આઇપીઓ ઘણાં અલગ ઓદ્યોગિક ક્ષેત્રોની કંપનીના છે, જેમાં સ્પેશિયાલિટી કેમિકલ્સ, રિયલ એસ્ટેટ, ઔદ્યોગિક ગેસ, ફિનટેક, ઓનલાઈન રેન્ટલ, ઇલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ છે. આ સંજોગોમાં રોકાણકારો માટે ક્યા ભરણાંમાં રોકાણ કરવું તે નક્કી કરવું મુશ્કેલ બનશે.

આમ પણ નવા લિસ્ટિંગ થઇ રહેલા શેરોના પ્રીમિયમ અને ડિસ્કાઉન્ટને કારણે રોકાણકારો મુંઝવણમાં છે. આપણે આવનારા આઇપીઓની બેઝિક વિગતો પર નજર ફેરવીએ. એલસીસી પ્રોજેક્ટ્સનો રૂ. ૪૨૭.૧૪ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ નવમી સપ્ટેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૧ સપ્ટેમ્બરે બંધ થશે.

રેન્ટોમોજો લિમિટેડ નવમી સપ્ટેમ્બરે રૂ. ૧૨૫૬ કરોડનો આઇપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે, જેનું સબ્સ્ક્રિપ્શન ૧૧મી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. એન્કર ઇન્વેસ્ટર્સ માટે બિડિંગ આઠમી સપ્ટેમ્બરે ખુલી ગયો છે.

મનિપાલ પેમેન્ટ એન્ડ આઇડેન્ટિટી સોલ્યુશન્સનો રૂ. ૮૦૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ નવમી સપ્ટેમ્બરે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૧ સપ્ટેમ્બરે બંધ થશે. સ્ટીમહાઉસ ઇન્ડિયાનો આઇપીઓ પણ નવમી સપ્ટેમ્બરે ખૂલીને ૧૧મી સપ્ટેમ્બરે બંધ થઇ રહ્યો છે. કરમતારા એન્જિનિયરિંગનો રૂ. ૮૭૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ નવમી સપ્ટેમ્બરે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૧ સપ્ટેમ્બરે બંધ થશે. કર્ણાટક એન્જિનિયરિંગની ઇશ્યૂ ડેટ પણ નવથી અગિયાર છે.

પ્રાસોલ કેમિકલ્સનો રૂ. ૫૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ આઠમી સપ્ટેમ્બર ખુલી ગયો છે અને ૧૦ સપ્ટેમ્બર બંધ થશે. કનોહર ઇલેક્ટ્રિકલ્સનો રૂ. ૧,૦૫.૭૪ રોરોનો બિલ્ડ ઇશ્યૂ આઠમી સપ્ટેમ્બરે ખુલી ગયો છે અને ૧૦ સપ્ટેમ્બરે બંધ થશે. પ્રણવ કન્સ્ટ્રક્શન્સનો રૂ. ૩૫૧.૦૩ કરોડનો આઇપીઓ સાતમી સપ્ટેમ્બરે ખુલ્યો હતો અને નવમી સપ્ટેમ્બરે બંધ થશે. એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (આર્સિલ)નો રૂ. ૭૩૨.૯૭ કરોડનો બુક બિલ્ડ ઇશ્યુ નવમી સપ્ટેમ્બર ખુલશે અને ૧૧ સપ્ટેમ્બર બંધ થશે. ગ્લાસ વોલ સિસ્ટમ્સનો રૂ. ૪૨૭.૮૯ કરોડનો બુક બિલ્ડ ઇશ્યુ આઠમી સપ્ટેમ્બરે ખુલી ગયો છે અને ૧૦ સપ્ટેમ્બર બંધ થશે.

## રિઝર્વ બૅન્કના આંકડા અનુસાર ભારતમાં ગોલ્ડ લોનમાં રેકોર્ડબ્રેક ઉછાળો

મુંબઇઃ આરબીઆઈના ડેટા મુજબ, ભારતીયોએ રોજિંદા ખર્ચાઓ પહોંચી વળવા રૂ. ૯.૦૬ લાખ કરોડના સોનાના દાગીના ગીરવે મૂક્યા છે. જુલાઈમાં એનબીએફસી અને બેંકો દ્વારા સોના સામેની લોનમાં અનુક્રમે ૬૮.૯ ટકા અને ૮૮.૧૦ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે. એનબીએફસીનો પોર્ટફોલિયો રૂ. ૩.૫૪ લાખ કરોડ અને બેંકોનો રૂ. ૫.૫૨ લાખ કરોડ હતો, જે દર્શાવે છે કે લોકો હવે લોન પર નિર્ભર છે.

ઉપલબ્ધ આંકડાકીય માહિતી અનુસાર સોનાના દાગીના સામે લોન આપવાના મામલે નોન બેંકિંગ ફાઇનાન્સિયલ કંપની (એનબીએફસી)ઓ જુલાઈ મહિનામાં સૌથી આગળ રહી હતી. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના આંકડા મુજબ, જુલાઈમાં એનબીએફસી અને હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓ દ્વારા સોનાના દાગીના સામે આપવામાં આવેલી લોનમાં વાર્ષિક ધોરણે ૬૮.૯ ટકાનો વધારો થયો છે.

કન્ઝ્યુમર ડ્યુરેબલ લોન વધીને ૫૧.૫ ટકા થઈ છે. આ આંકડા દર્શાવે છે કે, હવે લોકો લોન લઈને ઘર ચલાવે છે અને સુખ સુવિધા માણી રહ્યા છે. બીજી તરફ, બેન્કોની સોનાના દાગીના સામેની લોનમાં જુલાઈમાં ૮૮.૧%ની વાર્ષિક વૃદ્ધિ થઈ હતી. જોકે, એક વર્ષ અગાઉ બેન્કોની વૃદ્ધિ ૧૩૬.૪ ટકા હતી એટલે બેન્કોમાં પણ સોનાની લોનનો બિઝનેસ વધ્યો છે, પરંતુ વૃદ્ધિની ગતિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જુલાઈના અંતે એનબીએફસીની સોનાની લોનનો બાકી પોર્ટફોલિયો આશરે રૂ. ૩.૫૪ લાખ કરોડ હતો.બેંકો પાસે સોનાના દાગીના સામેની બાકી લોન રૂ. ૫.૫૨ લાખ કરોડ હતી.

## એક્સચેન્જના માર્કેટ કૅપમાં ₹ ૩૫૦૦૦ કરોડનો ઘટાડો

મુંબઇઃ મંગળવારે શેરબજારમાં ખાસ કરીને કેપિટલ ગુડ્સ શેર્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે ઈન્સ્યુરન્સ, બેન્કસ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ શેર્સ ઘટ્યા હતા અને એક્સચેન્જના કુલ માર્કેટ કેપમાં રૂ.૩૫૦૦૦ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

મંગળવારે સેન્સેક્સ ગત સોમવારના ૭૬,૧૩૨.૮૧ પોઈન્ટ્સના બંધની સરખામણીએ ૫૫૫.૨૩ પોઈન્ટ્સ કે ૦.૭૩ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૫,૯૭૦.૨૮ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૬,૦૧૨.૧૧ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૫,૫૫૩.૩૫ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૫,૫૭૭.૫૮ બંધ રહ્યો હતો. આજે માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૮૬.૨૧ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૮૬.૫૬ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૦.૩૫ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૯ સ્ક્રિપ વધી અને ૨૧ સ્ક્રિપ ઘટી હતી. બીએસઈ પર કુલ ૪,૬૦૯ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૦૯૬ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૨૯૧ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૨૨૨ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૨૦૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૧૦ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

આજે કુલ ૫૧ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૦ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૪૧ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. આજે બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૨૭ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૧૭ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૬૧ ટકા અને એસએમઈ આઈપીઓ ૧.૩૪ ટકા વધ્યા હતા. સેક્ટરલ ઈન્ડેક્સમાં કેપિટલ ગુડ્સ ૧.૩ ટકા, પાવર ૦.૬૮ ટકા, હેલ્થકેર ૦.૬૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૫૮ ટકા, સર્વિસીસ ૦.૪૧ ટકા, એફએમસીજી ૦.૩૯ ટકા અને મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ૦.૩૮ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્સ્યુરન્સ ૧.૦૫ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૦.૯૭ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૦.૮૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૮ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૬૪ ટકા, બેન્કેક્સ ૦.૬૩ ટકા,એનર્જી ૦.૪૮ ટકા અને રિયલ્ટી ૦.૪ ટકા ઘટ્યા હતા.

## એનએસઇનો આઈપીઓ ૧૮ સપ્ટેમ્બરે ખૂલવાની શક્યતા

કોલકાતાઃ મૂડીબજારમાં જેની રાહ જોવાઇ રહી છે તે નેશનલ સ્ટોક એક્સચેન્જનો લગભગ ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનો પ્રારંભિક જાહેર ઓફર ૧૮ સપ્ટેમ્બરે જાહેર સબ્સ્ક્રિપ્શન માટે ખુલવાની શક્યતા છે અને ૨૫ સપ્ટેમ્બરે સૂચિબદ્ધ થવાની શક્યતા છે, એમ જાણકાર સાધનોએ મંગળવારે જણાવ્યું હતું. આઇપીઓ માટે પ્રાઇસ બેન્ડ ૧૫ સપ્ટેમ્બરે જાહેર થવાની ધારણા છે, ત્યારબાદ ૧૭ સપ્ટેમ્બરે એન્કર બુક જાહેર થવાની ધારણા છે, એમ તેમણે જણાવ્યું હતું. જાહેર ઇશ્યૂ ૧૮ સપ્ટેમ્બર, ૨૧ સપ્ટેમ્બર અને ૨૨ સપ્ટેમ્બરે ખુલ્લો રહેવાની શક્યતા છે.

## કોલસાના ઉત્પાદનમાં ૪.૫ ટકાનો વધારો, પાવર પ્લાન્ટ માટે પૂરતો સ્ટોક

નવી દિલ્હીઃ કેન્દ્રીય કોલસા ખાતાના પ્રધાન જી કિશન રેડ્ડીએ મંગળવારે જણાવ્યું હતુ કે ભારતમાં ડ્રાય ઇંધણ ઉત્પાદનમાં વાર્ષિક ધોરણે ૪.૫ ટકાનો વધારો થયો છે અને ખાતરી આપી હતી કે પાવર પ્લાન્ટ માટેના સ્ટોક વિશે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. જોકે, તેમણે સ્વીકાર્યું કે હવામાન પરિસ્થિતિઓ (ચોમાસા)ને કારણે લગભગ દસ દિવસ સુધી કોલસાના ઉત્પાદનમાં સમસ્યાઓ હતી, પરંતુ હવે કોઈ સમસ્યા નથી. અમારી પાસે ૧૨૩ મિલિયન ટન કોલસો ઉપલબ્ધ છે, જે દેશમાં ૫૧ દિવસ (રિઝર્વ) માટે પૂરતો છે. તેથી, પાવર પ્લાન્ટ્સ પાસે કોલસાનો મહત્વપૂર્ણ સ્ટોક હોવા અંગે કોઈ સમસ્યા નથી.

## પેટ્રોલ પર ચાલતા પેસેન્જર વ્હિકલ્સના વેચાણમાં ઘટાડાના અણસાર

મુંબઈ : પેટ્રોલના સતત વધતા ભાવ અને ઇલેક્ટ્રિક વાહનો તરફ વધતા ઝોંક વચ્ચે આગામી સમયમાં પેટ્રોલ અને ડીઝલના વાહનોના વેચાણમાં ઘટાડો થવાની વકી હોવાનું ઓટોમોબાઇલ ઉદ્યોગના સાધનોએ જણાવ્યું છે. વર્તમાન વર્ષના ઓગસ્ટમાં દેશમાં વાહનોના રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૮ ટકા નોંધપાત્ર વધારો થયો છે.

પેસેન્જર વ્હીકલ્સ, ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ તથા કમર્સિઅલ વાહનોની આગેવાની હેઠળ વાહનોના એકંદર રિટેલ વેચાણમાં વધારો જોવા મળ્યો છે. ૨૪,૨૩,૨૦૧ સાથે કોઈ ઓગસ્ટ મહિનાનું આ સૌથી ઊંચો વેચાણ આંક છે. જો કે વર્તમાન વર્ષના જુલાઈની સરખામણીએ ઓગસ્ટનું વેચાણ ૬.૫૦ ટકા જેટલુ નીચુ રહ્યું છે.

આમ છતાં આગામી તહેવારોની મોસમના ત્રણ મહિનામાં વેચાણમાં વધારો જોવા મળવાની ૮૦ ટકા ડીલરો આશા રાખી રહ્યા છે. વ્હીલ્ડ કન્સ્ટ્રકશન ઈક્વિપમેન્ટના વેચાણમાં ૩૧.૪૫ ટકા વધારો થયો છે જ્યારે ટુ વ્હલિર્સનું વેચાણ ૧૯.૭૦ ટકા વધુ રહ્યું છે.

પ્રવાસી વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૧૪.૪૫ ટકા તથા થ્રી વ્હીલર્સનું વેચાણ ૮.૬૫ ટકા ઊંચુ રહ્યું છે. ટ્રેકટર્સનું વેચાણ લગભગ સ્થિર રહ્યાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન્સ (ફાડા) દ્વારા જારી કરાયેલા ડેટામાં જણાવાયું હતું.

ભારતના ઓટો વેચાણ ઈતિહાસમાં વૈકલ્પિક ઈંધણો જેમ કે સીએનજી, હાઈબ્રિડ તથા વીજ સંચાલિત ઊતારૂ વાહનોના સંયુકત વેચાણ હિસ્સામાં પેટ્રોલ પર ચાલતા ઊતારૂ વાહનોની સરખામણીએ વધારો જોવા મળ્યો છે. પેટ્રોલ પર ચાલતા ઊતારૂ વાહનોનો હિસ્સો ૪૦.૮૫ ટકા રહ્યો છે જ્યારે વૈકલ્પિક ઈંધણો સાથેના પેસેન્જર વ્હીકલનો હિસ્સો ૪૧.૯૫ ટકા રહેવા પામ્યો છે. ગયા વર્ષના ઓગસ્ટમાં પેટ્રોલ ઊતારૂ વાહનોનો હિસ્સો હાલના કરતા ૧૧ ટકા વધુ હતો. પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે દેશમાં પેટ્રોલ તથા ડીઝલ મોંઘા થતા વાહન ખરીદનારાની પસંદગીમાં બદલાવ આવ્યો હોવાનું માની શકાય એમ છે. ઊતારૂ વાહનોનું એકંદર માસિક વેચાણ પહેલી જ વખત ચાર લાખને પાર કરીને ૪૦૨૩૯૮ રહ્યું છે જે વાર્ષિક ધોરણે ૧૬.૧૫ ટકા વૃદ્ધિ દર્શાવે છે.

ઊતારૂ વાહનોની ઈન્વેન્ટરી પણ ઓગસ્ટના અંતે વધી ૩૮-૪૦ દિવસ પહોંચી ગઈ હતી. ટુ વ્હીલર્સના વેચાણમાં ૧૯.૭૦ ટકા વધારો થઈ તે ૧૭,૧૪,૬૧૦ એકમ રહ્યું છે. ૨૦૧૮ બાદ ટુ વ્હીલર્સનો ઓગસ્ટમાં નવો ઊંચો વેચાણ આંક જોવા મળ્યો છે.

દેશના ૧૪ રાજ્યોમાં વરસાદની ૧૩ ટકા જેટલી ખાધની અસર ટ્રેકટર્સના વેચાણ પર પડી છે. જુલાઈની સરખામણીએ ઓગસ્ટમાં ટ્રેકટર્સનું વેચાણ ૨૫ ટકા નીચુ રહ્યુ હોવાનું પણ ફાડાના ડેટા જણાવે છે. સપ્ટેમ્બર, ઓકટોબર તથા નવેમ્બર તહેવારોના આ ત્રણ મહિનામાં વેચાણમાં વધારો જોવા મળવાની ૮૧ ટકાથી વધુ ડીલરો અપેક્ષા રાખી રહ્યા હોવાનું પણ ફાડાના રિપોર્ટમાં વધુમાં જણાવાયુ હતું.

### પાન, મસાલા, માવા છોડવાની કરી ટકોર

# નવસારીમાં વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું અદ્યતન નમો કમલમનું ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં નવસારી જિલ્લા ભાજપાના નવનિર્મિત કાર્યાલય નમો કમલમનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. કાર્યકરોને સંબોધતા વડા પ્રધાને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓની નિષ્ઠા અને સેવાભાવનાને ભારોભાર બિરદાવી હતી.

તેમણે કહ્યું હતું કે આ કાર્યક્રમ માત્ર એક ઇમારતના ઉદ્ઘાટનનો નથી, પરંતુ દિવસ-રાત જોયા વગર અથાક પરિશ્રમ કરી જનતાની સેવા માટે ભેખ લેનારા કાર્યકર્તાઓના સન્માનનો અવસર છે. પ્રચંડ બહુમતી મળવા છતાં અને આખા દેશમાં સૌથી વધુ મતોથી વિજય મેળવવાનો રેકોર્ડ બનાવવા છતાં, ભાજપનો એક પણ નાનકડો કાર્યકર્તા સત્તાના નશામાં ચકચૂર થયો નથી. ભાજપમાં કાર્યકર્તાઓ માટે 'આરામ હરામ હૈ' એ માત્ર નારો નથી, પરંતુ કાર્યકર્તાઓ તેમનાથી બનતા તમામ પ્રયત્નો થકી જનતાની સેવામાં અવિરત



કાર્યરત રહે છે. ભાજપા માટે સત્તા, સંગઠન, પદ, પ્રતિષ્ઠા અને વ્યવસ્થા એ જનસેવાનું માધ્યમ છે. કાર્યકર્તાઓની રાત-દિવસની તપસ્યાના કારણે દેશવાસીઓના અપરંપાર આશીર્વાદ ભાજપાને પ્રાપ્ત થતા રહે છે.

સેવાના કાર્યો ક્યારેય એળે જતા નથી તેવો વિશ્વાસ વ્યક્ત કરતા વડા પ્રધાને તેમના ગુજરાતના મુખ્યપ્રધાન કાળના સ્મરણો વાગોળ્યા હતા. તેમણે કન્યા કેળવણી અભિયાનને યાદ કરતા કહ્યું કે, શરૂઆતના વર્ષોમાં ૪૩ ડિગ્રી કાળઝાળ ગરમીમાં તેઓ ગામડે ગામડે જઈને દીકરીઓની આંગળી પકડીને તેમને શાળાએ લઈ જતા હતા. આજે એ જ જંગલ કે આદિવાસી વિસ્તારની ગરીબ દીકરીઓ મોટી થઈને શિક્ષિત અને પગભર થઈને જ્યારે મળે છે, ત્યારે જીવનનો સૌથી મોટો સંતોષ પ્રાપ્ત થાય છે.

સમાજ હંમેશા સેવાના ઋણને આશીર્વાદ રૂપે ચૂકવે છે અને તેમાંથી રોજ નવા સેવાકાર્યો કરવાની પ્રેરણા મળે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આ કાર્યાલય માત્ર ઇમારત નહિ પરંતુ દુખિયારાઓનો આશ્રય અને અન્યાય સામે આશાનું કિરણ બનશે.

પોતાના સંબોધનમાં વડાપ્રધાને રમૂજ કરતા કરતા પાન-મસાલા, ગુટકા ખાવાની કુટેવને છોડવા કહ્યું હતું. તેમણે કહ્યું કે, અહીં સૌરાષ્ટ્રના ઘણા ભાઈઓ રહે છે, તેમણે નવસારીને માવાની ટેવ આપી છે કે નહીં તે મને ખબર નથી, પરંતુ કેટલાક લોકો 'ભારત માતા કી જય' બોલે છે અને તરત જ પિચકારી મારે છે. પીએમ મોદીએ કેન્સરના નિષ્ણાત તબીબોની ચિંતાનો ઉલ્લેખ કરતા લોકોને માવા અને તમાકુથી મુક્ત થવા હાકલ કરી હતી. ■

# કિંજલ રબારી કેસઃ પાટણના સિનાડ ગામમાં પોલીસ પર હુમલા મામલે ૧૦ની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના સિનાડ ગામે લોકગાયિકા કિંજલ રબારીના અપહરણનો મામલો વકર્યો છે. કિંજલ રબારી તેના પૂર્વ પતિ અશોક ચૌધરી સાથે ગયા બાદ અપહરણની અફવાઓ વચ્ચે વીડિયો અને પત્ર સોશિયસ મીડિયા પર વાયરલ થયા છે, જેમાં તેણે પોતાની મરજીથી પતિ સાથે ગયા હોવાનું કબૂલ્યું હતું. બંને વિદેશ ચાલ્યા ગયાની ચર્ચાઓ વચ્ચે ગામમાં ભારે તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ સ્થિતિ થાળે પાડવા માટે રાધનપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ. વી. ચૌધરી પોતાની ટીમ સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. જોકે, પરિસ્થિતિ કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહેલી પોલીસ ટીમ સાથે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. બોલાચાલી દરમિયાન ઉશ્કેરાયેલા ટોળાએ કાયદો હાથમાં લઈને પોલીસ ટીમ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં રાધનપુરના પીએસઆઈ એચ. વી. ચૌધરીના હાથના ભાગે ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને હુમલામાં સામેલ આરોપીઓની સામે કાર્યવાહી કરતા ૧૦ લોકોની અટકાયત કરી છે.

અટકાયત કરાયેલા લોકોમાં જગદીશભાઈ ઈશ્વરભાઈ રબારી, લખાભાઈ ખોડાભાઈ રબારી, ભરતભાઈ પેથાભાઈ રબારી, લક્ષ્મણભાઈ વિઠ્ઠલભાઈ રબારી, વિરાટ ઉર્ફે ધવલભાઈ મોમાભાઈ રબારી, વિજયભાઈ ઈશ્વરભાઈ મશરૂભાઈ રબારી, કિરણકુમાર શંકરભાઈ બીજલભાઈ રબારી, મોતીભાઈ રણછોડભાઈ લક્ષ્મણભાઈ રબારી, યોગેશભાઈ શંકરભાઈ બીજલભાઈ દેસાઈ, સહારાભાઈ જયમલભાઈ વિજલભાઈ દેસાઈનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પોલીસ પર હુમલો કરનારા બાકીના તમામ હુમલાખોરોને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

સિનાડ ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ સતત નજર રાખી રહી છે. તણાવ વધતા પોલીસે ગામમાં કડક બંદોબસ્ત ગોઠવ્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને એલસીબી અને એસઓજી સહિતનો મોટો પોલીસ કાફલો સિનાડ ગામે ખડકી દેવામાં આવ્યો છે. ■

# અમદાવાદ એરપોર્ટ પરના ચાર કસ્ટમ્સ અધિકારી સસ્પેન્ડ, દાણચોરોને મદદ કરવાનો આરોપ


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર મોડી રાતથી વહેલી સવાર સુધી હાઈ વૉલ્ટેજ ડ્રામા સર્જાયો હતો, જેમાં વિદેશથી આવેલા પેસેન્જરને દાણચોરીની કથિત મદદગારી કરવા બદલ બે કસ્ટમના સુપરિટેન્ડન્ટ અને બે ઇન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરી દેવામાં આવતા સમગ્ર કસ્ટમ વિભાગમાં ફફડાટ અને ચર્ચા જામી હતી. અમદાવાદના એરપોર્ટ ઉપર છેલ્લા ત્રણ વર્ષથી ગાંજાની હેરાફેરી ફોરેન કરન્સી અને સોનાના દાગીનાની દાણચોરી વધી ગઈ હતી અને કસ્ટમ વિભાગે પેસેન્જરોને પકડી ગુના પણ દાખલ કરીને ધરપકડ કરી હોવાના કિસ્સા પણ નોંધાયા હાત. તેમ છતાં ઉચ્ચકક્ષાએ કસ્ટમના અધિકારીઓને શંકા હતી કે એરપોર્ટ ઉપર કેટલાક અધિકારીઓ કસ્ટમ વિભાગના નિયમોનું પાલન કરતા નથી. જેના આધારે કેટલાક પુરાવા કસ્ટમને મળ્યા હતા. ત્યારબાદ એરપોર્ટ કસ્ટમ્સના બે સુપરિટેન્ડન્ટ કુલદીપ પાલિવાલ અને વિનય અરોરા તેમજ બે કસ્ટમ ઇન્સ્પેક્ટર ભરત મલ મીના અને કૌશલ કિશોરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. એરપોર્ટ ઉપર જે હાઇવોલ્ટેજ ડ્રામા થયો તેના સીસીટીવી ફૂટેજ દ્વારા પણ આખી હકીકત જાણી શકાય છે. અમદાવાદ કસ્ટમના ટોચના સૂત્રોનો સંપર્ક કરવામાં આવતા તેમણે અધિકારીઓ સામે સસ્પેન્શનના પગલાં લીધા હોવાનું જણાવીને વધુ માહિતી આપવાનો ઇનકાર કર્યો હતો અને કસ્ટમના અધિકારીઓએ ફરજ દરમિયાન બોડીવોર્ન કેમેરા લગાવ્યા ન હતા તેવું કારણ બતાવ્યું હતું, પરંતુ બોડી વોર્ન કેમેરા નહીં લગાવવાથી અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવે તેવી વાત ગળે ઉતરે તેમ નથી. કસ્ટમના અધિકારીઓનું ચોક્કસપણે માનવું છે કે કેટલાક અધિકારીઓ દાણચોરી કરવામાં પેસેન્જરની મદદગારી કરી રહ્યા હતા. હવે નજીકના દિવસોમાં વધુ કસ્ટમના અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું. અગાઉ પણ એક પેસેન્જર દાણચોરીનું સોનું લઈને બહાર નીકળી ગયો હતો અને એરપોર્ટ સર્કલ પાસે બે પોલીસ કોન્સ્ટેબલ દ્વારા તેનું અપહરણ કરીને લૂંટ ચલાવી હતી. આ પ્રકરણમાં પણ કસ્ટમના અધિકારીઓની મદદ વગર આ પ્રકારે ગોલ્ડ બહાર નીકળવું અશક્ય હોવાનું કસ્ટમ વિભાગ માની રહ્યું છે. ■

# બુલેટ ટ્રેનનું આગામી મે-જૂનમાં ટેસ્ટિંગ શરૂ થશેઃ અશ્વિની વૈષ્ણવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પીએમ મોદી મંગળવારે એક દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા હતા. વડોદરાથી તેમણે કરોડો રૂપિયાના વિકાસકાર્યોની ભેટ આપી હતી. વડા પ્રધાનના સંબોધન પહેલા કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે સંબોધન કર્યું હતું. જેમાં તેમણે બુલેટ ટ્રેનને વિશે મોટી જાહેરાત કરી હતી. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં નમો ૪ વિકસિત ભારત કાર્યક્રમમાં અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે,



ભારતમાં બનેલી બુલેટ ટ્રેન તૈયાર છે. આગામી મે-જૂન, ૨૦૨૭માં ટેસ્ટિંગ માટે પાટા પર ઉતરશે. સુરતથી વાપી વચ્ચેનો પટ્ટો આ વર્ષે ડિસેમ્બર સુધીમાં સંપૂર્ણપણે તૈયાર થઈ જશે. નર્મિાણ કાર્ય પૂર્ણ થયા બાદ આ ટ્રેક પર ૩ મહિના ટ્રાયલ્સ યોજાશે. અશ્વિની વૈષ્ણવે વડોદરાવાસીઓને સંબોધી કહ્યું હતું કે બુલેટ ટ્રેન દોડશે ત્યારે વડોદરાથી મુંબઈનું અંતર માત્ર દોઢ કલાકમાં કાપી શકાશે. આ આધુનિકીકરણ ખાસ કરીને દેશની યુવા પેઢી માટે એક સીમાચિહ્ન સાબિત થશે. આ ઉપરાંત અશ્વિની વૈષ્ણવે ભારતીય રેલવેના આધુનિકીકરણ અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંગે મહત્ત્વપૂર્ણ માહિતી આપતાં જણાવ્યું હતું કે, રેલવેની ઑપરેટિંગ સિસ્ટમ અને રિઝર્વેશન સિસ્ટમથી લઈને જૂની નર્મિાણ પદ્ધતિઓ સુધી દરેક ક્ષેત્રમાં સુધારા અને આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. માલવહન માટે નવાં વેગન તૈયાર કરવામાં આવી રહ્યાં છે અને મીઠાના પરિવહન માટે પણ વિશેષ વેગનની ડિઝાઇન વિકસાવવામાં આવી છે. ■

# કોડીનયુક્ત દવાઓ વેચતી સાત પેઢીને નોટિસ, એકનું લાઈસન્સ જપ્ત, ૮૩ લાખનો માલ સ્થગિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતમાં કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદે ઉપયોગ,અનધિકૃત સંગ્રહ તથા વેચાણ ઉપર નિયંત્રણ લાવવા માટે ગુજરાત રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં બાલાજી ફાર્માનો રૂ. ૮૩ લાખથી વધુનો માલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિવિધ ૭ પેઢીઓને નોટિસ અને એકનો પરવાનો રદ કરવામાં આવ્યો છે. આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ આ સંદર્ભે કહ્યું હતું કે,તંત્ર દ્વારા કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદે સંગ્રહ, અનધિકૃત વેચાણ તથા ગેરઉપયોગ સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓ સામે લાગુ કાયદા અને નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય સરકારે આપેલી વિગતો અનુસાર અમદાવાદ ગ્રામ્ય-ગાંધીનગરમાં બાલાજી ફાર્મા, કલોલમાં હેલ્થ પોઇન્ટ ફાર્મા, ચાંગોદરમાં ફાર્માલિન લાઇફસાયન્સિસ, સાંતેજમાં રેઇન રેમેડીઝ, વિસનગરમાં કેપિટલ ફાર્મા, અમદાવાદમાં એચડીઆરએમ, અમદાવાદમાં જય અંબે ડિસ્ટ્રિબ્યુટર્સ, અમદાવાદમાં કૃષ્ણા ફાર્મા,કઠવાડા, આ તમામ પેઢીઓની તપાસ દરમિયાન કોડીન ઘટક ધરાવતી દવાઓના ખરીદ તથા વેચાણના રેકોર્ડ, બીલો તથા અન્ય સંબંધિત દસ્તાવેજોની ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે અને આ અંગેની આગળની તપાસ ચાલુ છે. આમ, કુલ ૭ પેઢીઓને કારણદર્શક નોટીસ પાઠવી પગલા ભરવામાં આવશે તથા એક પેઢીના પરવાનો કાયમી ધોરણે રદ કરવામાં આવ્યા છે. ■

# વડા પ્રધાને ૩૨,૬૦૬ કરોડથી વધુ કેન્દ્ર અને ૨,૫૯૭ કરોડથી વધુ રાજ્ય સરકારના વિકાસકાર્યોની ભેટ આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવ્યા હતા. અહીં તેમણે વડોદરા અને નવસારી ખાતે ગુજરાતને વિવિધ પ્રોજેક્ટ્ની ભેટ આપી હતી, જેમાં તેમાં ૩૨,૬૦૬ કરોડથી વધુના કેન્દ્ર સરકારના તથા ૨,૫૯૭ કરોડથી વધુના રાજ્ય સરકારના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકારના ૩૨,૬૦૬ કરોડથી વધુના વિકાસકાર્યોમાં એનએચએઆઈના ૧,૮૪૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ સામેલ છે. એનએચએઆઈ હેઠળના પ્રોજેક્ટ્સમાં એનએચ-૪૮ના વડોદરા-સુરત સેક્શનમાં તાપી અને નર્મદા નદી પરના મુખ્ય પુલ સહિતના માળખાંનું ૯૦૭.૩૯ કરોડના ખર્ચે નર્મિાણકાર્ય, કામરેજ-ચલથાણ સેકશનના છ માર્ગીય કેરેજવેનું



૬૮૬.૧૫ કરોડનું કામ તથા એનએચ-૫૩ પર આભવા, મીંઢોળા અને ખજોદ જંકશન ખાતે ગ્રેડ સેપરેટેડ સ્ટ્રક્ચર્સનું ૧૮૭.૧૧ કરોડના ખર્ચે નર્મિાણકાર્યનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, એનએચ-૪૮ પર કંડારી ચોકડી અને લુવારા પાટિયા ખાતે ૫૯.૯૦ કરોડના ખર્ચે નર્મિત છ માર્ગીય ફ્લાયઓવરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે રૂ. ૩૦,૭૦૦ કરોડથી વધુની વિવિધ રેલવે પરિયોજનાઓનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ કર્યું હતાં. આ પ્રસંગે ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોરને રાષ્ટ્રને સમર્પિત કરવાની સાથે સાથે ચાર ફ્રેઈટ ટ્રેનોને લીલી ઝંડી બતાવીને શુભારંભ કરવામાં આવ્યો હતો, જેમાં ટાંડા રોડ-વડોદરા (પ્રતાપનગર) ટ્રેન સેવા પણ સામેલ છે. આ સાથે ન્યૂ સાણંદ (નોર્થ) જંકશન પર આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી ન્યૂ સાણંદ (નોર્થ)થી ન્યૂ મકરપુરા માટે ફ્રેઈટ ટ્રેન સેવાનો લીલી ઝંડી બતાવીને શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારતીય રેલવેની ઓપરેટિંગ સિસ્ટમ, રિઝર્વેશન સિસ્ટમ, જૂના મેન્યુઅલ્સ તથા નર્મિાણ વ્યવસ્થામાં વ્યાપક સુધારા અને આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું કે ભારતીય રેલવેની જરૂરિયાતોને અનુરૂપ નવી ડિઝાઇનના વેગન તૈયાર કરવામાં આવી રહ્યા છે. મીઠા જેવા વિવિધ પ્રકારના માલના પરિવહન માટે ખાસ ડિઝાઇનના વેગન તૈયાર કરવામાં આવી રહ્યા છે, જે વડાપ્રધાનઆત્મનર્ભિર ભારતના સંકલ્પને મજબૂત કરે છે. આ સાથે ગુજરાત સરકારના રૂ. ૨,૫૯૭ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ્સમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગૃહ વિભાગ, પોર્ટ્સ અને ટ્રાન્સપોર્ટ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, શહેરી વિકાસ વિભાગ તથા પાણી પુરવઠા વિભાગ હેઠળના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. ■

# બોગસ દવાઓના મામલે કેમિસ્ટ એસોસિયેશનની બેઠક, ઉત્પાદકો સામે પગલાં લેવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોગસ દવાઓ બજારમાં વેચાતી હોવાના ગંભીર મુદ્દે અમદાવાદ કેમિસ્ટ એસોસિએશન દ્વારા હોલસેલર અને રિટેલરોની બેઠક યોજાઈ હતી. બેઠકમાં આશરે ૨૦૦ હોલસેલર અને ૩૦૦ રિટેલર હાજર રહ્યા હતા. બોગસ દવાઓના કારણે નાના વેપારીઓમાં ઊભી થયેલી ચિંતા દૂર કરવા તેમજ દવાઓની ખરીદીમાં રાખવાની તકેદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત બોગસ દવાઓના ઉત્પાદકો સામે પગલાં લેવાની માગણી કરવામાં આવી હતી.

બેઠકમાં ફેડરેશનના પ્રમુખ જશવંત પટેલે લોકોના સ્વસ્થ્ય સાથે ચેડા થાય નહિ તેની ખાસ તકેદારી રાખવા તાકીદ કરી હતી. તેમણે વેપારીઓને કંપનીના ઓથોરાઇઝ્ડ ડિસ્ટ્રિબ્યુટર પાસેથી જ દવા ખરીદવા અને બિલમાં દર્શાવાયેલા બેચ નંબર સહિતની વિગતોની ચકાસણી કર્યા બાદ જ માલ સ્વીકારવાની તકેદારી રાખવા સૂચના આપી હતી. માત્ર બિલ સાથે ખરીદેલો માલ અસલી જ હોય તે જરૂરી નથી, તેથી દવાની ખરીદીમાં પૂરતી ચકાસણી કરવી જરૂરી હોવાનું જણાવાયું હતું. વધુ ડિસ્કાઉન્ટની લાલચ આપતા લેભાગુ ડિસ્ટ્રિબ્યુટરોથી સાવધાન રહેવાની પણ અપીલ કરાઈ હતી. અમદાવાદ સહિત દેશના વિવિધ રાજ્યોમાં લખનઉથી બોગસ દવાઓ પહોંચાડવામાં આવી હોવાના મામલે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે અમદાવાદના ડિસ્ટ્રિબ્યુટર સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. બેઠકમાં સમગ્ર તપાસ ગુનાના મૂળ સુધી પહોંચે અને બોગસ દવા બનાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી. ■

# આજથી ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસીય ચોમાસુસત્ર શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજથી ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસીય ચોમાસુસત્ર શરૂ થશે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સત્રના કામકાજની રૂપરેખા અને એજન્ડા અંગે ચર્ચા કરવામાં આવી હતી, તે અનુસાર નવ વિધેયક રજૂ કરવામાં આવશે, તેવી માહિતી રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ આપી હતી. આ સત્ર ૯,૧૦ અને ૧૧ સપ્ટેમ્બર તેમ ત્રણ દિવસ માટે રહેશે. કૉંગ્રેસના વિધાનસભ્ય શૈલેષ પરમારે આ અંગે જણાવ્યું હતું કે ખેડૂતોની સમસ્યા, વરસાદની ઘટ, મોંઘવારી, બેરોજગારી જેવી ઘણી સમસ્યાઓથી જનતા પરેશાન છે. આ તમામ વિષયો પર ચર્ચા કરવા માટે વધારે સમયની જરૂર છે. જોકે તેમણે જણાવ્યું હતું કે મર્યાદિત સમય હોવા છતાં કૉંગ્રેસ જનતાના પ્રશ્નોને વાચા આપશે.

# રાજસ્થાનથી ગુજરાતમાં ડ્રગ્સ ઘુસાડવાનો વધુ એક પ્રયાસ નિષ્ફળ, ઓઢવથી યુવક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એનડી ડ્રગ્સની હેરાફેરી સતત વધી રહી છે. પડોશી રાજ્યોમાંથી દારૂ અને ડ્રગ્સ ગુજરાતમાં આવતા હોવાના અને પકાડાતા ઘણા કિસ્સા બહાર આવે છે. વધુ આવા એક કિસ્સામાં એસઓજીની ટીમને સફળતા મળી હતી અને તેમણે ડ્રગ્સ પેડલરને ઝડપી પાડ્યો હતો. અમદાવાદના ઓઢવમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી)ની ટીમે બાતમીના આધારે કાર્યવાહી કરી રૂ. ૪.૮૦ લાખની કિંમતના એમડી ડ્રગ્સ સાથે એક યુવકને ઝડપી લીધો હતો. બનાસકાંઠાના વાવ-થરાદના સચિન ઠાકોર તરીકે તેની ઓળખ થઈ છે. સચિનની પૂછપરછમાં તે બાડમેરના ઓમપ્રકાશ પાસેથી ડ્રગ્સ લાવીને વેચતો હોવાની કેફિયત રજૂ કરી હતી.

પૂર્વ અમદાવાદમાં ડ્રગ્સની હેરાફેરી અને ડ્રગ્સ પેડલરોની મુવમેન્ટ વધતા પોલીસે સમગ્ર વિસ્તારમાં તપાસ શરૂ કરી હતી ત્યારે એસઓજીની ટીમને બાતમી મળી હતી કે ઓઢવ એસ.પી. રિંગ રોડ બ્રિજના છેડે આવેલા માધવ એસ્ટેટના ગેટ પાસે સચિન ઠાકોર એમડી ડ્રગ્સનો જથ્થો લઈને ઊભો છે. પોલીસે સ્થળ પર વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીમાં જણાવ્યા મુજબનો યુવક મળતા પોલીસે તેને પકડી તલાશી લેતા તેની પાસેથી એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. ડ્રગ્સની કિંમત આશરે રૂ. ૪.૮૦ લાખ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે નશીલો જથ્થો કબજે કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સચિન આ એમડી ડ્રગ્સનો જથ્થો રાજસ્થાનના બાડમેર ખાતે રહેતા ઓમપ્રકાશ પાસેથી લાવ્યો હોવાની કબૂલાત કરી છે. જેના પગલે એસઓજીએ હવે ઓમપ્રકાશ સાથે સચિનનો સંપર્ક કેવી રીતે થયો, ડ્રગ્સનો જથ્થો ક્યાંથી મેળવવામાં આવ્યો હતો અને અમદાવાદમાં આ જથ્થો કોને પહોંચાડવાનો હતો તે સહિતના મુદ્દે તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત પોલીસને સચિનના મોબાઇલમાંથી ઘણા ગ્રાહકોની વિગતો પણ મળી છે, જેને આધારે પણ પોલીસે તે દિશામાં તપાસ આદરી છે. સાથોસાથ ડ્રગ્સના આ નેટવર્કમાં અન્ય કેટલાક લોકો સંકળાયેલા છે અને રાજસ્થાનથી અમદાવાદ સુધી ડ્રગ્સની હેરાફેરી કેવી રીતે કરવામાં આવતી હતી, તે અંગે પણ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જેમનાં ઘણા ખુલાસા થાય તેવી સંભાવના છે. ■

# આશા બંધાણીઃ ગુજરાતમાં ફરી ભારે વરસાદની શક્યતા, હવામાન વિભાગે આપ્યા સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરમાં લગભગ દોઢેક મહિનાથી સામાન્ય એવા ઝાંપટા સિવાય વરસાદ વરસ્યો નથી. સૌરાષ્ટ્ર-કચ્છ તેમ જ ઉત્તર અને મધ્ય ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ખેડૂતો વરસાદની પ્રતીક્ષાથી થાકી ગયા છે અને વાવણી નિષ્ફળ જવાનો ભય તેમને સતાવી રહ્યો છે. આ સાથે તંત્ર માટે પણ પીવાના અને સિંચાઈના પાણીનું વ્યવસ્થાપન પડકાર બને તેવી સ્થિતિ છે ત્યારે હવામાન વિભાગે આશા બંધાય તેવા સંકેતો આપ્યા છે.

ગુજરાતના કેટલાક ભાગોમાં પ્રમાણમાં ઓછા વરસાદ પછી, ૧૨ સપ્ટેમ્બરથી રાજ્યમાં ભારે વરસાદ ફરી શરૂ થવાની સંભાવના છે, ભારતીય હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને દરિયાકાંઠાના સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આઈએમડીના હવામાન આગાહી બુલેટિન મુજબ, આગામી સાત દિવસ, ૧૪ સપ્ટેમ્બર સુધી રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ, આઈએમડીએ ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. અમરેલી અને ભાવનગરમાં પણ અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે.

આ સમયગાળા દરમિયાન કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વીજળીના કડાકા અને ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વાવાઝોડા અને હળવોથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે.

૧૪ સપ્ટેમ્બરના રોજ, આઈએમડીએ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં કેટલાક સ્થળોએ હળવા થી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. ■

# ૭૨મો નેશનલ ફિલ્મ અવૉર્ડ્સ સમારોહ ગુજરાતમાં યોજાશેઃ અહેવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈન્ડિયન સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત ગણાતા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ આ વર્ષે ગુજરાતમાં યોજાય તેવી શક્યતા છે. દાયકાઓ જૂની પરંપરા તોડીને આ વખતે ૭૨મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન દિલ્હી બહાર યોજવામાં આવશે અને હવે એવું માનવામાં આવી રહ્યું છે કે આગામી ફિલ્મ પુરસ્કારનું આયોજન ગુજરાતમાં થઈ શકે છે. ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી એટલે એકતાનગર ખાતે ભવ્ય સમારંભની યજમાની ગુજરાત કરી શકે છે. અહેવાલો અનુસાર ૨૨મી સપ્ટેમ્બરે કેવડિયામાં સમારોહ યોજાનાર છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુના હસ્તે ૯૨ કલાકાર-કસબીને આ સન્માન મળશે. રાજ્યના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આશરે દોઢેક કલાકનો સમારોહ યોજાશે. મળતી વિગતો અનુસાર કેવડિયા ખાતે આ સમારોહ યોજવા માટે જિલ્લા સ્તરે બેઠકો અને તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સની જાહેરાત આ વર્ષે જુલાઈ મહિનામાં કરવામાં આવી હતી. આ પુરસ્કારમાં વર્ષ ૨૦૨૪માં રિલીઝ થયેલી ફિલ્મો તથા એના સંબંધિત કલાકારોના અભિનયની પ્રશંસા કરવામાં આવી હતી. આ વખતે આર્ટિકલ ૩૭૦ ફિલ્મને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો, જ્યારે યામી ગૌતમને ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો. બીજી બાજુ એક્ટરની રેસમાં બાજી મારતા મમૂટી અને કાર્તિક આર્યનને સંયુક્ત રીતે બેસ્ટ એક્ટર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય પુરસ્કારમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું પણ ખાસ કનેક્શન છે. ફિલ્મ નર્મિાતા આનંદ એલ. રાયની ડોક્યુમેન્ટરી સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનું પ્રતીકને પણ નોન-ફિચર ફિલ્મની કેટેગરીમાં બેસ્ટ ડિરેક્શનનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. ■